# પ્રબુદ્ધ જીવન

વર્ષ-૫૭ ● અંક -૪ ● એપ્રિલ ૨૦૧૦ ● પાના ૨૮ ● કીમત રૂા. ૧૦

## જિન-વચન

### મનુષ્ય અને ધર્મ

माणुसत्तम्मि आयाओ जो धम्मं सोच्च सद्दहे ।
तपस्वी वीरियं लद्धुं संवुडो निद्धुणे रयं ।।

–उत्तराध्ययन– ३-११

મનુષ્યજન્મ પામેલો જે જીવ ધર્મને સાંભળીને શ્રદ્ધાળુ બને છે તે જીવ પછી તપસ્વી બનીને તથા સંયમી થઈને કર્મમળને ખંખેરી નાખવાનો પુરુષાર્થ કરે છે.

मनुष्य-जन्म को प्राप्त कर जो धर्म को सुनता है, उस में श्रद्धा करता है और उस के अनुसार पुरुषार्थ करता है, वह तपस्वी नये कर्मों को रोकता हुआ कर्मरूपी रज़ को झाड़ता है ।

After attaining human birth, he who listens to and believes in true religion and practises it with penance and self-control, guards himself and gets rid of the dust of accumulated Karmas.

(ડૉ. રમણલાલ ચી. શાહ ગ્રંથિત 'જિન-વચન'માંથી)

## આચમન

### 'જ્યાં રહો ત્યાં મહેકતા રહો'

મોહનદાસને મહાત્મા સુધી પહોંચતા કરવામાં એમની માતાએ શું ભાગ ભજવ્યો ?

ગાંધીને પેદા કરનાર સ્ત્રીએ પણ કંઈક અજબ ભાગ ભજવ્યો હશે જ. ગાંધીને વીલાયત મોકલતાં પહેલાં માતાએ સખત વિરોધ નોંધાવ્યો અને પછીથી ત્રણ મહાવ્રતો લેવરાવ્યા બાદ બતાવેલી મરજીમાં એનાં ઊંડાં મૂળ દેખાય છે. ત્રણ મહાવ્રતો બ્રહ્મચર્ય, માંસ ત્યાગ અને મદીરા ત્યાગના વ્રતો લેવરાવીને જ તેમણે ગાંધીજીના જીવનનો પાયો નાંખ્યો એમ કહી શકાય. ગાંધીજીના શરીરને તેમણે જન્મ આપ્યો તે તો ખરો જ. પણ ગાંધીજીના અધ્યાત્મ શરીરને પણ તેમણે જ જન્મ આપ્યો. તેમણે જે આધ્યાત્મિક બીજો વાવ્યાં તે જ આગળ જતાં ફૂલ્યાં અને ફાલ્યાં છે.

એક વાર મહાદેવભાઈ ગાંધીજીની 'આત્મકથા'ની સંક્ષિપ્ત આવૃત્તિનાં પ્રુફ તપાસતાં બાપુને પૂછે છેઃ 'તમારી માતાના કઠણ વ્રતો : એકાદશી, ચાતુર્માસ, ચાંદ્રાયણ વગેરેની વાત કરી છે, પણ આપે તો શબ્દ Saintliness (પવિત્રતા) વાપર્યો છે. અહીં પવિત્રતા કરતાં તપશ્ચર્યા કહેવા આપ નથી ઈચ્છતા ? તો શબ્દ Austerity ન લખાય ?

બાપુ કહેઃ 'ના, મેં પવિત્રતા શબ્દ હેતુપૂર્વક વાપર્યો છે. તપશ્ચર્યામાં તો બાહ્ય ત્યાગ, સહનશક્તિ અને આડંબર પણ હોઈ શકે; પણ પવિત્રતા એ તો આંતરગુણ છે. મારી માતાના આંતરજીવનનો પડઘો એની તપશ્ચર્યામાં પડતો. મારામાં કશી પવિત્રતા જોતા હો તો તે મારા પોતાની નથી. પણ મારી માતાની છે. મારી માતા ચાળીસ વરસે ગુજરી ગયેલાં એટલે મેં એની ભરજુવાની જોઈ છે. પણ કદી એને ઉછાંછળી કે ટાપટીપવાળી કે કાંઈ પણ શોખ કે આડંબર કરનારી મેં જોઈ નથી. એની પવિત્રતાની જ છાપ હંમેશને માટે મારા ઉપર રહી ગઈ છે.

અમને બાળકોને કાંદાનો બહુ શોખ. વૈષ્ણવ ધર્મમાં કાંદા ન ખવાય, પણ મા સાથે કજીયો કરીએ. મા બાપડી પોતે ન ખાય પણ અમારે માટે જુદા કાંદા રાંધીને અમને ખવડાવે. અને એમ ખવડાવતાં ખવડાવતાં ટીકા કરીને અમારી આદત માતાએ છોડાવી, એ એની શુદ્ધ અહિંસા અને સત્યાગ્રહ હતો. અમારો સિદ્ધાંત ભોગનો હતો, એનો ત્યાગનો હતો. પોતાનો ત્યાગ ન છોડતાં અમારા ભોગને રીઝવતાં. પણ પ્રેમને બળે એ છોડાવી શકી. ત્યારથી હું મારી મા પાસે પ્રેમમય અસહકાર શીખ્યો.

## સર્જન-સૂચિ


| ક્રમ | કૃતિ | કર્તા | પૃષ્ટ |
|---|---|---|---|
| (૧) | મારી માતૃભાષા : મારી ગુજરાતી | ડૉ. ધનવંત શાહ | ૩ |
| (૨) | રામકૃષ્ણ પરમહંસનું દક્ષિણેશ્વરમાં આગમન | ગંભીરસિંહ ગોહિલ | ૬ |
| (૩) | આપણા ભાવ-વિશ્વના કવિ : ટી.એસ.એલિયટ | ડૉ. રણજિત એમ. પટેલ | ૮ |
| (૪) | શ્રીમદ્ ભાગવતને આધારે અવતારવાદની વિભાવના | રબારી રણછોડભાઈ એમ. | ૧૦ |
| (૫) | સામાન્ય લેખન-અશુદ્ધિઓ | શાંતિલાલ ગઢિયા | ૧૧ |
| (૬) | ભગવાન મહાવીર જન્મકલ્યાણક દિવસ નિમિત્તે ડૉ. કુમારપાળ દેસાઈના મુખે મહાવીર કથા | — | ૧૩ |
| (૭) | મહાવીર કથા : પ્રતિભાવ | — | ૧૬ |
| (૮) | જયભિખ્ખુ જીવનધારા-૧૭ | ડૉ. કુમારપાળ દેસાઈ | ૨૦ |
| (૯) | પ્રશ્ન પત્ર | — | ૨૨ |
| (૧૦) | શ્રી જૈન મહાવીર ગીતા : એક દર્શન-૧૭ | પ. પૂ. આચાર્ય શ્રી વાત્સલ્યદીપ | ૨૩ |
| (૧૧) | ધર્મમય વિજ્ઞાન | નેમીચંદ જૈન<br>અનુવાદ : પુષ્પાબેન પરીખ | ૨૫ |
| (૧૨) | જૈન પારિભાષિક શબ્દકોશ | ડૉ. જિતેન્દ્ર બી. શાહ | ૨૬ |
| (૧૩) | સર્જન સ્વાગત | ડૉ. કલા શાહ | ૨૭ |
| (૧૪) | પંથે પંથે પાથેય : પ્રેમનું તેલ | ગીતા જૈન | ૨૮ |


### કમાતાં છોકરાં પબ્લિક ઉપર ન નભે

હરીલાલભાઈની દીકરી મનુબહેન માંદી પડીને સેવાગ્રામ થોડા દિવસ રહી હતી, તો ગાંધીજીએ મનુબહેનના પતિ સુરેન્દ્ર મશરુવાળાને લખ્યુંઃ મારો ધર્મ મનુ ઉપર થયેલું ખર્ચ તમારી પાસેથી લેવાનો છે. મેં કોઈ નોખા હિસાબ તો નથી રાખ્યા. તમને પાલવે તે રકમ મોકલશે એટલે ધર્મ સચવાશે. કમાતાં છોકરાં પબ્લિક ઉપર ન નભે એ જ બરાબર ને ?

હરીલાલભાઈની મોટી દીકરી રામીબહેનના પતિ કુંવરજીભાઈ પારેખને ટી.બી. થયેલો ત્યારે ગાંધીજીએ એમને પોતાની પાસે છએક માસ રાખી સારવાર કરલી, તેઓ જમાઈ હોવા છતાં ગાંધીજીએ તેમના ખર્ચનું બીલ મોકલી આપેલું.

સૌજન્ય : **'સદ્ભાવના-સાધના'**

### 'પ્રબુદ્ધ જીવન'ની ગંગોત્રી


૧. શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા
૧૯૨૯ થી ૧૯૩૨
૨. પ્રબુદ્ધ જૈન
૧૯૩૨ થી ૧૯૩૩
બ્રિટિશ સરકાર સામે ન ઝૂક્યું
એટલે નવા નામે
૩. તરૂણ જૈન
૧૯૩૪ થી ૧૯૩૭
૪. પુનઃ પ્રબુદ્ધ જૈનના નામથી પ્રકાશન
૧૯૩૯-૧૯૫૩
૫. પ્રબુદ્ધ જૈન નવા શીર્ષકે બન્યું 'પ્રબુદ્ધ જીવન'
૧૯૫૩ થી

- શ્રી મુંબઈ જૈન યુવક સંઘના મુખપત્રની ૧૯૨૯ થી, એટલે ૮૧ વર્ષથી અવિરત સફર, પહેલા સાપ્તાહિક, પછી અર્ધમાસિક અને ત્યારબાદ માસિક
- ૨૦૧૦માં 'પ્રબુદ્ધ જીવન'નો ૫૭માં વર્ષમાં પ્રવેશ

**પ્રબુદ્ધ વાચકોને પ્રણામ**


### પૂર્વ તંત્રી મહાશયો


જમનાદાસ અમરચંદ ગાંધી
ચંદ્રકાંત સુતરિયા
રતિલાલ સી. કોઠારી
મણિલાલ મોકમચંદ શાહ
જટુભાઈ મહેતા
પરમાણંદ કુંવરજી કાપડિયા
ચીમનલાલ ચકુભાઈ શાહ
ડૉ. રમણલાલ ચી. શાહ

Regd. With Registrar of Newspaper for India No.RNI 6067/57

● વર્ષ : ૫૭ ● અંક : ૪ ● એપ્રિલ ૨૦૧૦ ● વિક્રમ સંવત ૨૦૬૬ ● વીર સંવત ૨૫૩૬ ● અ. વૈશાખ સુદ –તિથિ-૨ ●

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● વાર્ષિક લવાજમ રૂા.૧૨૫/- ● ●        ● ● છૂટક નકલ રૂા. ૧૦/- ● ●

માનદ તંત્રી : ડૉ. ધનવંત શાહ

## મારી માતૃભાષા : મારી ગુજરાતી

*જે જન્મતાં જ આશિષ હેમચંદ્રના*
*પામી, વિતરાગી જિન સાધુઓએ*
*જેનાં હિંચોળ્યાં મમતાથી પારણાં*
*રસપ્રભા ભાષણથી લહી જે*
*નાચી અભંગ નરસિંહ-મીરાં*
*અખા તણા નાદ ચઢી ઉમંગે*
*આયુષ્મતિ લાડલી પ્રેમ ભટ્ટની*
*દૃઢાયુ ગોવર્ધનથી બની જે*
*અર્ચેલ કાંતે દલપતપુત્રે*
*એ ગુર્જરી ધન્ય બની ઋતુંભરા*
*ગાંધી મુખે વિશ્વમાંગલ્ય યાત્રી.*

**–ઉમાશંકર જોષી**

**આ અંકના સૌજન્યદાતા :**
**શ્રીમતી કલ્પા હસમુખ ડી. શાહ પરિવાર**
**સ્મૃતિ : સ્વ. સંપતબેન દીપચંદ શાહ**

લગભગ છેલ્લા પચ્ચીસ વરસથી 'ગુજરાતી ભાષા' બચાવોની ઝુંબેશ ઘણાં મહાનુભાવોએ ઉપાડી છે, એમાંના કેટલાક 'યસ મિનિસ્ટર'ના નારા સાથે રાજકારણમાં પ્રવેશી ગયા તો કેટલાક ગુજરાતી બચાવોના પોકાર સાથે સામાજિક તખ્તે પ્રતિષ્ઠા પદ ઉપર બેસી ગયા, તો કેટલાંકે આ ઝુંબેશના નામે પોતાના નામનો પ્રચાર કરી દીધો. આ સર્વે ગુજરાતી ભાષા પ્રેમી મહાનુભાવોને એક પ્રશ્ન પૂછવાનું મન થાય કે તમારા સંતાનો અંગ્રેજી માધ્યમમાં કે ગુજરાતી માધ્યમમાં ભણ્યા? ભણે છે? જવાબની કલ્પના સુજ્ઞ વાચક જ કરે. પરંતુ હજી ગુજરાતી ભાષાની ચિંતાનો પ્રશ્ન તો ત્યાં ને ત્યાં જ ઊભો છે.

અલબત્ત, જગતના વિશાળ ફલક ઉપર ઊભા રહેવા માટે અંગ્રેજી ભાષાની જરૂર અવશ્ય છે જ, પરંતુ માતૃભાષાનો છેદ ઉડાડીને તો નહિ જ, એથી તો ગુજરાતી સંસ્કાર અને સંસ્કૃતિનો છેદ ઊડી જશે.

હમણાં ડૉ. ગુણવંત શાહે આ પ્રશ્નની વ્યવસ્થિત રીતે, કારણો સાથે છણાવટ કરી ગુજરાતમાં પ્રચાર ફેરી પણ કાઢી. તો એમની સમાંતરે કેટલાંક મહાનુભાવોએ હાકોટો કાઢ્યો કે, 'અરે ચિંતા શું કરો છો? પાંચ કરોડ ગુજરાતીની આ ગુજરાતી ભાષાને કાંઈ થવાનું નથી, તમ તમારે જલસા કરો અને ચિંતા છોડી દ્યો. ગુજરાતમાં આટઆટલા વર્તમાન પત્રો અને નવા નવા સામયિકો નીકળે છે અને એ હંધાય દોડે છે.'

સસલું જમીનમાં માથું નાંખીને નિશ્ચિંતતાનો ભ્રમ ઓઢીલે એવા

● શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપૉર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪. ટેલિફોનઃ ૨૩૮૨૦૨૯૬
● Website : www.mumbai_jainyuvaksangh.com ● email : shrimjys@gmail.com

આ ભ્રામક આશ્વાસનો છે. આ મહાનુભાવોને પ્રશ્ન પૂછીએ કે ગુજરાત-મહારાષ્ટ્રમાં કેટલી ગુજરાતી માધ્યમની શાળા બંધ થઈ એ ખબર છે? મુંબઈમાં તો બી.એ.,એમ.એ.માં ગુજરાતી વિષય લેનારા વિદ્યાર્થીઓનો તો દુકાળ છે જ. કેટલાં સત્ત્વશીલ સામયિકોનું પ્રકાશન બંધ થયું છે એ વિગતો આપણી પાસે છે? ગુજરાતી નાટકો જોવા ૪૫ની વયની નીચેના કેટલાં પ્રેક્ષકો આવે છે? 'ચિંતા છોડી દયો' આ ભ્રામક ઠાલું આશ્વાસન છે. ગુજરાતી ભાષાની ઈમારત ક્યારેક ઓચિંતિ કકડભૂસ થશે ત્યારે ટેકો ક્યાંથી લાવશો?

આ સામયિક 'પ્રબુદ્ધ જીવન' વરસોથી ખોટમાં ચાલ્યું, પછી એક સમય એના શ્વાસ ગણવાનો વારો આવ્યો ત્યારે આ સંસ્થાએ સમાજને અપીલ કરી અને 'પ્રબુદ્ધ જીવન નિધિ'ની સ્થાપના કરી તેમજ 'સૌજન્યદાતા'ની યોજના સમાજ સામે મૂકી અને કદરદાન વાચકોએ 'પ્રબુદ્ધ જીવન'ના જીવનને સ્વસ્થતા અને દીર્ઘ આયુ માટે ધનરાશિ બક્ષી, પરંતુ એક બળવાન સંસ્થાનો ટેકો છે એટલે 'પ્ર. જી.'નું પ્રસારણ થાય છે, પણ અન્ય એવા કેટલાય સત્ત્વશીલ ગુજરાતી સામયિકો હશે જે આર્થિક મુંઝવણમાં હિજરાતા હશે એમનું શું ભવિષ્ય? એમના આ 'તપ'નું ભવિષ્ય શું? એક તો આર્થિક ભીંસથી માંડ માંડ ગુજરાતી ભાષા અને ગુજરાત પ્રેમને કારણે પોતાનું ગાડું ગબડાવતા હોય એમાં અંગ્રેજી માધ્યમને કારણે નવો ગુજરાતી ભાષી એમાં ઉમેરાય નહિ અને વર્તમાનમાં જે વાચક વર્ગ છે એ કાળને અર્પણ થતા જાય, પછી શું? વર્તમાનમાં આવા કેટલાંય સત્ત્વશીલ સામયિકો ગુજરાતી ભાષાપ્રેમ અને પોતાની 'પ્રતિષ્ઠા'ને કારણે ફરજિયાત જીવી રહ્યાં છે.

'પ્રબુદ્ધ જીવન'નો સત્ત્વશીલ વાચક વર્ગ બહોળો છે. એનો યશ આ સામયિકના પૂર્વ તંત્રીઓને છે. એ મહાનુભાવોએ સમાજના એક આવા વર્ગને એક કેડી પકડાવી દીધી એટલે આજે પણ એ વર્ગ નિયમિત આ સામયિક વાંચે છે, પરંતુ આ વર્ગ પણ કાળને સમર્પિત થતો જશે પછી શું? તો શું પ્રતિષ્ઠા ખાતર આ સામયિકને પ્રગટ કરતા જ રહેવું? તો તો સમાજના ધનનો એ સદ્‌ઉપયોગ નથી જ.

વર્તમાનમાં 'પ્ર. જી.' આ સંસ્થાના આજીવન સભ્યો, પેટ્રનો, ગ્રાહકો અને પૂ. સાધુ-સાધ્વી ભગવંતો તેમ જ ગુજરાતી ભાષાના પ્રતિષ્ઠિત બૌધ્ધિકોને વિના મૂલ્યે નિયમિત અર્પણ કરાય છે. કોઈ પણ જિજ્ઞાસુ 'પ્ર. જી.' માટે વિનંતિ કરે તો લવાજમના કોઈ પણ આગ્રહ વગર અમે એ જિજ્ઞાસુઓને નિયમિત આ 'પ્ર. જી.' અર્પણ કરીએ જ છીએ. અમારો આશય વધુ ને વધુ બૌધ્ધિકો અને જિજ્ઞાસુઓની પાસે આ 'પ્ર. જી.' પહોંચે અને સત્ત્વ-તત્ત્વની સાથે ગુજરાતી ભાષાની પણ અર્ચના થાય-આ ભાવ છે એટલે 'પ્ર. જી.'નો વાચક વર્ગ વધતો જાય છે અને અમને સર્વે વાચકો તરફથી સંતોષ અને આનંદના પ્રતિભાવો નિયમિત મળતા રહે છે. અમારા માટે આ ગૌરવ ઘટના છે, પરંતુ, છતાં, હૃદયને એક ખૂણે ભય તો છે જ કે અંગ્રેજી માધ્યમની નવી પેઢી ભવિષ્યમાં આ સામયિક વાંચશે?

આ 'ભય'ને કેન્દ્રમાં રાખી અમે આ સંસ્થાના આજીવન સભ્યોને એક પ્રશ્નાવલિ મોકલી, જેના અમને ઉત્તરો પણ મળ્યા. આ પ્રશ્નપત્ર આ અંકમાં ૨૨મા પાને અમે આપેલ છે. 'પ્ર.જી.' ના સર્વે વાચકોને અમારી આગ્રહભરી વિનંતિ છે કે અમને આ પ્રશ્નાવલિના ઉત્તરો અવશ્ય આપે. આપ આટલી તસ્દી લો તો એક મહત્ત્વના નિર્ણયના ભાગીદાર બનશો. ઉત્તર આપવો એ આપનો વાચકધર્મ છે.

આ પ્રશ્નોમાં ચાર મુખ્ય પ્રશ્નો આ પ્રમાણે છેઃ

(૩) આપના પરિવારમાં વર્તમાન પેઢી અંગ્રેજી માધ્યમમાં ભણતી હોઈ, ગુજરાતી ભાષી 'પ્રબુદ્ધ જીવન' વાંચે છે? હા-ના.

(૪) આપ ઈચ્છો છો કે 'પ્ર.જી.' અંગ્રેજીમાં પ્રકાશિત થવું જોઈએ? હા-ના.

(૬) વર્તમાન પરિસ્થિતિને કારણે 'પ્ર.જી.' આપના પરિવારમાં ન જ વંચાતું હોય તો એ આપને મોકલાતું બંધ કરીએ? હા-ના.

(૮) કેટલાંક જિજ્ઞાસુ સજ્જનો સાથે ચર્ચા કરતા જાણવા મળ્યું કે વર્તમાન વયસ્કોની એક પૂરી પેઢીએ વરસોથી નિયમિત 'પ્રબુદ્ધ જીવન'નું વાંચન કર્યું છે, પણ કાળક્રમે આ વાચકવર્ગ વિદાય થતો જાય છે, એટલે દશેક વર્ષ પછી આવા સામયિકનું ભવિષ્ય શું? શ્રદ્ધા રાખીને 'પ્ર.જી.'નું પ્રકાશન કરતા જ રહેવું? હા-ના.

અમારા આજીવન સભ્યો પાસેથી ઉપરના ચાર પ્રશ્નોના અત્યાર સુધી ઉત્તર મળ્યા એમાં ૩ માં ના, ૪ માં પણ ના, પરંતુ કેટલાંકનું સૂચન છે કે કેટલાંક લેખો અંગ્રેજીમાં અપાય એ ઈચ્છવા યોગ્ય, ૬ માં પણ બધાંની 'ના' એટલે 'પ્ર.જી.' પરિવારમાં આવવું

## 'પ્રબુદ્ધ જીવન' સૌજન્યદાતા માટે વિનંતિ

૨૦૧૦-૨૦૧૧ના વર્ષ માટે કોઈ પણ એક માસના રૂા. ૨૦,૦૦૦/-નું અનુદાન આપી સૌજન્યદાતા બનવા અમે અમારા 'પ્રબુદ્ધ જીવન'ના સુજ્ઞ વાટકોને વિનંતિ કરીએ છીએ.

જ્ઞાનદાન એ ઉત્તમ અને ચિરંજીવ દાન છે.

પોતાના સ્વજનોનું આવા જ્ઞાન કર્મથી તર્પણ કરવું એ જ સાચી શ્રદ્ધાંજલિ છે, અને ભવ્ય તર્પણ છે. ગુજરાતી ભાષા અને તત્ત્વ વિચારની આ ઉત્તમોત્તમ સેવા છે.

સૌજન્યદાતાનું નામ લખાવવા માટે શ્રી મુંબઈ જૈન યુવક સંઘને ફોન-૦૨૨-૨૩૮૨૦૨૯૬ ઉપર સંપર્ક કરવા વિનંતિ.

આપના હૃદયમાં જન્મેલ ભાવને અમારા વંદન.

**પ્રમુખ, શ્રી મું. જૈન યુવક સંઘ**

તો જોઈએ જ, અને ૮ માં તો બધાંની 'ના' જ. પરંતુ આ 'ના' માં એક મમત્વ છે, જેના વાંચનથી પોતાના જીવનનું ઘડતર થયું હોય, જેના વાંચને જીવનમાં સત્ત્વ અને આનંદની પળો આપી હોય એને 'સંકેલવા'નું તો કોઈ પણ સહૃદયી ન જ કહે. પરંતુ વાસ્તવિકતા શું? શ્રદ્ધા રાખી ક્યાં સુધી આવા સામયિકનું પ્રકાશન કરતા રહેવું? ભોક્તા ન મળે તો કલાનું પ્રયોજન શું? કલાપીએ ગાયું જ હતું કે:-

કલા છે ભોજ્ય મીઠી તે ભોક્તા વિણ કલા નહીં!
કલાવાન કલા સાથે ભોક્તા વિણ મળે નહીં!

ગુજરાતી વાચક વર્ગ ઓછો થતો જાય છે એનું આ પ્રમાણ.

આ પરિસ્થિતિ માટે સર્વ પ્રથમ દોશી છે સાંઠ વરસ પહેલાંના આપણા ગુજરાતના રાજકારણીઓ. અને એમાં મોખરે ઠાકોરભાઈ દેસાઈ અને અંગ્રેજી વિરોધી એમના આદર્શવાદી સાથીઓ. સાંઠ વરસ પહેલાં ગુજરાતમાં એવો કેળવણીનો 'ફતવો' આ ગુજરાતી ભક્તોએ–વિશેષ તો અંગ્રેજ સાથે અંગ્રેજી ભાષાના વિરોધી–બહાર પાડ્યો કે અંગ્રેજી વિષય એસ.એસ.સી.માં મરજિયાત બનાવ્યો એટલું જ નહિ, આઠમા ધોરણથી જ એ.બી.સી. શિખવાડાય. માત્ર ચાર વર્ષ અંગ્રેજીના અભ્યાસના વિદ્યાર્થીને કૉલેજમાં સંપૂર્ણ અંગ્રેજીના માધ્યમના વિદ્યાર્થીઓ પાસે મૂકવાથી આ વિદ્યાર્થીઓ કેટલી મોટી લઘુતાગ્રંથીના રોગી બની ગયા હશે! વાસ્તવિક જીવનના પ્રવાહમાં પોતાના 'કાચા' અંગ્રેજીને કારણે એમને કેટલું વેઠવું પડ્યું હશે? અને એટલે જ આ વર્ગ પોતાના સંતાનો માટે અંગ્રેજી માધ્યમનો આગ્રહ રાખે એમાં અનૌચિત્ય કશું જ નથી.

સાઠ વરસ પહેલાં શિક્ષણમાં અંગ્રેજી ભાષાનું સ્થાન હતું, એની સમાંતરે ગુજરાતીને પણ મહત્ત્વ હતું. એ પેઢીના વયસ્કોને મળો તો એમનું પ્રભુત્વ બન્ને ભાષામાં છે એવો અહેસાસ થાય છે જ.

મુંબઈની એક સ્કૂલ એવી હતી કે જ્યાં ગુજરાતી માધ્યમ સાથે દરેક વરસે એક એક વિષય અંગ્રેજીમાં વધતો જાય. આ શાળાના વિદ્યાર્થીમાં બન્ને ભાષા ઉપર પ્રભુત્વ છે એનો આ લખનારને અનુભવ છે.

અત્યારે તો ગુજરાતી ભાષાની પરિસ્થિતિ લગભગ આવી છે:-

અબે તબૈ કે સોલહ આના, અઠૈ કઠૈ કે બારહ,
ઈકડં તિકડં આઠૈ આના, શું શા પૈસા ચાર.

અત્યારે ગુજરાત સરકાર 'સ્વર્ણિમ્ ગુજરાત'ના નગારા વગાડે છે, અને 'વાંચે ગુજરાત'નું અભિયાન શરુ કર્યું છે. પણ આવતી કાલે પણ 'વાંચે ગુજરાતી ભાષા ગુજરાત' એવું કરવું હોય તો સત્તા સ્થાને બેઠેલા મહાનુભાવો પહેલાં એ નિયમ–કાયદો કરે કે ગુજરાતની પ્રત્યેક સ્કૂલમાં, હા 'પ્રત્યેક' – પહેલી થી એચ.એસ.સી. સુધી એક વિષય ગુજરાતીનો ફરજિયાત હોવો જ જોઈએ. ગુજરાતમાં વસવું હશે, ગુજરાતની ધરતીનું અન્ન આરોગવું હશે તો આ 'ધર્મ' પણ ગુજરાતમાં વસતા સર્વે માનવોએ અપનાવવો પડશે જ. તો જ ભવિષ્યનું ગુજરાત ગુજરાતી વાંચશે.

અને ગુજરાત બહારના ગુજરાતીઓએ તો કવિ ખબરદારની આ કવિતા સાર્થક કરી જ છે:-

જ્યાં જ્યાં વસે એક ગુજરાતી, ત્યાં ત્યાં સદાકાળ ગુજરાત!
જ્યાં જ્યાં બોલાતી ગુજરાતી, ત્યાં ત્યાં ગુર્જરીની મહોલાત!
ગુર્જર વાણી, ગુર્જર લહાણી, ગુર્જર શાણી રીત;
જંગલમાં પણ મંગલ કરતી, ગુર્જર ઉદ્યમ પ્રીત.
ગુર્જર ભરતી ઊછળે છાતી ત્યાં રહે ગરજી ગુર્જર માત;
જ્યાં જ્યાં વસે એક ગુજરાતી, ત્યાં ત્યાં સદાકાળ ગુજરાત.

પ્રેમાનંદે ગુજરાતી ભાષાને સન્માન ન મળે ત્યાં સુધી શિખા ન બાંધવાની પ્રતિજ્ઞા લીધી, કવિ નર્મદે કહ્યું: 'ગુજરાતી ભાષાને માનભર્યું સ્થાન અપાવીશ નહિ ત્યાં સુધી માથે પાઘડી બાંધીશ નહિ, અને કવિ દલપતે ગુજરાતી ભાષાને વ્હાલ કરતા કહ્યું:-

આવ ગિરા ગુજરાતી
તને, અતિ શોભિત હું શણગાર સજાવું;
જાણની પાસ વખાણ કરાવું,
ગુણીજનમાં તુજ કીર્તિ ગજાવું;
ભારત વર્ષ વિષે બીજી ભારતિ
માનવતી તણું માન તજાવું
દેશ વિષે દલપત કહે,
ભભકો તુજ જો ભલીભાત ભજાવું.

વિદ્વાન મિત્ર ડૉ. ગુણવંત શાહે ગુજરાતી ભાષાને ચેતનવંતી રાખવા જે 'અવાજ' ઉઠાવ્યો છે એમાં આપણે બધાં આપણાં સર્જનાત્મક શબ્દો ઉમેરીએ અને આપણે પણ કોઈક એવી જ પ્રતિજ્ઞા લઈએ, અને **ગુજરાતી 'બોલી'ને પહેલાં સાચવીએ. એક ગુજરાતી બીજા ગુજરાતીને મળે ત્યારે ગુજરાતીમાં જ બોલે.** કચ્છી માડુનો દાખલો લ્યો. એક કચ્છીભાઈ તમારી સાથે ગુજરાતીમાં વાત કરતા હશે ત્યારે એ જ સમયે જો કોઈ કચ્છી મહાનુભાવ મળી જાય તો એ બેઉ કચ્છીપ્રેમી કચ્છી બોલીમાં જ વાતો કરે, અને તમે નિરખતા રહી જાવ. આપણે પણ **પૃથ્વી ઉપર ક્યાંય ગુજરાતી મળે તો એની સાથે ગુજરાતીમાં જ બોલીએ અને ગુજરાતી ભાષાનો જ ઉપયોગ કરીએ, અને 'ગુજ્જુ' જેવા અપમાનજનક શબ્દને જાકારો આપીએ.** આટલું કરીએ તો ગુજરાતી ભાષા ઘસાશે નહિ, પણ ચકચકીત બનશે. ગુજરાતી વાણી અને બોલી ગુંજશે તો સદાકાળ ગુજરાતી ગિરા અજર અમર.

સ્વર્ણિમ ગુજરાતના અભિયાનને અભિવંદના અને 'વાંચે ગુજરાત' ભાવને વંદના. જય ગુર્જર ગિરા.

❑ **ધનવંત શાહ**

**'ભગવાન મહાવીરનું બુનિયાદી ચિંતન'**

'પ્રબુદ્ધ જીવન'ના માર્ચ–તીર્થંકર મહાવીર જન્મકલ્યાણક વિશેષાંકમાં ડૉ. જયકુમાર જલજનો લેખ 'ભગવાન મહાવીરનું બુનિયાદી ચિંતન' જે પુસ્તિકામાંથી અમે અવતરણ કર્યું છે એ પુસ્તિકા પ્રાપ્ત કરવા અમોને અનેક વાચકોએ પૃચ્છા કરી છે. આ પુસ્તિકા અંગ્રેજી, હિંદી અને ગુજરાતીમાં હિંદી ગ્રંથ કાર્યાલય, ૯ હીરાબાગ, સી. પી. ટેંક, મુંબઈથી પ્રાપ્ત થશે.

ફોન નં.: 23826739 / 23826739. મો. નં.: 9820896128

# રામકૃષ્ણ પરમહંસનું દક્ષિણેશ્વરમાં આગમન

❑ ગંભીરસિંહ ગોહિલ

રામકૃષ્ણ પરમહંસના જીવન અને કૃતિત્વથી સમસ્ત જગત પ્રભાવિત થયેલું છે. દેશનો છેલ્લા સવા-દોઢ સૈકાનો ઈતિહાસ તેનો સાક્ષી છે. આધ્યાત્મિક, સામાજિક, રાષ્ટ્રીય, સાંસ્કૃતિક એમ અનેક ક્ષેત્રો પર તેમનો પ્રત્યક્ષથી વધુ પરોક્ષ પ્રભાવ પડેલો છે.

મહાપુરુષોના જીવનની ગતિવિધિઓ ન્યારી હોય છે. પરંતુ વાસ્તવિકતાઓ તપાસીએ તો જણાશે કે રામકૃષ્ણના કોલકતા ખાતેના નિવાસે જ તેમને જગત સમક્ષ લાવી મૂક્યા હતા. જો તેમનો નિવાસ તેમના જન્મસ્થળે જ રહ્યો હોત તો પણ તેમની ઉત્કટ પ્રભુપરાયણતા તો પાંગરી જ રહી હોત. પરંતુ જગતને તેમનો લાભ ઘણો જ ઓછો મળ્યો હતો.

રામકૃષ્ણના પિતા ખુદીરામ માણિકરામ ચટ્ટોપાધ્યાયનું મૂળ વતન દેરેગામ બંગાળના હુગલી જિલ્લામાં આવેલું હતું. વિપરીત સંજોગોમાં તેમને તે ગામ છોડવું પડ્યું હતું. બાજુના ગામ કામારપુકુરમાં તેમણે વસવાટ કરેલો જ્યાં ૧૮૩૬માં રામકૃષ્ણનો જન્મ થયેલો. તેમનું મૂળ નામ ગદાધર. સાત વરસની ઉંમરે તેમના પિતાનું અવસાન થયું.

રામકૃષ્ણની જીવનસરિતાને અહીંથી વળાંકો મળવાનું શરૂ થાય છે. તેમના સૌથી મોટા ભાઈ રામકુમારે પૂજા, કર્મકાંડ વગેરેનાં કાર્યોથી કુટુંબનો નિર્વાહ ચલાવવા માંડ્યો. તેમણે વ્યાકરણ, સાહિત્ય, સ્મૃતિશાસ્ત્ર, જ્યોતિષ વગેરેનો અભ્યાસ કર્યો હતો. યોગ્ય ગુરુ પાસે દેવીમંત્ર લઈને તેમણે શક્તિ ઉપાસના પણ કરેલી.

પિતાના મૃત્યુ પછી છ વર્ષે રામકુમારનાં પત્ની પુત્રને જન્મ આપી મૃત્યુ પામ્યાં. ચાર ભાઈ-બહેન, માતા, પુત્ર વગેરેનું પાલન પોષણ કરવાનું મુશ્કેલ જણાતાં રામકુમારે કોલકતા નજીક ઝામાપુકુરમાં પાઠશાળા ખોલી. ધર્મિષ્ઠ, નિસ્પૃહ અને શસ્ત્રોના નિષ્ણાત રામકુમાર ભણાવવા ઉપરાંત સેવાપૂજાનું કામ પણ કરતા.

રામકૃષ્ણ બાળપણથી જ વારંવાર ભાવાવેશમાં આવી જતા. તેમની અદ્‌ભુત સ્મૃતિ, પ્રબળ વિચારશક્તિ, દૃઢ સંકલ્પ બળ, અસીમ સાહસ, વિનોદપ્રિયતા અને કરુણાના પ્રસંગો બનતા રહેતા. સેવાપૂજાનાં કાર્યોમાં મદદ મળે અને તેને સારી કેળવણી મળે તે હેતુથી પાઠશાળા ખોલ્યા પછી બેએક વરસે રામકુમાર ગદાધરને કોલકતા લઈ આવ્યા. ત્યારે તેમની ઉંમર સોળેક વર્ષની હતી.

કોલકતાની પાઠશાળામાં આવ્યા પછી મોટાભાઈની ઈચ્છા પ્રમાણે સેવાપૂજાના કાર્યમાં રામકૃષ્ણ થોડી મદદ કરતા. તે સિવાયના સમયના આસપાસના યજમાન કુટુંબો તેમના મધુર કંઠે ભજન સાંભળવા અને અન્ય નાના કામ માટે બોલાવતા. આથી તેમનો અભ્યાસ ખાસ આગળ વધ્યો નહિ. આથી રામકૃષ્ણને મોટા ભાઈએ ઠપકો આપ્યો. ત્યારે તેમણે સ્પષ્ટ કહી દીધું,'ચોખા-કેળાંનાં સીધાં બાંધવાની વિદ્યા મારે નથી શીખવી; મારે તો એવી વિદ્યા શીખવી છે કે જેનાથી જ્ઞાનનો ઉદય થાય અને મનુષ્ય સાચોસાચ કૃતાર્થ બને!' બીજી બાજુ રામકુમારની આર્થિક સ્થિતિ વધુ કથળતી ચાલી.

આ સમયે કોલકતાના દક્ષિણ ભાગમાં જાનબજાર નામના મહોલ્લામાં રાણી રાસમણિના પરિવારનો નિવાસ હતો. કોલકતાનું આ સુવિખ્યાત જમીનદાર કુટુંબ હતું જેની પાસે અઢળક સંપત્તિ અને પુષ્કળ મિલ્કતો હતી. રાણી રાસમણિના પતિ રાજચંદ્રદાસનું અવસાન થતાં કૌટુંબિક મિલ્કતોનો વહિવટ રાણી ખુદ કરતાં. તેમનામાં વહિવટી કુશળતા ઉપરાંત ઈશ્વરશ્રદ્ધા, તેજસ્વિતા, ગરીબો પ્રત્યેની કરુણા, દાનશીલતા વગેરે અનેક ઉમદા ગુણો હતા.

રાણી રાજમણિને સંતાનમાં માત્ર ચાર દીકરીઓ જ હતી. તેમના પરિવારો પણ સાથે જ રહેતાં. સૌથી નાના જમાઈ મથુરામોહન વિશ્વાસ કાબેલ હતા અને વહિવટમાં રાણીને મદદ કરતા. આથી મિલ્કતો, નોકર ચાકર, નાણાંકીય વ્યવસ્થા, અદાલતી દાવાઓ વગેરેની વ્યવસ્થા તેમની સીધી દેખરેખ હેઠળ ચાલતી.

તીવ્ર ધર્મભાવનાથી રાણીએ સંકલ્પ કરેલો કે કાશીધામે જઈ વિશ્વેશ્વર ભગવાન અને અન્નપૂર્ણા માતાના દર્શન કરવાં અને વિશેષ કરીને પૂજન કરાવવું. આ ધર્મકાર્ય માટે રાણીએ ઘણું ધન એકઠું કરી રાખેલું. આખરે ઈ. ૧૮૪૯માં યાત્રા માટે તેમણે તૈયારીઓ શરૂ કરાવી. રેલવે ત્યારે હતી નહિ. સો જેટલાં નાના મોટા વહાણોમાં પરિવાર, નોકર-ચાકર અને સાધન સામગ્રી સાથે યાત્રા શરુ કરવાનું આયોજન પૂરું કરવામાં આવ્યું.

જાત્રાએ નીકળવાની આગલી રાત્રે જ રાણીને સ્વપ્નમાં દેવીના દર્શન થયાં. દેવીએ રાણીને આદેશ આપ્યો કે કાશી જવાની જરૂર નથી. ભાગીરથી તીરે સારી જગ્યાએ મારી મૂર્તિ સ્થાપીને પૂજા વગેરેનો બંદોબસ્ત કર. હું તે મૂર્તિના માધ્યમથી તારી પાસેથી નિત્યપૂજા ગ્રહણ કરીશ.

ભક્તિપરાયણા રાણીએ દેવીના આદેશથી ધન્યતા અનુભવી. કાશીની યાત્રા તરત અટકાવી દીધી. સંચિત કરેલું ધન આ શુભકાર્યમાં યોજવાનો નિશ્ચય કર્યો. આ માટે ભાગીરથીના તીરે ખરીદાયેલી વિશાળ જમીનનો ઉપયોગ કરવાનો નિર્ણય થયો. પુષ્કળ ધન ખર્ચીને નવ શિખરોથી શોભતું અતિવિશાળ કાલીમંદિર, તેની પાસે બીજાં નાનાં મંદિરો, બગીચાઓ, નિવાસો તથા અન્ય સુવિધાઓનાં બાંધકામો

શરૂ કરવામાં આવ્યાં.

પાંચ-છ વર્ષે પણ આ બધું કાર્ય પૂર્ણ થયેલું ન જણાતાં પોતાની હયાતીમાં જ શુભ ધર્મકાર્ય સંપન્ન કરવાના આગ્રહથી ૧૮૫૫ના મે મહિનાની ૩૧ તારીખે શ્રી જગદંબાની મૂર્તિ પ્રતિષ્ઠા તથા તે માટેની તૈયારીઓ મોટા પાયે શરૂ કરવામાં આવી.

રાણીનો મુખ્ય હેતુ જગદંબાને અન્નભોગ ધરાવવાનો અને વિધિસર પૂજા સતત ચાલતી રહે તેમ કરવાનો હતો. તેમાં સૌથી મોટો અંતરાય હતો રાણીની પછાત જ્ઞાતિનો અને સામાજિક પ્રથાઓનો. રાણીનું કુટુંબ કૈવર્ત એટલે કે માછીમાર જાતિના શૂદ્ર કુળનું હતું.

આ સમયે સામાજિક, ધાર્મિક રૂઢિઓના બંધન ખૂબ સખત હતાં. બ્રાહ્મણો શૂદ્ર જાતિનાં દાન, ભોજન, દક્ષિણા સ્વીકારે નહિ કે તે કુળ દ્વારા જગદંબાને પૂજા-અન્નભોગ ધરાવવા શાસ્ત્ર સંમતિ આપે નહિ. રાણીના કુળગુરુઓએ પણ આવો જ અભિપ્રાય આપ્યો. આથી રાણી નિરાશ થયાં પણ તેમણે પ્રયત્ન છોડ્યા નહિ.

લાંબા સમય સુધી પ્રયત્નો કર્યા પછી કામારપુકુરની પાઠશાળામાંથી શાસ્ત્રમત મળ્યો કે મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા કરતાં પહેલાં આ સંપત્તિનું જો કોઈ બ્રાહ્મણને દાન કરી દેવામાં આવે અને એ જ બ્રાહ્મણ પછી એ મંદિરમાં દેવીની પ્રતિષ્ઠા કરીને અન્નભોગની વ્યવસ્થા કરે તો શાસ્ત્રનો નિયમ પૂરેપૂરો જળવાશે અને ઉચ્ચ વર્ણને પ્રસાદ ગ્રહણ કરવામાં દોષ નડશે નહિ.

રાણીને આવો આશાજનક શાસ્ત્રમત મળતાં પોતાના ગુરુના નામે મંદિરી પ્રતિષ્ઠા કરી દેવસેવાના વ્યવસ્થાના કારભારી તરીકે પોતે રહેવાનો તેમણે સંકલ્પ કર્યો. શાસ્ત્રજ્ઞ બ્રાહ્મણ રામકુમારનો આવો ઉદાર શાસ્ત્રમત તે સમયના સંજોગોમાં હિંમતભરેલો હતો. અન્ય બ્રાહ્મણોએ તેની ટીકા કરી. રાણીના ગુરુઓને પણ શૂદ્ર ગણવા પ્રચાર કર્યો. પરંતુ નિર્દેશ કરાયેલ વ્યવસ્થાને શાસ્ત્ર વિરોધી ગણવાની કોઈની હિંમત ચાલી નહિ.

રાણીએ તૈયાર કરાવેલા મંદિરોમાં રાધાગોવિંદના મંદિરના પૂજારી તો મળી ગયા. પણ કાલી માતાના મંદિરની પૂજા કરે તેવા અધિકારી બ્રાહ્મણ કોઈ મળતા નહોતા. રામકુમાર શૂદ્રના યજમાન તરીકે જતા નહિ. તેથી તેઓ જવાબદારી સ્વીકારે તે શક્ય જણાતું નહોતું. તેમ છતાં તેમણે જ સૂચવેલી વ્યવસ્થા પ્રમાણે આયોજન થયું હોવાથી મૂર્તિપૂજાના મહોત્સવ વખતે પૂજાકાર્ય કરાવી આપવા તથા અન્ય પૂજારી ન મળે ત્યાં સુધી મદદ કરવા તેમને આગ્રહ કરાયો. અંતે તેઓ સંમત થયા.

સમારંભ સુંદર રીતે સંપન્ન થયો. રાણીએ તે માટે મંદિર નિર્માણ સહિત નવ લાખ રૂપિયા જેવી માતબર રકમ ખર્ચી. તે ઉપરાંત દિનાજપુર જિલ્લાનું શાલવાડી પરગણું ૨ લાખ ૨૬ હજાર રૂપિયાના ખર્ચે ખરીદી લઈ દેવસેવા અર્થે તેનું દાનપત્ર લખી આપ્યું.

રાણીના કુટુંબ દ્વારા રામકુમારનું પૂરું માન સચવાતાં તેઓ જીવ્યા ત્યાં સુધી મંદિરના પૂજારીપદે રહ્યા. કેટલોક સમય વીતતાં પોતે રાધાગોવિંદની પૂજા કરે, રામકૃષ્ણ કાલીમાતાની પૂજા કરે અને તેમના ભાણેજ હૃદયરામ સહાયક તરીકે કામ કરે તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી.

રામકૃષ્ણના ભાવોન્મેષના કારણે પૂજામાં અનેક વિઘ્નો આવતાં. પરંતુ રાણી રાસમણિ અને મથુરબાબુને રામકૃષ્ણના ઉચ્ચ ઈશ્વર પ્રણિધાનના એટલા બધા અનુભવો થયા કે તેમના પરના વિશ્વાસમાં વધારો જ થતો ગયો. એટલે સુધી કે રામકૃષ્ણની તમામ સુવિધાઓ તેમના દ્વારા સાચવવામાં આવતી. બે વખત મથુરબાબુએ રામકૃષ્ણને કાશી-પ્રયાગની યાત્રાઓ કરાવી હતી. બીજી યાત્રામાં મથુરા વૃંદાવનનો પણ સમાવેશ થયેલો.

ઈ. સ. ૧૮૫૫માં દક્ષિણેશ્વરમાં મૂર્તિપ્રતિષ્ઠા કરાવ્યા પછી ૧૮૬૧માં રાણી રાસમણિનું અવસાન થયું. ઈ. સ. ૧૮૭૧માં મથુરબાબુ ગયા. વહિવટી વ્યવસ્થાઓ બદલાતી ગઈ. પરંતુ તે દરમ્યાન ગદાધર તરીકે આવેલા રામકૃષ્ણ હવે પરમહંસ બની ચૂક્યા હતા. તેમના દર્શને આવનારાઓનો પ્રવાહ વધતો જતો હતો. છેક ઈ. સ. ૧૮૮૫માં રામકૃષ્ણને છેલ્લી બિમારી આવી ત્યારે સારવારની સુવિધા માટે તેમણે દક્ષિણેશ્વર છોડી શ્યામપુકુર અને પછી વારાહનગર પાસે કાશીપુરના બગીચા તરીકે ઓળખાતા સ્થાને નિવાસ કર્યો. ત્યાં તેમનું ઈ. સ. ૧૮૮૬માં દેહાવસાન થયું. વર્ષો પછી રામકૃષ્ણના શિષ્યોએ બેલુર મઠની સ્થાપના કરી તે પણ એ જ વિસ્તારમાં.

આમ જીવનના છેલ્લા ત્રણ દાયકા દરમ્યાન રામકૃષ્ણ પરમહંસનું જીવન દક્ષિણેશ્વર સાથે અવિનાભાવ સંબંધે સંકળાએલું રહ્યું. દક્ષિણેશ્વરમાં નિવાસના કારણે જગતે રામકૃષ્ણને જાણ્યા અને રામકૃષ્ણના જગતવ્યાપી પ્રભાવ સાથે દક્ષિણેશ્વરને પણ પ્રસિદ્ધિ મળી.

રામકૃષ્ણ પરમહંસે સ્વામી વિવેકાનંદ જેવા શિષ્યો તૈયાર કર્યા. જેમણે જગતભરમાં હિંદુ ધર્મ અને ભારતીય સંસ્કૃતિ અંગેનો સાચો ખ્યાલ રજૂ કર્યો, રામકૃષ્ણ આશ્રમ જેવા માધ્યમથી તેઓએ દેશની ઘણી સેવા કરી. રામકૃષ્ણ પરમહંસના જીવન અને ઉપદેશ પ્રત્યે વિદેશો સુધી જિજ્ઞાસા રહી તેના પરિણામે વિખ્યાત ફ્રેંચ, સાહિત્યકાર અને તત્ત્વજ્ઞ રોમા રોલાંએ તેમનું જીવનચરિત્ર લખ્યું.

✷ ✷ ✷

ડી-૧૪૦, કાળવી બીડ, ભાવનગર-૩૬૪૦૦૨.
ટેલિ. : (૦૨૭૮) ૨૫૬૯૮૯૮
ઈ-મેઈલ : gambhirsihji@yahoo.com

# આપણા ભાવ-વિશ્વના કવિ : ટી. એસ. એલિયટ

❑ ડૉ. રણજિત પટેલ (અનામી)

વડોદરાની મહારાજા સયાજીરાવ યુનિવર્સિટના 'ફેકલ્ટી ઓફ આર્ટ્સ'ના અંગ્રેજી ભાષા-સાહિત્યના નિવૃત્ત પ્રોફેસર અને લંડન યુનિવર્સિટીના ભૂતપૂર્વ બ્રિટીશ કાઉન્સિલ સ્કોલર ડૉ. રજનીકાન્ત એમ. પંચોળીના એક પુસ્તક, 'ટી. એસ. એલિયટની કાવ્યસૃષ્ટિનું ગુજરાત સાહિત્ય અકાદમી (ગાંધીનગર)એ પ્રકાશન કર્યું છે. એ જ અરસામાં ગૂર્જર ગ્રંથ રત્ન કાર્યાલયે, 'ડૉ. પંચોળીના કાવ્યસંગ્રહ 'મનોભૂતિ'નું પણ પ્રકાશન કર્યું છે. 'મનોભૂતિ'ની સંતર્પક વિદ્ગ્ધ સર્જકતાનું અભિવાદન કરતાં આપણા નિત્ય-અભ્યાસી વિવેચક ડૉ. સુભાષ મ. દવેએ લખ્યું છેઃ 'અનુભૂતિઓની પ્રાતિભાસિક અભિગમભરી અભિવ્યક્તિઓ કવિના જીવન દર્શનને તત્ત્વભરી નહીં, મૂર્તતાધારી બનાવે છે, એ 'મનોભૂતિ'ની ઉપલબ્ધિ છે. સને ૩૦:૧૧: ૧૯૨૮માં જન્મેલા ડૉ. પંચોળીનું તા. ૩૧-૫-૨૦૦૩ માં અમેરિકામાં દુઃખદ નિધન થયું છે. અમદાવાદની ગૂજરાત કૉલેજમાં સાડા પાંચ દાયકા પૂર્વે અમો 'એક જ ગુરુના વિદ્યાર્થી'. અહીં તો હું 'ટી.એસ. એલિયટની કાવ્યસૃષ્ટિ સંબંધે બે શબ્દ લખવા માંગું છું.

કૉલેજકાળથી જ ભાઈ રજનીકાન્તને એલિયટની કવિતા માટે આગવું આકર્ષણ હતું. અંગ્રેજી ઓનર્સના વિદ્યાર્થી તરીકે તેમણે પ્રથમ સને ૧૯૪૭માં એલિયટનાં કાવ્યો વાંચવાનું શરૂ કર્યું. એલિયટ તે વખતે અભ્યાસક્રમમાં નહીં પણ સહાધ્યાયીઓ શ્રી હેમકુમાર મિસ્ત્રી, રમેશ દવે, રમણિક જાની, કનુ જાની અને ક્વચિત જ મંડળીમાં ભળતા કવિ શ્રી રમણિક અરાલવાળા-આ સૌ મિત્રો ભેગા મળીને એલિયટની કવિતાનું સમૂહવાંચન કરતા ને યથાશક્તિમતિ અર્થ બેસાડતા. એલિયટનો જન્મ સને ૧૮૮૮ અને અવસાન-સાલ ૧૯૬૫. કવિના અવસાન બાદ ભાઈ પંચોળીએ એમનાં કાવ્યોનો અનુવાદ કરવાનું શરૂ કર્યું અને 'ધ હોલોમેન' સને ૧૯૬૫માં સંસ્કૃતિમાં પ્રગટ થયું. સને ૧૯૬૬માં કવિશ્રી ઉમાશંકર જોષી અને પ્રા. સંતપ્રસાદ ભટ્ટના સાન્નિધ્યમાં 'ઉષર ધરા' વાંચેલું ને પ્રસન્નચિત્તે કવિશ્રી ઉમાશંકરભાઈ જોષીએ 'સંસ્કૃતિ' માટે સ્વીકારેલું. એ પછી તો ઠેઠ સુધી કવિ એલિયટે ડૉ. પંચોળીના ચિત્તનો કબજો સર કરેલો...પરિણામે કવિ 'ટી. એસ. એલિયટ'ની કાવ્યસૃષ્ટિ' સંબંધે મારો પ્રતિભાવ જાણવા વિનતી કરી તો મેં એમને એક જ વાક્યમાં કહ્યું કે 'આમાં તો મને આપણા ભાવવિશ્વનો ધબકાર સંભળાય છે.' આપણા ભાવ-વિશ્વથી મને ભારતીય તત્ત્વજ્ઞાન અને આપણી ઉપનિષદ-નિર્ભર આધ્યાત્મિક પરંપરા અભિપ્રેત છે. બૃહદારણ્યક ઉપનિષદમાં એક મજાની સંકેતકથા છે. એકવાર દેવ, દાનવ ને માનવ ઉપદેશ લેવા કાજે પ્રજાપતિ પાસે પહોંચ્યા. પ્રજાપતિએ ત્રણેયને ઉપદેશમાં એક જ શબ્દ આપ્યો- 'દ.આ.દ' શબ્દ પણ નથી, કેવળ એક જ અક્ષર જ છે, પણ દેવ, દાનવ અને માનવ પોત-પોતાની પ્રકૃતિ અને પોત પોતાના જીવનભરના અનુભવ પરથી જે સાર તારવ્યો તે કેટલો બધો ઉચિત છે. 'દ' અક્ષરનો અર્થ દેવો 'દમન કરો' સમજ્યા કારણ કે કામ ને ભોગવિલાસ એમના લોહીમાં, ક્રોધી અને ક્રૂર દાનવો દયા કરો' સમજ્યા કારણ કે એ એમની પ્રકૃતિ હતી અને લોભી માનવો સમજ્યા-'દાન કરો' અક્ષર તો એક જ હતો પણ દેવો-દાનવો ને માનવોએ એનો જે અર્થ કર્યો તે એમની પ્રકૃતિના વ્યાવર્તક લક્ષણ જેવો હતો...આમ પ્રકૃતિમાં આવાં પ્રતીકો તો અનેક પડ્યાં છે, જેને જડ્યાં છે અને એને યોગ્ય સ્થળે મઢતાં આવડ્યું છે એવા સર્જકો ધન્ય બની ગયા છે. કવિ એલિયટત તો તત્ત્વજ્ઞાનના વિદ્યાર્થી હતા. ભારતીય તત્ત્વપરંપરાથી એ અનભિજ્ઞ કે અળગા શી રીતે રહી શકે ? એમણે એમના મહાકાવ્યના ગજાના 'વેસ્ટ લેન્ડ'- 'ઉષરધરા'માં બૃહદારણ્યક ઉપનિષદની આ સંકેતકથાનો સમુચિત ઉપયોગ કરી લીધો છે. દા. ત.: 'દ'-દત્ત.

'કોઈને દીધું કદી છે કાંઈ, ભાઈ ?
હૈયે ઉમળકો ધારીને કીધું સમર્પણ ?
જિંદગી આખીનું ડહાપણ, ના ભલે કહેતું રહે
ઉષ્માભર્યા હૈયે સમર્પી દીધ,
પળ એકમાં જે જિંદગી આખી રળ્યો ?
અસ્તિત્વ રહ્યું છે આ ટકી તેથી જ તો
ના દાન આપ્યાથી લખીને વીલમાં
કબ્રની તક્તી પરે ના કોતરાવ્યા નામથી
કરોળિયા જાળાં કરે છે તે પરે-
વીલ કરી ગ્યા સીલ મારી
સોલિસિટર ચશ્માં ચડાવી વાંચતા
આપવાનું કેટલું કોને કશું ?

આ દાનની વાતમાં કવિએ જે એક પંક્તિ લખી છે તેના પર સમાજ ને ધર્મ ટકી રહ્યાં છેઃ 'અસ્તિત્વ રહ્યું છે આ ટકી તેથી જ તો.' વિશ્વભરના પ્રત્યેક ધર્મમાં દાન, ખેરાતનું મહત્ત્વ ગવાયું છે. દાનનો મહિમા જગતના સર્વ જીવોને સમજાય તો આ સામ્રાજ્યવાદ, આ મૂડીવાદ, આ સામ્યવાદ, આ સમાજવાદ-જેવું કંઈ જ ન રહે. 'સર્વે જનાઃ સુખિનો ભવન્તુ'ની વિશ્વકારુણ્યભાવના આ દાનભાવનામાં સમાયેલી છે. આજે જૂનો, વરવો સામ્રાજ્યવાદ પાછો નવે સ્વરૂપે જીવતો થતો જાય છે...ગલાગલમત્સ્યન્યાયે મોટાં રાષ્ટ્રમત્સ્યો ન્હાનાં માછલાંને ઓહિયાં કરી જતાં દેખાય છે. હાથે કંકણ ને અરીસામાં

શું જોવું? અફઘાનિસ્તાન, ઈરાકની ઘટના તાજી જ છે. ને ઈરાન પર ભય તોળાઈ રહ્યો છે. આવા સંજોગોમાં વૃત્તિઓ પર દમન કરવાની વાત કેટલી બધી સમયોચિત છે? અને માનવ–માનવ વચ્ચે, રાષ્ટ્ર–રાષ્ટ્ર વચ્ચે દયાભાવ જાગે, ઈર્ષ્યા–અસૂયા ને વૈરવૃત્તિને બદલે કરુણા, સમભાવ ને અનુકંપાની સરવાણી પ્રગટે તો પ્રજાપંખીઓનો વિશ્વ–નીડ એક કલ્પના ન રહેતાં નક્કર વાસ્તવિકતા બની રહે. ભારતીય તત્ત્વજ્ઞાનને સર્જકતાની આવી ટોચ પર મૂકવામાં કવિ પ્રતિભાનો વિજય–ટંકાર છે.

ઉપનિષદની જેમ, 'ઉષર ધરા' (વેસ્ટ લેન્ડ) અને 'જીવનનું મૂળ'માં, બબ્બેવાર તે ભગવાન બુદ્ધને યાદ કરે છે. 'ઉષર ધરા'માં કહે છેઃ–

'હું અહીં લપસી પડ્યો છું,
પાપના પંકે ભરેલા ગર્તમાં.
બુદ્ધ કહે છેઃ–
'ખેવના જો શાંતિની–
તો આગમાં હોમો, જલાવો
માંસને, આ દેહને, આ રક્તને
આ કામ, મત્સર, મોહને
આગમાં હોમો.'

પણ કવિને દેહ દમનની અંતિમ કોટીની સ્થિતિનો પણ ખ્યલ છે. Beating of the Flesh is the raising of the soul' એ ઉગ્ર તપસ્યાની વચ્ચે પેલા ગાયકવૃંદનું ગાન પણ કામણ કરે છેઃ–

'તંગ તાર તૂટી જાશે, મનવા!
શિથિલ તારથી ગજ ના વાગે
નવ ગીત–સૂર રેલાશે...મનવા!
સમ પર તાર તણાતાં, મનવા!
સૂર–સરિત રેલાશે...મનવા!

એટલે કવિ કહે છેઃ–

'આ ભવરણ અંધાર અટવીમાં
માર્ગ મધ્યમ રાખવો વચ્ચે જ રહેવું.
નહીં તો જશો નીચે પડેલી ખાઈમાં.'

'જીવનનું મૂળ'માં અને 'ત્રણ ખડક'માં પણ કવિએ ગીતાને અને ભગવાન કૃષ્ણને યાદ કર્યા છેઃ–

'યદા યદા હિ ધર્મસ્ય ગ્લાનિર્ભવતિ
કોઈપણ દેશે–
યાદ કરો તે પાઠઃ
કર્મ તમારો અધિકાર છે
મા ફલેષુ કદાચન

પ્રભુ દયામાં રાખો શ્રદ્ધા' અને 'કુરુક્ષેત્રે' બોધ વાક્યો જે કહ્યાં તે ગૂઢ છેઃ–

કૃષ્ણને અભિપ્રેતઃ
તેનો અર્થ કઈ આવો હશે?
ભાવિ પુરાણું ગીત છે,
સકલ પદ્મની પાંખડી
પેઢી હજી જે કાળ ગર્ભે છે સૂતા
તે આવશે–
ને ફરી મહાભારત થશે.'

સને ૧૯૧૪–૧૯૧૮ અને સને ૧૯૩૯–૧૯૪૫માં થયેલાં બે વિશ્વયુદ્ધો મહાભારત કરતાં ઓછાં ક્રૂર, ઓછાં અમાનવીય અને ઓછાં ભયંકર નહોતાં..એની કેટલીક કવિતાઓમાં આ બે વિશ્વયુદ્ધોની છાયા પણ પડેલી છે. આ બે વિશ્વયુદ્ધો મહાભારતના સંસ્કાર જગવે તે સાવ સ્વાભાવિક છે. યુદ્ધની વિભિષિકા સમાજ, ધર્મ, ન્યાયનીતિને વિશીર્ણ કરી નાખે છે ને માનવજાતિને એ પછી ટકી રહેવા માટે નિજી સંસ્કૃતિનાં મૂળ સુધી ગયા વિના છૂટકો નથી.

કવિ એલિયટની કવિતા માટે શ્રી નિરંજન ભગતે અતિ સંક્ષેપમાં ઘણું બધું કહી દીધું છે. 'ટી. એસ. એલિયટની કવિતા અર્વાચીન યુગમાં પ્રભુવિહીન વિશ્વમાં આત્મ વિહીન મનુષ્ય અને એની મૂલ્યવિહીન સંસ્કૃતિના સંદર્ભમાં પ્રેમ, શ્રદ્ધા અને ધર્મની અનિવાર્યતાની કવિતા છે.'

ડૉ. રજનીકાન્ત પંચોળી, એપ્રિલ–૨૦૦૩માં અમેરિકા જતા પહેલાં મને મળવા આવેલા ને જતાં જતાં કહેઃ 'અનામીજી' હવે ૨૦૦૩ના જૂનના પ્રથમ અઠવાડિયામાં હું તમને મળવા આવીશ' પણ વિધિની વક્રતા કેવી કે તા. ૩૧–૫–૨૦૦૩ના રોજ અમેરિકામાં એમનું દુઃખદ અવસાન થયું. અંજલિરૂપે આ કાવ્યઃ–

'ખડતલ સ્કંધે કાબૂલી–થેલો
થેલામાં અ–ક્ષર સંપદ્
પધારતા'તા પંચોળીજી–
મિલન–સ્વાદ શું કૂટિયું-મધ!
ચારુ સ્મિત ને મિત મધુવાણી
માહિતીની મબલખ ખાણ!
સ્વાભાવિકની શું સુંદરતા!
નિજ ગૌરવથી સાવ અજાણ.
ટી. એસ. એલિયટ રગરગ–વ્યાપી
ગૂર્જર–આંગ્લ, કવિતને માપી
સવ્ય સાચી શું કરતા તોલ
વિવેચના રજની અણમોલ.
ગયો સદા રજની પંચોળી
સંસ્મૃતિ અન્તર ખાતું કોળી.

✷ ✷ ✷

રસિકભાઈ રણજિતભાઈ પટેલ,
C/12, નવદીપ એપાર્ટમેન્ટ, સારથિ બંગલોની સામે, A-1, સ્કૂલ પાસે, મેમનગર, અમદાવાદ-૩૮૦૦૫૨. મોબાઈલ : ૯૮૯૮૧૬૯૦૬૯.

# શ્રીમદ્ ભાગવતને આધારે અવતારવાદની વિભાવના

❑ રબારી રણછોડભાઈ એ.

**અવતાર શબ્દની વ્યાખ્યા :–**

અવતાર એ વૈદિક ધર્મમાં દુઃખી જીવોની અને સંતોની રક્ષા માટે તથા દુષ્ટોના વિનાશ માટે હોય છે. ભારતીય સંસ્કૃતિનો એક પાયાનો સિદ્ધાંત અવતાર છે. એ જ રીતે કર્મ અને પુનર્જન્મનો સિદ્ધાંત પણ એમાં સમાવિષ્ટ થાય છે.

અહીં અવતાર શબ્દની વિભાવના આપવાનો પ્રયત્ન કર્યો છે. મુખ્યત્વે અવતાર શબ્દ अव्+तृ+अ ને ધञ् (अ) પ્રત્યય લગાડવાથી अव्+तृ+अ = अवतार બન્યો છે. સામાન્ય રીતે તેનો અર્થ 'નીચે ઉતરવું' એવો થાય છે.

**પાણિનિ :–**

પાણિનિના અષ્ટાધ્યાયીમાં એક સૂત્ર જોવા મળે છે च्अवेतृस्त्रोर्धञ (૩ ૩ ૧ ૨૦) સિદ્ધાંત કૌમુદીમાં આ માટેના અપાયેલા ઉદાહરણમાં 'अवतरि: कूपादे' ? એવા નિર્દેશ જોવા મળે છે. આ જોતાં અવતારનો અર્થ કુવામાં ઊતરવું એવો થાય. આથી એટલું તો ચોક્કસ કહી શકાય કે અવતારમાં ઉપરથી નીચે ઊતરવાનો અર્થ સમાયેલો છે. આ ઉપરાંત સંસ્કૃત સાહિત્યમાં પણ આ શબ્દના અન્ય અર્થો જેવા કે પાર કરવું, તરવું, શરીર ધારણ કરવું, જન્મ ગ્રહણ કરવો. પ્રતિકૃતિ, નકલ, પ્રાદુર્ભાવ, આવિર્ભાવ અને એક અંશે ઊત્પન્ન થવું ઈત્યાદિ થાય છે. શ્રી નગેન્દ્રનાથ પોતાના વિશ્વકોશમાં પણ આ પ્રમાણે જ અર્થ બતાવે છે કે (હિન્દી વિશ્વકોષ પાના નં. ૧૭૯).

**વૈદિક સાહિત્યમાં અવતાર શબ્દનો પ્રયોગ :–**

તેમાં સ્પષ્ટ નિર્દેશ મળતો નથી પણ અવતાર શબ્દની માફક એક અવતાર શબ્દ છે. આનો અર્થ પણ નીચે ઊતરવું કે ઊધ્ય પામવું એ રીતનો છે. પણ પરમાત્માના આવિર્ભાવ માટે અવતાર શબ્દ વપરાતો નથી. અવતારનો જ પ્રયોગ મળે છે. આ ઉપરાંત યજુર્વેદ (૩૧.૧૯) अजायमानो बहुधा विजायते। પરમાત્મા અજ હોવા છતાં અનેક રૂપે જન્મે છે તો ઋગ્વેદ (૬.૪૭.૧૮)માં इन्द्रो मायाभि: पुरुरुप ईयते। ઈન્દ્ર પરમાત્મા માયા વડે અનેક રૂપે પ્રતીત થાય છે જેવાના ઉલ્લેખો પ્રાપ્ત થાય છે. ટૂંકમાં અહીં શ્રુતિઓ વડે સિદ્ધ થાય છે કે અવતાર એટલે નામ અને રૂપમાં પ્રભુનું અવતરણ.

**ભગવદ્ ગીતામાં અવતાર વાદનું સૈધ્યાન્તિક રૂપ મળે છે જેમકે :–**

परित्राणाय साधुनां विनाशाय च दुष्कृताम् ।
धर्मसंस्थापनार्थाय संभवामि युगे युगे ।। (૪-૮)

એજ રીતે ગીતા ૪.૫ થી ૬માં પરંપરાગત યોનિની ચર્ચા કરતાં પ્રાચીન કે તત્કાલીન જન્મસંબંધી પ્રસંગોના ક્રમમાં ગીતા ઉક્ત અવતાર વાદનો પ્રારંભ થાય છે बहुनि मे व्यतितानिच।

**ભગવદ્ પુરાણ :–**

ભાગવત પુરાણ વડે આ વિષયના સંબંધમાં આમ જણાવેલ છે च्भावयत्वेष सत्वेन लोकान्यौ लोकभावन:। (૧૨ ૩૪) અર્થાત્ સમસ્ત લોકભુવનોની રચના કરીને દેવતા, પશુ, પક્ષી, મનુષ્ય વગેરે જાતિઓમાં ૨૦ (વીસ) અવતારોનું નિરપુણ પ્રાપ્ત થાય છે પરંતુ આમાંના માત્ર ૧૦ (દશ) કે ૧૨ (બાર) નામ પ્રચલિત છે.

ભાગવતમાં પ્રચલિત અવતારોના વર્ગીકરણમાં સ્થાનગત અને કાલગત અવતારના નિરુપણ બાદ કાર્યગત અવતારકાર્યની દૃષ્ટિથી પડેલા વિભિન્ન રૂપો જોતા તેના (૧) પૂર્ણાવતાર (૨) અંશાવતાર (૩) કલાવતાર (૪) વિભુતિઅવતાર (૫) આવેશાવતાર જેવા પ્રકાર પડે છે.

નૃસિંહ તથા વામન રૂપની રીતે ઉત્ક્રાંતિ આવતી ગઈ. શ્રીમદ્ ભાગવતના મતે ઋગ્વેદ તથા યજુર્વેદમાં આવેલા પુરુષ સૃષ્ટિના નારાયણ જ પ્રથમ અવતાર તરીકે મનાયા છે. આ રીતે ભાગવતકારે વૈદિક માન્યતાને આધારે જ અવતારવાદનું વ્યાપક રૂપ પ્રસ્તુત કર્યું છે. ભાગવત ૧-૩-૫માં જે નારાયણ પુરુષને અવતારોનો અક્ષય કોશ કહ્યો છે તેમ માનવામાં આવે છે.

**અવતારનું સ્વરૂપ :–**

ભગવાનનું સ્વાભાવિક પારમાર્થિક સ્વરૂપ નિરાકાર, નિર્વિકાર અને એકરૂપ છે. છતાં ભગવાન અનંત બ્રહ્માંડ ઉત્પાદનીય, અનિર્વચનીય, મહાશક્તિના યોગથી સગુણ, સાકાર તથા અનેક રૂપમાં પ્રતીત થાય છે. આ વાત પરમાત્મા એ જ રહેવા છતાં અનેક રૂપે જન્મે છે. આ રીતે નિર્ગુણ, નિરાકાર પરમાત્મા માયા વડે સગુણ બની નામરૂપ ધારણ કરે છે. આને જ પરમાત્માનો અવતાર કહેવાય છે.

**શ્રીમદ્ ભાગવતમાં નિરૂપિત અવતારોની મિમાંસા :–**

શ્રીમદ્ ભાગવતમાં અવતારોની સંખ્યા પરત્વે ભેદ દૃષ્ટિગોચર થાય છે. અહીં કોઈ જગ્યાએ નવ, ચૌદ, વીસ, બાવીસ કે ચોવીસ એ રીતની અવતાર સંખ્યા બતાવવામાં આવી છે તો એ સાથે સાથે હરિના અસંખ્ય અવતાર હોવાનું પણ કહ્યું છે.

શ્રી ભગવતમાં નીચે પ્રમાણે અવતારોનો ઉલ્લેખ મળે છે. પ્રથમ સ્કંધના ત્રીજા અધ્યાયમાં શ્લોક ૧થી ૨૫માં બાવીસ અવતરોનો ઉલ્લેખ છે. બીજા સ્કંધના સાતમા અધ્યાયના આરંભથી ૩૮માં શ્લોક સુધી ભગવાનના ૨૪ અવતારોનું વર્ણન પ્રાપ્ત થાય છે. સ્કંધ ૧૦, અધ્યાય ૪૦ના શ્લોક ૧૭ થી ૨૨માં ૧૪ અવતારોનું નિરુપણ જોવા મળે છે.

આ રીતે ભાગવતમાં મુખ્યત્વે સૃષ્ટિથી માંડીને વૈયક્તિક અવતાર સુધી ભગવાનના ત્રણ રૂપ દૃષ્ટિગોચર થાય છે. પહેલું પુરુષ રૂપ છે જે રૂપમાં તેઓ સૃષ્ટિની અંદર બહાર સર્વત્ર વ્યાપ્ત છે. બીજું સત્ત્વ, રજસ્ અને તમસ્થી યુક્ત ત્રિગુણાત્મીક રૂપ છે જે બ્રહ્મા, વિષ્ણુ અને મહેશના રૂપમાં અનુકર્તા, પાલન અને સંહારનું કાર્ય કરે છે તથા ભગવાનનું ત્રીજું વ્યક્તિગત રૂપ જેમાં લોકરંજન અને લોક રક્ષણાર્થે લીલાત્મક રૂપ ધારણ કરે છે. अवतारा हि संरत्येया हरे: सत्त्वनिद्ये:

દ્વિજાઃ। ભાગવત (૧, ૩, ૨૬).

**સારાંશ :–**

શ્રીમદ્ ભાગવતમાં નિરુપિત અવતારની મિમાંસા કેટલાક ધર્મોને બાદ કરતાં મોટા ભાગના લોકોએ સ્વીકારી છે. અહીં અવતારનું એક વિશાળ અને એક વિશિષ્ટ ફલક જોવા મળે છે. ભારતીય સંસ્કૃતિનું મૂળ સિદ્ધાંત બની રહે છે. જેના મૂળ ખૂબ જ ઊંડા અને વિજ્ઞાન સાથે સંબંધ ધરાવે છે. ઉડીને આંખે વળગે એવી બાબતો એ છે કે અન્ય ધર્મોના અન્ય ધર્મની વિભૂતિઓને આ અવતારોમાં સમાવિષ્ટ કરી એક ઉમદા સર્વધર્મ સમભાવની ભાવનાના દર્શન કરાવી શકાય છે. ભાગવતમાં અવતારોના નામ અને સંખ્યા પરત્વે અલગ અલગ સ્થળે ભેદ દૃષ્ટિગોચર થાય છે. જે ભાગવત પુરાણની વ્યાસ શૈલીના દર્શન કરાવે છે જેની અંદર ઉમેરણો થયા હોય એવો સ્પષ્ટ ખ્યાલ આવે છે. જે દોષ પણ માની શકાય છતાં પણ ઉપરોક્ત અવતારની અનેક વિશેષતાઓને કારણ આ ગ્રંથ અખિલાઈ પૂર્ણ બનવા પામ્યો છે. ✶ ✶ ✶

અધ્યાપક : સંસ્કૃત વિભાગ, આર. આર. લાલન કૉલેજ, ભુજ (કચ્છ)

# સામાન્ય લેખન–અશુદ્ધિઓ

❑ શાંતિલાલ ગઢિયા

દરેકને પોતાની માતૃભાષા મા જેટલી વહાલી હોય છે. માતાની આંતરબાહ્ય સુચિતાને આપણે સહેજ પણ આંચ આવવા દેતા નથી, તો પછી માતૃભાષાની અશુદ્ધિ શા માટે ચલાવી લેવાય? 'પ્રબુદ્ધ જીવન'ના લગભગ તમામ વાચકોની માતૃભાષા ગુજરાતી હશે એવું ગૃહીત ધરીને પ્રસ્તુત લેખ તેમને કેટલીક લેખન– અશુદ્ધિઓનો પરિચય કરાવે છે.

ઈ. એફ. શુમાખરનું એક પુસ્તક છેઃ સ્મોલ ઈઝ બ્યુટીફુલ (નાનું છતાં રળિયામણું). શિર્ષક સ્વયં રળિયામણું છે, પણ તેમાં નિહિત સત્ય સર્વત્ર સરખું લાગુ પડતું નથી. દા. ત. આપણાથી લખતી વખતે થતી ભૂલો નાની હોય છે, સાધારણ દેખાતી હોય છે, પણ વસ્તુતઃ ગંભીર હોય છે. ભૂલો નાની હોય તેથી શું થઈ ગયું? ભૂલો એટલે ભૂલો. થોડીક સાવચેતી રાખીએ તો આ ભૂલોથી બચી શકાય છે. કેટલાંક ઉદાહરણોઃ

(૧) લબ્ધપ્રતિષ્ઠિત સાહિત્યકાર–તેમાં પ્રથમ શબ્દપ્રયોગ ખોટો છે. 'લબ્ધપ્રતિષ્ઠ' સાચું છે. 'લબ્ધ' અને 'પ્રતિષ્ઠા' બે શબ્દોથી બનેલો સમાસ 'સાહિત્યકાર'નું વિશેષણ બને છે. હવે 'લબ્ધ' વિશેષણ છે, પછી બીજું પદ પણ વિશેષણ રાખીએ (પ્રતિષ્ઠિત), તો બેવડાપણાનો દોષ થાય. તેથી મૂળ શબ્દ 'પ્રતિષ્ઠા' રાખતાં 'લબ્ધપ્રતિષ્ઠા' બનશે. હવે આ–કારાંત સ્ત્રીલિંગ શબ્દને અ–કારાંતમાં ફેરવવું જોઈએ. આમ 'લબ્ધપ્રતિષ્ઠ' સમાસ બનશે.

તેવી જ રીતે 'દૃઢપ્રતિજ્ઞ' સમાસ પણ બની શકે. ('દૃઢપ્રતિજ્ઞા' નહિ) ઉદાહરણઃ દૃઢપ્રતિજ્ઞ ગોપાલ ઘેરથી નીકળી પડ્યો. હા, એટલું ખરું કે 'દૃઢ' અને 'પ્રતિજ્ઞા' છૂટા આવી શકે. ઉદા.–ગોપાલે દૃઢ પ્રતિજ્ઞા લીધી.

અ–કારાંત પુલિંગ શબ્દોઃ (નિશ્ચય, અપરાધ, સંકલ્પ વગેરે)

'કૃતનિશ્ચયી ગોવિંદ' તેમાં 'કૃતનિશ્ચયી' ખોટું છે. 'કૃતનિશ્ચય' જોઈએ.

'કૃતાપરાધી વિક્રમસિંહ'માં 'કૃતાપરાધી' ખોટું છે. 'કૃતાપરાધ' જોઈએ.

ઈ–કારાંત સ્ત્રીલિંગ શબ્દોઃ

સમાસની અંદર બીજું પદ ઈ–કારાંત સ્ત્રીલિંગ હોય તો તે યથાવત્ રહે છે. 'લબ્ધકીર્તિ રસિકભાઈ', 'તીક્ષ્ણબુદ્ધિ ન્યૂટન', 'દૃઢભક્તિ નરસિંહ' કહી શકાય.

(૨) સુંદરમ્ શતાબ્દી નિમિત્તે એક સામયિકમાં વાંચ્યુંઃ સુંદરમ્ે અરવિંદ આશ્રમમાં યોગસાધના કરી હતી. વાક્યમાં પહેલો શબ્દ જુઓ. અંત્યાક્ષરમાં હલન્ત ચિહ્ન (ખોડો) છે અને ઉપર માત્રા છે (કર્તા વિભક્તિ હોવાથી). નિયમ પ્રમાણે આ ભૂલ છે. આવી પરિસ્થિતિમાં હલન્ત ચિહ્નનો લોપ થાય છે. એટલે કે સાચો શબ્દ 'સુંદરમે' બનશે.

શ્રીમદ્ે આધ્યાત્મિક પ્રવચન આપ્યું વાક્યમાં 'શ્રીમદ્ે' ને બદલે 'શ્રીમદે' હોવું જોઈએ.

અલબત્ત, વિભક્તિના પ્રત્યયો છૂટા હોય તો હલન્ત ચિહ્ન યથાવત્ રાખવું. દા. ત. સુંદરમ્નાં કાવ્યો, શ્રીમદ્ની નિષ્ઠા.

(૩) થોડી સંધિની વાત–'નિરાભિમાની' ખોટી સંધિ છે. 'નિરભિમાની' કરવું જોઈએ. શા માટે, સમજાવું. મૂળ બે શબ્દો છે–નિઃ + અભિમાની. હવે વિસર્ગનો ર્ થતાં નિર્ + અભિમાની થશે. ર્ અને અ જોડાતાં ર થશે. જવાબ આવ્યો નિરભિમાની. બરાબર ને? ધ્યાન એટલું જ રાખવાનું છે કે વિસર્ગનો ર્ થયો છે, એટલે કે સ્વર વગરનો અરધો ર, આખો નહિ. જો આખો હોત તો ર + અ = રા થાત, એ તમારી વાત બરાબર.

તે જ પ્રમાણે વાગ્ + ઈશ્વરી = વાગીશ્વરી થાય, નહિ કે વાગેશ્વરી. (ગ્ અરધો છે, આખો નહિ).

(૪) 'ર'ને ઉ કે ઊ લાગે છે ત્યારે આપણે ચોકસાઈ બતાવતા નથી.

હ્રસ્વ–દીર્ઘનો ખ્યાલ કર્યા વગર સર્વત્ર રૂ લખીએ છીએ. બહુ ઓછા જાણે છે કે આમાં ઊ (દીર્ઘ) રહેલો છે. ખરેખર તો ઉ (હ્રસ્વ) લાગે ત્યારે રુ અથવા રુ બને. જેમ કે, ગુરુવાર, રુચિ, રુધિર. દીર્ઘ (ઊ) લાગે તો ઉપર કહ્યું તેમ રૂ બને. જેમ કે, રૂપ, રૂઢ, રૂમઝૂમ.

(૫) કેટલાકને અનુસ્વાર ભારે આફતરૂપ લાગે છે. નાનું અમથું ટપકું ડગલે–પગલે નડે છે. મિત્રો, અક્ષરના ભાલ પરની નાની

બિન્દી એનું સૌભાગ્યચિહ્ન છે. શું એની ખેવના નહિ કરવી જોઈએ?

(ક) ઊજળા રસ્તા (ખ) ઊજળાં વસ્ત્રો

(ક) વિશેષણનો અંત્યાક્ષર નિરનુસ્વાર છે, કારણ કે 'રસ્તા' પુલિંગ છે.

(ખ) વિશેષણનો અંત્યાક્ષર સાનુસ્વાર છે, કારણ કે 'વસ્ત્રો' નપુંસકલિંગ છે.

જેમ વિશેષણમાં અનુસ્વાર આવી શકે છે, તેમ નામમાં પણ આવી શકે.

ઉ-કારાંત નપું. શબ્દોમાં આમ બને છે–એકચવન, બહુવચન બંનેમાં.

મુખડું–મુખડાં

ઝૂમખું–ઝૂમખાં

નામની જાતિ અનુસાર વિભિક્તિના પ્રત્યયને પણ અનુસ્વાર લાગે છે.

નપું. સુંદરમ્નું કાવ્ય (એકવચન)

સુંદરમ્નાં કાવ્યો (બહુવચન)

બંને ઉદાહરણોમાં વિભક્તિનો પ્રત્યય સાનુસ્વાર છે.

પુલિંગ–સુંદરમ્નો કાવ્યસંગ્રહ (એકવચન)

સુદરમ્ના કાવ્યસંગ્રહો (બહુવચન)

તમે જોઈ શકો છો કે પુલિંગમાં ક્યાંય અનુસ્વારને અવકાશ નથી.

મિત્રો, 'માતા'નો સમાનાર્થી શબ્દ 'મા' લખો ત્યારે અનુસ્વાર ન કરશો–ઊંઘમાંથી કોઈ જગાડે તો ય નહિ. આ ભૂલ ઠેરઠેર જોવા મળે છે. કદાચ હિન્દીની અસર હશે. (જો 'માં' લખશો તો અર્થ થશે 'અંદર', 'ભીતર'. સાતમી વિભક્તિનો પ્રત્યય 'માં' છે.

(૬) ક્યારેક ક્રિયાપદની જાતિમાં ભૂલ થાય છે.

(ક) એટલી ભારે લૂંટ વહિવટી તંત્રનું કલંક હતું.

'હતી' જોઈએ, કારણ કે કર્તા 'લૂંટ' નારી જાતિ છે.

(ખ) રમાના દુઃખનું કારણ પતિનો સ્વર્ગવાસ હતો.

'હતું' જોઈએ, કારણ કે કર્તા 'કારણ' નપુંસકલિંગ છે.

(૭) 'ગુરુત્તમ' ખોટું, 'ગુરુતમ' સાચું.

'લઘુત્તમ' ખોટું, 'લઘુતમ' સાચું.

તુલનાદર્શક પ્રત્યય 'તર' છે.

શ્રેષ્ઠતાદર્શક પ્રત્યય 'તમ' છે.

જેમ કે, અધિક–અધિકતર–અધિકતમ

લઘુ–લઘુતર–લઘુતમ

ગુરુ–ગુરુતર–ગુરુતમ

તમે કહેશો, 'ઉત્તમ'માં દોઢ 'ત' શા માટે છે?

કારણ કે તેમાં ઉત્ + તમ બે શબ્દો જોડાયા છે.

તેવી જ રીતે મહત્ + તમ = મહત્તમ.

(૮) 'હોવું' ક્રિયાપદનું કારણદર્શક રૂપ હોવાથી' અથવા 'હોઈ' છે. ઉદા. 'પ્રબુદ્ધ જીવન' રસપ્રદ હોવાથી મયંક નિયમિત વાંચે છે.

'પ્રબુદ્ધ જીવન' રસપ્રદ હોઈ મયંક નિયમિત વાંચે છે. કેટલાક લોકો 'હોઈ' ને બદલે 'હોય' લખે છે. તમે આમ નથી લખતા ને?

(૯) અંત્ય દીર્ઘ ઈ–વાળા પુલિંગ નામોનું સ્ત્રીલિંગ કરતી વખતે હ્રસ્વ ઈ માં રૂપાંતર કરી 'ની' ઉમેરવામાં આવે છે.

વિદ્યાર્થી–વિદ્યાર્થિની

તપસ્વી–તપસ્વિની

(૧૦) ભાવવાચક નામમાં 'તા' ઉમેરી ડબલ ભાવવાચક બનાવવાની ભૂલ કરીએ છીએ.

| **સાચું** | **ખોટું** |
|---|---|
| સામ્ય | સામ્યતા |
| પ્રાધાન્ય | પ્રાધાન્યતા |
| સૌજન્ય | સૌજન્યતા |

(૧૧) આમંત્રણપત્રિકાઓમાં 'શ્રીમતિ' વાંચીએ છીએ. સાચો શબ્દ છે 'શ્રીમતી'.

'શ્રીમદ્' સંજ્ઞાનું પુલિંગ શ્રીમાન અને સ્ત્રીલિંગ શ્રીમતી

'મતિ' અથવા 'બુદ્ધિ'નો અર્થ અહીં સહેજ પણ અભિપ્રેત નથી.

(૧૨) 'ર' કારનું ચિહ્ન (ૅ) અર્ધા અક્ષરને લાગું પડતું હોવા છતાં તેના પર નહિ કરતાં પછીના આખા અક્ષર પર કરવામાં આવે છે.

અર્ધ્ય, ભર્ત્સના

સામાન્ય રીતે આવા શબ્દોમાં 'ર' કારને ગોઠવવામાં ભૂલ થતી નથી, કારણ કે અરધો અક્ષર સ્વયં સ્પષ્ટ હોય છે, પરંતુ અસ્પષ્ટ હોય ત્યારે ભૂલ કરી બેસીએ છીએ. જેમ કે–

આર્ટ્સ, માર્ક્સ

અહીં 'ર' કારનું ચિહ્ન ટ્ અને ક્ ઉપર ખોટી રીતે મૂક્યું છે, કારણ કે એ બંને અરધા અક્ષરો છે, જે હલંત ચિહ્નથી દર્શાવ્યું છે. સાચી જોડણી આમ બને–

આટ્ર્સ, માર્ક્સ

(૧૩) ક્રિયાપદના કર્મણિ અને પ્રેરક રૂપો કરતી વખતે દીર્ઘ ઈ–ઊ હ્રસ્વ થઈ જાય છે. ઉદા. (ક) રામુએ ગ્લાસ ટેબલ પર મૂક્યો.

(ખ) રામુથી ગ્લાસ ભૂલથી ટેબલ પર મુકાઈ ગયો. (કર્મણિ)

(ગ) શેઠાણીએ રામુ પાસે ગ્લાસ ટેબલ પર મુકાવ્યો. (પ્રેરક)

(ક) માં દીર્ઘ ઊ ક્રિયાપદ છે. (ખ) અને (ગ) માં હ્રસ્વ ઉ છે.

મૂકાઈ ગયો, મૂકાવ્યો લખીએ તો ખોટું કહેવાય.

(૧૪) કેટલીક વાર 'ચોકખું', 'પત્થર', 'સુદ્ધાં' એવી જોડણી કરીએ છીએ. અહીં અનુક્રમે ક, ત અને દ અલ્પપ્રાણ અને ખ, થ અને ધ મહાપ્રાણ કહેવાય છે. ત્રણે જોડણી ખોટી છે. ખરેખર તો મહાપ્રાણ બેવડાવવો જોઈએ. એટલે સાચી જોડણી આમ થશેઃ ચોખ્ખું, પથ્થર, સુધ્ધાં. (અપવાદ–ચ અને છ જોડી શકાય, જેમ કે, સ્વચ્છ. ઉપરાંત તત્સમ શબ્દો, જેમ કે બુદ્ધિ, ઉત્થાન વગેરે). ✶✶✶

એ-૬, ગુરુકૃપા સોસાયટી, શ્રી મુક્તજીવન સ્વામી બાપા માર્ગ, વડોદરા-૩૯૦ ૦૦૬.

### શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા આયોજિત

# ભગવાન મહાવીર જન્મકલ્યાણક દિવસ નિમિત્તે ડૉ. કુમારપાળ દેસાઈના મુખે મહાવીર કથા (બે ભાગ-બે દિવસ)

❑ અહેવાલ : કેતન જાની

મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા ભગવાન મહાવીર જન્મકલ્યાણક દિવસ નિમિત્તે ૨૭મી અને ૨૮મી માર્ચે જૈન દર્શનના આંતરરાષ્ટ્રીય ચિંતક અને તીર્થંકર મહાવીર વિશેના ગ્રંથોના પ્રસિદ્ધ લેખક પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈના સ્વમુખે મહાવીર કથાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. કથાતત્ત્વ, સંગીત અને અભિનવ દર્શનના ત્રિવેણી સંગમ સમાન આ કાર્યક્રમમાં જ્ઞાનપિપાસુ જિજ્ઞાસુઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.

કાર્યક્રમના પ્રારંભમાં 'સંઘ'ના મંત્રી અને જૈન ધર્મના અભ્યાસુ ડૉ. ધનવંતરાય શાહે મહાવીરકથાના આયોજનની પાર્શ્વભૂમિ સ્પષ્ટ કરતાં જણાવ્યું હતું કે ડૉ. કુમારપાળ દેસાઈ સાથે આ કથા યોજવા માટે ત્રણ વર્ષથી ચર્ચા થતી હતી. મહાવીરની વાતો બીજા સ્વરૂપે પહોંચે તેના કરતાં કથા સ્વરૂપે સમાજ પાસે પહોંચવી જોઈએ. મહાવીર વિશેની જાણકારી આપવા માટે માત્ર વ્યાખ્યાન અને સ્તવન પૂરતા નથી. એક વ્યક્તિ એક વિષયની વાત કરે પણ બધા પાસાને સાંકળે એવું સ્વરૂપ હોય તો તેમાં મહાવીરનું સમગ્ર દર્શન થાય. ડૉ. કુમારપાળભાઈએ વિશ્વનો પ્રવાસ ખેડ્યો છે. વિશ્વની સમસ્યાઓનો ઉકેલ ભગવાન મહાવીરની વાણીમાં મળી રહે એમ છે. કોઈપણ વાતનો ઉપદેશ આપવો હોય તો પ્રિયતમ પોતાની પ્રિયતમાને જે રીતે મીઠાશથી વાત કરે એ રીતે કહેવામાં આવે તો તુરંત ગળે ઉતરી જાય તે પ્રકારે મહાવીરના જીવન અને ઉપદેશને કથાના રૂપમાં પીરસવામાં આવે તો તે તુરંત જ સમજાય અને મનમાં વસી જાય. ડૉ. કુમારપાળભાઈ ગૃહસ્થ શ્રાવક છે. જૈન ધર્મ વિશે તેમનું ગહન ચિંતન છે. મહાવીરને આપણે જ્ઞાનથી જાણીએ અને પછી પામીએ. આ મહાવીર કથા હૃદય મંજન, હૃદય અંજન અને હૃદય રંજન છે. તેના વડે આપણે ચિત્તવિકાસ કરવાનો છે. આ કથા જનરંજનની નહીં પણ પ્રબુદ્ધ ભૂમિકાની છે. એમ ડૉ. ધનવંતરાય શાહે ઉમેર્યું હતું.

પ્રારંભમાં પ્રા. ડૉ. નલિનિ મડગાવકરે વિચારના પ્રાકૃત શ્લોકોનું પઠન કર્યું હતું અને સમાંતરે યુવક સંઘના શુભેચ્છક શ્રી સી. કે. મહેતા, સંઘના પ્રમુખ રસિકભાઈ શાહ, ઉપ પ્રમુખ ચંદ્રકાંતભાઈ શાહ, કોષાધ્યક્ષ શ્રી ભૂપેન્દ્ર જવેરી અને સમિતિ સભ્ય નીતિન સોનાવાલાએ દીપ પ્રાગટ્ય કર્યું હતું.

ડૉ. કુમારપાળ દેસાઈએ જણાવ્યું હતું કે મહાવીર કથા એ લોકકથા નથી પરંતુ આત્મકથા છે. ભગવાન મહાવીરના જીવનનો તલસ્પર્શી અભ્યાસ કરવાથી આત્માનો ઉદ્ધાર થાય છે. આ કથાનું શ્રવણ કરતી વેળાએ હૃદયના સઢને ખુલ્લા રાખવા જોઈએ. પંથ, ગચ્છ, સંપ્રદાય, અને ગોલને મનમાંથી કાઢી નાંખવા જોઈએ. તેનું કારણ ભગવાન મહાવીરે જ કહ્યું છે કે-હે મનુષ્ય જાતિ એક થાવ. આજથી ૨૬૦૦ વર્ષ પૂર્વે જ મહાવીરે પંથ, ગચ્છ, સંપ્રદાય અને ગોલમાંથી બહાર નીકળીને મનુષ્યજાતિની એકતાનો વિચાર કરવાનો ઉપદેશ આપ્યો હતો. મોક્ષધર્મ છે તેથી વિશેષ જીવન ધર્મ છે. આત્મ ધર્મ, મોક્ષ ધર્મ અને જીવનધર્મ છે. આત્મક્રાંતિ, વિશ્વક્રાંતિ અને મોક્ષક્રાંતિ-એ ત્રણ ક્રાંતિ થાય એ જ જૈનનું કર્તવ્ય છે. જે ધર્મ છે એ પળાતો નથી અને જે પળાતો નથી એ ધર્મ છે. નાના પંથો, ઝઘડા, વિવાદ ઉત્સવ અને મહોત્સવમાં અટવાયા વિના ભીતરમાં ઉત્સવ અને મહોત્સવ થાય એ મહત્ત્વનું છે. જ્ઞાનને મુઠ્ઠીભર લોકોને બદલે સહુ માટે ખુલ્લુ મૂકવાની વાત તેમણે જ કરી હતી. જે વધુ પશુ મારે તે મોટો રાજા એ વાતનો વિરોધ કર્યા વિના તેમણે અલગ રીતે વાત રજૂ કરી. ભગવાન મહાવીરે કહ્યું કે હોમ કે યજ્ઞમાં પશુઓને હોમવાને બદલે દુવૃત્તિને તેમાં હોમી દેવી.જોઈએ. પ્રાણીઓ આત્મવત્ છે. હાલ પર્યાવરણવાદીઓ કહે છે કે આપણે વર્ષો સુધી પ્રાણીઓનું નિકંદન કાઢ્યું છે હવે તેઓને નહીં બચાવો તો પર્યાવરણની સમતુલા ખોરવાઈ જશે અને માનવજાતિ માટે જોખમ સર્જાશે. ભગવાન મહાવીરે હજારો વર્ષો પહેલાં કહ્યું હતું કે જેવી આપણી માનવજાતિ છે એવી પ્રાણીઓની પણ જાતિ છે. આપણી જેમ તેઓને પણ જીવવાનો અધિકાર છે. વિશ્વમાં માણસને માણસ તરીકે ઓળખાવનાર અને માણસને માણસાઈનો પરિચય આપનાર ભગવાન મહાવીર પ્રથમ છે. માણસનો માણસ તરીકે વિચાર કરવાનો અને માણસનો ગુણથી વિચાર કરવાનો ઉપદેશ મહાવીરે આપ્યો છે. ગુણવાન માણસ જ સાધુ છે. શ્રમણ, સાધક અને ભિક્ષુ એ શબ્દો મહાવીરે આપ્યા છે. મેં અગાઉ પણ કહ્યું છે કે જૈન ધર્મ એમહિલાઓને સહુથી વધુ અધિકાર આપ્યા છે. સ્ત્રીને સ્વતંત્ર વ્યક્તીત્વ છે. તીર્થંકરોના સમયમાં સાધ્વીઓ અને શ્રાવિકાઓની સંખ્યા વધુ હતી. કેટલાંક લોકો કહે છે કે ધર્મ બહેનોથી ટકે છે. હાલ માણસ યુદ્ધથી ગ્રસિત થયો છે. તેનો ઉપાય મહાવીરે હજારો વર્ષો પૂર્વે વિકલ્પ બતાવ્યો હતો. તેમણે જગતને બોધ આપ્યો કે બહાર નહીં પણ ભીતરમાં વિજય મેળવ. મનની અંદરના શત્રુને હણી નાંખ, જે પ્રકારે નાનકડી ગોટલીમાં આંબાનું વૃક્ષ સંતાયેલું છે. એ પ્રકારે મનુષ્યના આત્મામાં જ પરમાત્મા છે. જૈન ધર્મ એ ભીતરની પ્રક્રિયા છે. સમતાથી શ્રમણ, જ્ઞાનથી મુનિ, તપથી તપસ્વી અને બ્રહ્મચર્યથી બ્રાહ્મણ બનાય છે. આપણે બાહ્યને બદલે ભીતર તરફના ધર્મ ભણી જવાની જરૂર છે. આત્મધર્મ એ જૈન ધર્મની મોટી વિશિષ્ટતા છે. અંતરઆત્માથી આગળ વધીને જ પરમાત્મા ભણી જઈ શકાય. આપણા આત્મામાં સંતાયેલા પરમાત્માને જાગૃત કરવાની વાત છે. ભીતરમાં ક્રાંતિ ન હોય તો જૈનત્વ જાળવવાનું મુશ્કેલ બને છે. વ્યવહારમાં અહિંસા, વાણીમાં સ્યાદ્વાદ, વિચારમાં અનેકાંત, સમાજ માટે અપરિગ્રહ બનવું જોઈએ.

ધ્યાન વિશેનું ગહન ચિંતન જૈન ધર્મ જેટલું અન્યત્ર ક્યાંય નથી. ધ્યાન માત્ર પલાંઠી વાળીને નહીં પણ ઊભા રહીને તેમજ ખુલ્લી આંખે પણ ધરી શકાય છે. ખુલ્લી આંખે ધ્યાન ધરવું અઘરું છે. સાધનાનું નવું પરિમાણ મહાવીરે આપ્યું છે. તેમણે આશ્રમ નહીં પણ જંગલોમાં સાધના કરીને સિદ્ધ

કર્યું હતું કે સાધનાને સીમાડા હોતા નથી. જૈન ધર્મની દિશા આધ્યાત્મ તરફની અને ગતિ વિજ્ઞાનની હોવી જોઈએ. માણસ ગુણોમાં વૃદ્ધિ કરે તો તે દેવથી મોટો થઈ શકે છે. જૈન ધર્મમાં જયંતી નામની સામાન્ય શ્રાવિકાને પણ પ્રશ્ન પૂછવાનો અધિકાર હતો. ભગવાન મહાવીરે તેણે પૂછેલા પ્રશ્નના ઉત્તરમાં સમજ આપતાં જણાવ્યું હતું કે સારો માણસ જાગતો અને દુર્જન ઉંઘતો સારો. જીવનમાં પહેલું તીર્થ માતા છે. માતા નહીં હોય ત્યારે સંસ્કૃતિ ધરાશાયી થઈ જશે. ભગવાન ત્રિશલા માતાના ઉદરમાં હતા ત્યારે તેમના હલનચલનથી માતાને અકળામણ થતી હતી. માતાને દુઃખ ન પહોંચે તે માટે તેમણે હલનચલન બંધ કર્યું. તેથી માતાની તનની અકળામણ ગઈ પણ મનની અકળામણ વધી. માતા ત્રિશલા ગભરાયા અને તેઓ મુંઝવણમાં મૂકાયા. ભગવાનને થયું મેં પ્રેમ ખાતર હલનચલન બંધ કર્યું પણ તેમાંથી શોક પેદા થયો તેથી જળાશયમાં જેમ માછલી હલે એમ તેમણે હલનચલન કર્યું. મહાત્મા ગાંધીજીએ કહ્યું છે કે પ્રાણીઓની સ્થિતિ ઉપરથી તે દેશની સંસ્કારીતાનો વિચાર થઈ શકે. આ બાબત ભગવાન મહાવીરે હજારો વર્ષો પૂર્વે કહી હતી કે તમારી જેમ બીજાને પણ જીવવાનું ગમે છે.

જૈન ધર્મમાં કુટુમ્બપ્રેમનો મહિમા છે. ઘરમાં પ્રેમ હોય તો મન ઈશ્વર સાથે જોડી શકશો. ઘરમાં સભા થાય તેમાં પ્રાર્થના, ગીત અને પુસ્તકનું વાંચન થાય. તે બાબત આવકાર્ય છે. જે વ્યક્તિ પોતાના ભાઈને પ્રેમ આપી ન શકે તે બીજાને ક્યાંથી પ્રેમ આપી શકે ! ભગવાન મહાવીર ઘર છોડવાના હતા ત્યારે તેમના ભાઈ નંદીવર્ધને બે વર્ષ થોભવાનું કહ્યું ત્યારે તેઓએ ભાઈની ઈચ્છાને માન આપીને રહ્યા. જો કે તેઓ ઘરમાં જળમાં કમળ રહે–એમ અલિપ્ત થઈને રહ્યા. ભગવાન મહાવીરે ઘર છોડતી વેળાએ ૩૮૮ કરોડ મુદ્રાનું દાન કર્યું હતું. તેમણે ઘર છોડતી વેળાએ પાંચ સંકલ્પ કર્યા હતા તે જીવનના હાર્દ સમાન છે. પહેલું તેમણે અપ્રીતિ થાય એવા સ્થળે નહીં રહેવું એમ નક્કી કર્યું હતું. તેઓ સ્મશાન કે અવાવરુ જગ્યામાં જ રહ્યા હતા. બીજું, ધ્યાન કરવા માટે જગ્યા, સમય કે શરીરની સ્થિતિનું બંધન રાખવું નહીં. તેમણે ખુલ્લી આંખે અને ચાલતા ચાલતા પણ ધ્યાન કર્યું છે. તેમણે જગતને આપેલી આ વિશિષ્ટ ભેટ છે. ત્રીજું, પ્રાયઃ મૌન રહેવું. અર્થાત્ મિત ભાષી થવું અને મિષ્ટ એટલે કે કોઈનું દિલ દુભાય નહીં એવું બોલવું. ચોથું, કરપાત્રમાં ભોજન લેવું. તેનો અર્થ એ કે હાથમાં જ ગોચરી લેવી. પાંચમું, ગૃહસ્થની કદી ખુશામત ન કરવી. સાધુ ગૃહસ્થની ખુશામત કરે એ યોગ્ય ન લેખાય. સાધુ સ્વાવલંબી છે. તે સીવેલા વસ્ત્રો પહેરતા નથી એટલે દરજીની જરૂર નથી. શિર ઉપર છત્ર નથી રાખતા એટલે સેવકની આવશ્યકતા નથી હોતી. પગરખાં પહેરતા નથી એટલે મોચીની જરૂર રહેતી નથી. આ પાંચ સંકલ્પો માનવી જીવનના પરમ સંકલ્પો છે.

ભગવાન મહાવીરના એક સમયના શિષ્ય ગૌશાલક નિયતીવાદી સંપ્રદાયના વડા બન્યા હતા. એક સમયનો પ્રખર શિષ્ય પ્રબળ હરીફ બને એવી સ્થિતિથી મહાવીર લગીર પણ વિચલિત થયા નહોતા. મહાવીરની પોતાની પુત્રીઓ પ્રિયદર્શના અને જામાલી પણ એ સંપ્રદાયમાં ગઈ હતી. જોકે તેઓને સત્યનું જ્ઞાન થતાં તેઓ પાછી આવી હતી.

## મહાવીરકથા : બીજો દિવસ

# જૈન દર્શનમાં અહિંસા, સંયમ અને તપ અતિ મહત્ત્વના

બીજા દિવસની કથાનો પ્રારંભ સંઘના શુભેચ્છક મહાનુભાવ શ્રી કીર્તિભાઈ દોશી અને માનદ્ મંત્રી નીરુબેન શાહ, વર્ષાબેન શાહના હસ્તે દીપ પ્રાગટ્યથી થયો હતો.

ડૉ. કુમારપાળ શાહે કથા આગળ વધારતા કહ્યું કે–

જૈન દર્શનમાં અહિંસા, સંયમ અને તપ ત્રણ એ અતિ મહત્ત્વના છે. આ ત્રણ વસ્તુ બહાર નથી પણ આપણી અંદર છે એમ જણાવીને ડૉ. કુમારપાળ દેસાઈએ મહાવીરકથાના બીજા દિવસે જણાવ્યું હતું કે જગતના ઉપદેશકોએ પોતાના અનુયાયીઓ કે ભક્તોને બોધ આપ્યો છે કે તું મારે શરણે આવ, મારી પૂજા કર, હું તારો ઉદ્ધાર કરીશ. જ્યારે ભગવાન મહાવીર તું મારે શરણે આવ એમ કહેતા નથી. તેઓ કોઈ લાલચ દેખાડતા નથી. તેનું કારણ એક લાલચ અનેક લોભનું સ્થાન છે. તેમણે મારું તે સાચું એમ કહ્યું નથી પણ સાચું તે મારું એમ કહ્યું છે. પ્રત્યેક વ્યક્તિએ જીવનમાં સત્યનું અન્વેષણ કરવું જોઈએ. ભગવાન મહાવીરે અનેકાંતવાદ અને સાપેક્ષવાદની વાત કરી હતી તેના લગભગ ૨૫૦૦ વર્ષ પછી વૈજ્ઞાનિક આલ્બર્ટ આઈન્સ્ટાઈને સાપેક્ષવાદનો સિદ્ધાંત રજૂ કર્યો હતો. ભગવાન મહાવીરના સમયમાં વિદ્યા એ વિવાદનું સ્થાન બની હતી. જ્ઞાનની પરાકાષ્ઠા વાદવિવાદમાં જ્ઞાની વ્યક્તિને પરાજીત કરવાની વૃત્તિ હતી. તે સમયે ભગવાન મહાવીરે જ્ઞાન-વિજ્ઞાન સામી વ્યક્તિને પરાજીત કરવા નહીં પણ જગતને તે કેવી રીતે ઉપયોગી નીવડે છે તે જોવામાં તેનું મહત્ત્વ છે એમ જણાવ્યું. સારો વિચાર જગતને આપો એમ તેઓએ કહ્યું હતું. તેમણે પોતાના પ્રિય શિષ્ય ગૌતમને શ્રાવક આનંદની માફી માંગવાનું કહ્યું હતું–એટલી વિશાળ તેમની લઘુતા-વિનમ્રતા હતા. જૈન ધર્મમાં જાદુ-ટોના કે મંત્રતંત્રનું કોઈ સ્થાન નથી. તેના વિના જ ભીતરનું વ્યક્તિત્ત્વ બહાર આવી શકે છે. અમીર હોય, ગરીબ હોય, બ્રાહ્મણ હોય કે પછી વૈશ્ય–એ જૈન નથી. પરંતુ જેનું ચિત્ત શુદ્ધ છે તે જૈન છે. ઘણાં જીજ્ઞાસુઓને પ્રશ્ન થતો હોય છે કે ભગવાન મહાવીર કેવું તપ કરતાં હશે ? દીક્ષા લીધી પછી હેમંત ઋતુની કડકડતી ઠંડીમાં શરીર ઢાંકવાને બદલે છાંયડામાં હાથ લાંબા રાખીને તપ કરતા હતા. ઉનાળાના ધોમધખતા તડકામાં ખુલ્લામાં તપ કરતા હતા. તેઓ બહુ ઓછું બોલતા હતા અને દૃષ્ટિને સ્થિર રાખીને અંતર્મુખ રહેતા હતા. આગમ સૂત્ર કહે છે કે ચાલતા હોય ત્યારે પોતાની છાયા ઉપર જ નજર રાખતા હતા. આ વિરલ સાધના ઉજ્જડ ઘરમાં, નિર્જન ઉદ્યાનમાં અને સ્મશાનમાં સાડાબાર વર્ષ સુધી કરી હતી. અધમ મનોવૃત્તિ ધરાવતી વ્યક્તિઓ હાથમાં હથિયાર લઈને પરેશાન કરતી હતી. તેઓ પેટ ઉણું રાખીને જમતા હતા. ન્યૂયોર્ક ટાઈમ્સમાં થોડા સમય પહેલાં ૯૦ વર્ષ સુધી જીવવા માટે પાળવાના નિયમો વિશે લેખ છપાયો હતો. તે નિયમો આપણા ઉણોદરના વ્રતના જેવા જ હતા. ભગવાન મહાવીર ગોચરી વહોરવા જતા ત્યાં બહાર યાચક અથવા શ્વાન કે અન્ય પ્રાણી ઊભું હોય તો તેઓ પાછા ફરી જતા હતા. તેઓ માર્ગમાં કોઈને અપ્રીતિ થાય નહીં એ રીતે ચાલ્યા જતા હતા. જૈન આગેવાનોએ વૈશાખ સુદ અગિયારશના દિવસને

જ્ઞાનદર્શનના દિવસ તરીકે ઉજવવો જોઈએ. તે દિવસે અદ્ભૂત ઘટના બની હતી. અહિંસા, સમતા, અનેકાંતવાદ અને નયવાદથી પ્રભાવિત થઈને ૪૪૧૧ જેટલા આત્માઓએ પરમાત્મા પાસે દીક્ષા લીધી હતી. ગૌતમસ્વામી, અગ્નિભૂતિ ગૌતમ અને ઈન્દ્રભૂતિ ગૌતમ ભગવાન મહાવીરને વાદ-વિવાદમાં પરાભૂત કરવા આવ્યા હતા. સામાન્યપણે સામી વ્યક્તિ શંકા વ્યક્ત કરે અને તેનું નિરસન કરવામાં આવે એવું થતું હોય છે. જો કે અહીં તો ભગવાન મહાવીર સામી વ્યક્તિની જીજ્ઞાસા અને શંકા જાણતા હતા. મહાવીર સર્વજ્ઞ છે. તેઓ સામેથી કહેતા કે તમારા મનમાં ઘણાં વખતથી આ શંકા છે અને તેનો ઉત્તર આ છે. તેમણે વાદ-વિવાદને બદલે સંવાદ કર્યો. ગણધરનું આલેખન એ ભગવાનની તર્કબદ્ધતા અને સર્વજ્ઞતાનો મેળ છે. સ્યાદ્વાદ અને અનેકાંતવાદમાં માનનારા જૈન ધર્મ જ્ઞાનનો સમન્વય કરે છે. ભગવાન મહાવીરે તે સમયે યજ્ઞ અને તેમાં અપાતી પશુની આહુતિનો વિરોધ કરવાને બદલે કહ્યું હતું કે યજ્ઞમાં પશુ કે અનાજ હોમવાને બદલે દુષ્ટ વૃત્તિને હોમી દો. તેમણે યજ્ઞનો વિરોધ કર્યો નહોતો. આ વિરલ સમન્વયાત્મક દૃષ્ટિ જૈન ધર્મમાં છે. ખ્રિસ્તી ધર્મમાં ક્ષમા અંગેના અનેક પુસ્તકો છે. ભગવાન મહાવીરે જણાવ્યું હતું કે જેને દુઃખ પહોંચાડ્યું હોય તેની પાસે જઈને જ ક્ષમા માંગવી જોઈએ. તે માણસ નાનો હોય તો પણ તેની પાસે જ ક્ષમા માંગવી જોઈએ. જ્યાં સુધી ક્ષમા ન માંગીએ ત્યાં સુધી થૂંક પણ ગળેથી ઉતારવું ન જોઈએ. કોઈનું દિલ દુભવીને ભગવાન કે ગુરુ પાસે જઈને માફી માંગવી તે યોગ્ય નથી. ૧૯મા ચાતુર્માસ વખતે ભગવાન મહાવીરે સાધુઓની સભામાં કહ્યું હતું કે સાધુઓની શક્તિ અદ્ભુત છે. તે રીતે શ્રાવકની શક્તિને પણ ઓછી આંકી શકાય એમ નથી.

જૈન ધર્મ એ માત્ર 'આર્ટ ઓફ લિવિંગ' નથી. પરંતુ 'આર્ટ ઓફ ડાઈંગ' પણ છે. ઈન્દ્રીયો કામ ન કરતી હોય અને શરીર કામનું ન હોય ત્યારે સંલ્લેખના મૃત્યુ માટે તૈયાર થયો હોય અને તે એમ વિચાર કરે કે વધારે લોકો દર્શન કરે તો તે સારું. બીજી તરફ મૃત્યુ જલ્દી આવે તે માટે તે કાલાવાલા કે આજીજી કરે તો તે પણ યોગ્ય નથી. આ બંને પ્રકારની માનસિકતાથી સંલ્લેખનાનું ફળ મળતું નથી. તે સમયે મૃત્યુ તું આવ, આવ એમ કહીને 'જબ સે હમને સુના મોત કા નામ જીન્દગી હૈ, સિર પર કફન લપટે કાતિલ કો ઢૂંઢતે હૈ' એવો વિચાર કરવો યોગ્ય લેખાય. આનંદ શ્રાવકના મૃત્યુની ઘડીએ ગૌતમસ્વામી તેને મળવા આવે છે ત્યારે આનંદ શ્રાવકના ચહેરા પર અપાર તેજ હતું. તે સમયે ભગવાન મહાવીરના કહેવાથી ગૌતમ સ્વામીએ આનંદશ્રાવક પાસે ક્ષમા માંગી હતી. તેમાં ગૌતમ સ્વામીની લઘુતા (અતિ વિનમ્રતા) સમાયેલી છે. વ્યવહારમાં, જીવન અને જગતમાં ક્ષમા આવે તો જીવન ન્યાલ થઈ જાય. ક્ષમાની વાત કરવી પ્રમાણમાં સરળ છે. પણ તેની પરાકાષ્ઠા કરવી મુશ્કેલ છે.

ઘણાં લોકો પોતાનો ગુસ્સો ખૂબ જ જોરદાર હોવાની અથવા દિવસમાં માત્ર પાંચ સિગારેટ પીતા હોવાની વાત કરે છે. વાસ્તવમાં આ જ તેઓની નબળાઈ છે જેને તેઓ પોતાની ક્ષમતા તરીકે ગણાવે છે. આપણે અંતર ખોલવું જોઈએ. તેમાં જ અહિંસા, સત્ય, મૈત્રી અને કરુણાના ભાવ સમાયેલા છે. મહાવીર કથા એ લોકકથા નથી પરંતુ આત્મકથા છે.

ભગવાન મહાવીરે કહ્યું છે કે અન્યાયી ભાવોથી દૂર રહેવાથી, ધર્મ સૂત્રોના ઊંડા અભ્યાસથી, ચિંતન/મનનથી, અને ઈશ્વર સાથે મન જોડવાથી મોક્ષ પ્રાપ્તિ થઈ શકે છે. હિંસા, અસભ્યતા, ચોરી, અને ઉપકારનો બદલો અપકારથી વાળનાર કૃતઘ્ની વ્યક્તિને નર્ક મળે છે. તમને જૈન ધર્મ ન મળ્યો હોત તો? તમે કેટલી હત્યા કરતા હોત, કેટલા વ્યસનો વળગ્યા હોત, તેમજ કેટલી અરૂચિપૂર્ણ બાબતોમાં રસ લેતા હોત? તેનો વિચાર કરી જોજો. ભગવાન મહાવીરે આપણને જૈન ધર્મના સંસ્કાર લોહીમાં અને જીવનમાં આપ્યા તેનો બદલો કોઈ સંજોગોમાં વાળી શકાય એમ નથી એમ ડૉ. કુમારપાળ દેસાઈએ ઉમેર્યું હતું.

ડૉ. ધનવંતભાઈ શાહે જણાવ્યું હતું કે મહાવીર કથા ચિત્ત વિકાસની ભૂમિકા પર આધારિત છે. આ કથા વડે તેમને જાણવાના, માનવાના અને પામવાના છે. શ્રદ્ધા રાખ્યા વિના તેમને પામવાનું મુશ્કેલ છે. તેના વડે બોધિબીજની પ્રાપ્તિ પૂરેપૂરી શક્ય છે. સંસારભ્રમણથી કર્મશૂન્ય અને મોક્ષમાર્ગ તરફ જવું તે બોધિબીજ. વાણીવિલાસ હોય તે કાર્યક્રમ પૂરો થાય પછી તે ભૂલી જવાય છે. આત્મિક વિકાસની વાણી હૃદયમાં ચિરંજીવ સ્થાન પામે છે. આવતા વર્ષે ડૉ. કુમારપાળભાઈ ગૌતમસ્વામીની કથા રજૂ કરશે. એવી જાહેરાત પણ ડૉ. ધનવંતભાઈ શાહે કરી હતી.

આ મહાવીર કથા પ્રથમ દિવસે ૨૭ માર્ચે મુંબઈના કે. સી. કૉલેજ હૉલમાં સાંજે ચાર વાગે અને ૨૮ માર્ચે સવારે દશ વાગે ભારતીય વિદ્યા ભવન ચોપાટીમાં યોજાઈ હતી. બન્ને દિવસની કથા સાંભળવા જિજ્ઞાસુઓનો અપૂર્વ ધસારો અને પ્રતિસાદ હતો.

ડૉ. ધનવંતભાઈ શાહે આભારવિધિ કરતાં આ કાર્યક્રમની સફળતાનું શ્રેય 'સંઘ'ના કાર્યકરોના પરિશ્રમને આપ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે મહાવીર કથા રજૂ કરનારા ડૉ. કુમારપાળ દેસાઈનું આપણા પણ ઋણ ચડ્યું છે. મંચની સુંદર સજાવટ બદલ મેહુલ બૂચ અને રાજેશ પટેલતથા અન્ય સહકાર માટે ડૉ. રેખા વોરા અને પ્રાણ રેડિયોવાળા અનિલભાઈનો પણ 'સંઘ' આભારી છે.

આ મહાવીર કથાના બે દિવસોમાં સંગીત આયોજન યુવાન સંગીતકાર મહાવીર શાહે કર્યું હતું. સંગીત અને સ્તવનોથી મહાવીર શાહના વાદ્ય ગાયક કલાકારોએ કથા તત્ત્વને રસાનંદભર્યું નિર્મ્યું હતું.

આ કાર્યક્રમમાં કુલીન વોરાએ તૈયાર કરેલા જૈન ધર્મની વાર્તાઓ આધારિત ૩૬૫ દિવસના કેલેન્ડરનું લોકાર્પણ ડૉ. કુમારપાળ દેસાઈના હસ્તે કરવામાં આવ્યું હતું. આ કેલેન્ડરમાં બાળકોમાં સંસ્કારોનું સિંચન થાય એવી જૈન ધર્મની ટચૂકડી વાર્તાઓ સમાવી લેવામાં આવી છે.

✶ ✶ ✶

## ડૉ. ચંદ્રશેખર જૈન પુરસ્કૃત (ઘોષિત)

'ગોમટેશ વિદ્યાપીઠ પુરસ્કાર' કે જે શ્રવણબેલગોલાનો પ્રતિષ્ઠિત પુરસ્કાર છે કે જે દર વર્ષે ભારતીય સ્તરના કોઈ વિશેષ વિદ્વાનને અર્પિત કરવામાં આવે છે. સને ૨૦૧૦નો આ પુરસ્કાર 'તીર્થંકર વાણી'ના પ્રધાન સંપાદક અને અનેક રાષ્ટ્રીય પુરસ્કારોથી પુરસ્કૃત વિદ્વાન ડૉ. ચંદ્રશેખર જૈનને પ્રદાન કરવાની ઘોષણા થઈ છે. આ પુરસ્કાર ભગવાન મહાવીરના જન્મોત્સવ તા. ૨૮ માર્ચના રોજ શ્રવણબેલગોલામાં પૂજ્ય ભટ્ટારક સ્વામીશ્રી ચારુકીર્તિજી મહારાજ દ્વારા અર્પિત કરવામાં આવ્યો.

# મહાવીર કથા : પ્રતિભાવ

**અઢી હજાર વર્ષ પહેલાં મહાવીરે કરેલું ચિંતન આજે પણ કેટલું પ્રસ્તુત છે તેની પ્રતીતિ કરાવતી 'મહાવીર કથા'**

થોડા સમય પહેલાં સમાચાર વાંચ્યા 'મહાવીર કથા'ના. વાંચતાં જ યાદ આવી નારાયણ દેસાઈની 'ગાંધી કથા'. અને ૨૭ માર્ચ ૨૦૧૦ના શનિવારની સાંજે મુંબઈના કે. સી. કૉલેજના ઑડિટોરિયમમાં ગુજરાતી ભાષાના પ્રતિષ્ઠિત લેખક અને જૈન ધર્મ-સાહિત્યના સક્ષમ વિદ્વાન ડૉ. કુમારપાળ દેસાઈએ રજુ કરેલી 'મહાવીર કથા' સાંભળી ત્યારે પણ ગાંધી કથાનું સ્મરણ થયું. બન્ને કથાઓ લેખક-અભ્યાસીના મુખેથી વહે છે. બન્નેમાં કથાનાયકના જીવનમૂલ્યો–સત્ય, અહિંસા, અપરિગ્રહ, શાંત ક્રાંતિ–માં પણ ઘણું સામ્ય છે. વિષયને વધુ અસરકારક બનાવવા બન્નેએ સંગીતનો સુંદર વિનિયોગ કર્યો છે. આમ ફોર્મમાં પણ સામ્યતા અનુભવાય છે.

વરસોથી ભાગવત કથા, રામ કથા, હનુમાન કથા, ગોપીગીત કથા ઈત્યાદી કથાઓ થતી આવી છે અને જનમાનસ પર તેનો પ્રચંડ પ્રભાવ રહ્યો છે. તેમાંથી જ પ્રેરણા મળી હશે નારાયણ દેસાઈને ગાંધીની કથા કરવાની. અને ખરેખર, કાળની ગણતરીએ આપણી ઘણી નિકટ છે તેવા મહાપુરુષ મહાત્મા ગાંધીની કથા સાંભળતાં શ્રોતાઓએ પરિચિતતાનો એક અનુબંધ અનુભવ્યો. મહાવીર સાથે એવી પ્રત્યક્ષ પરિચિતતા ભલે ન હોય પણ મહાવીરે પુરસ્કૃત કરેલાં જીવનમૂલ્યો–અહિંસા, કરુણા, અપરિગ્રહ અને વિશેષ તો સકળ સૃષ્ટિ પ્રત્યેના સમભાવ તથા જીવ માત્ર પ્રત્યેના આદરની મહાવીરની વિભાવના આજના સમયમાં જેટલી પ્રસ્તુત છે એટલી અગાઉ ક્યારેય નહોતી. એ દૃષ્ટિએ 'મહાવીર કથા' કરવાનો ડૉ. ધનવંત શાહનો વિચાર દાદ માગી લે તેવો છે. કુમારપાળ દેસાઈ ઉત્તમ વક્તા છે એનો અનુભવ તો હતો જ. પણ તેમને વ્યાસપીઠ જેવા આસને (જો કે તેને માટે યોગ્ય રીતે જ જ્ઞાનપીઠ શબ્દ પ્રયોજાયો) બિરાજીને કથા કહેતા સાંભળવાનો આ પહેલો મોકો હતો.

ડૉ. કુમારપાળ દેસાઈનું માત્ર જૈન જ નહીં, અન્ય ધર્મોના પણ ઊંડા અભ્યાસનું પીઠબળ, પાક્કું હોમવર્ક અને વક્તા તરીકેનો વરસોનો અનુભવ–આ બધાંએ મહાવીરકથાના ટેક ઑફને સ્મૂધ બનાવ્યું. મહાવીરનો જન્મ, માતા ત્રિશલાને આવેલાં સપનાં, બાળક મહાવીરનું અનોખું વ્યક્તિત્વ, યુવાન મહાવીરની દૃઢ નિર્ણયશક્તિ–આવા મહાવીરના જીવનના અનેક વૈવિધ્યસભર પાસાં કુમારપાળની વાણીની સરવાણીએ એક પછી એક ખુલતા જતા હતા. પ્રસંગો અને વર્ણનો દ્વારા મહાવીરનો અહિંસા પરમો ધર્મનો ને સ્યાદ્‌વાદનો જીવનસંદેશ ઉઘાડ પામતો હતો. એ સાંભળતાં આજના સળગતા પ્રશ્નો તાજા થતા હતા. ગ્લોબલ વોર્મિંગ અને ત્રાસવાદ જેવા ભયંકર પ્રશ્નો આજે દુનિયાને ધ્રુજાવી રહ્યા છે પણ અઢી હજાર વર્ષ પહેલાં ભારતની ભૂમિ પરથી મહાવીરે સમગ્ર જડ-ચેતન સૃષ્ટિના સલામતીપૂર્ણ સહઅસ્તિત્વ વિશે ચિંતન કર્યું હતું! કોઈ પણ પ્રશ્નને એક જ દૃષ્ટિકોણથી નહીં પણ અનેક ઍંગલ્સથી મૂલવવાનો ઉદારમતવાદી વિચાર આપ્યો હતો!

ભગવાન તરીકે જેને પૂજીએ છીએ તે વ્યક્તિનું હજારો વર્ષ પૂર્વેનું ચિંતન આજે પણ પ્રસ્તુત છે એ વિચાર કોઈ પણ ભક્તને પોરસાવે તેવો છે. આ પોરસનો અનુભવ કરાવ્યો આ મહાવીર કથાએ. સાથે જ મહાવીરના ચિંતન અને સંદેશનો ગ્લોબલ વિલેજ બનેલી આજની દુનિયામાં પ્રસાર કરવાની અનિવાર્યતાની પ્રતીતિ પણ થઈ. ડૉ. કુમારપાળ જેવા અન્ય વક્તાઓ અને વિષયના અભ્યાસીઓ કે અન્ય ભાષી સાહિત્યકારો પણ આ દિશામાં સક્રિય થાય તો કેવું સરસ!

છેલ્લે એક નિખાલસ સૂચન. સુમધુર કંઠે રેલાતું પ્રસંગોચિત સંગીત ચોક્કસ આ મહાવીર કથાનું એક સુંદર અંગ છે પણ પૂરેપૂરાં ગીતોને બદલે એકાદ કડીથી કામ લીધું હોય તો કથારસ માટે તે વધુ ઉપકારક બન્યું હોત તેમ માનું છું. આવા પ્રશસ્ય પ્રયોગને હૃદયપૂર્વકની શુભેચ્છા.

❑ **તરુ કજારિયા**

XXX

## મહાવીર કથા ડી.વી.ડી.

બે ભાગ, બે દિવસ અને કુલ પાંચ કલાકમાં પ્રસરેલી આ કથા, તત્ત્વ અને સ્તવનના સંગીતથી વિભૂષિત આ અનેરી મહાવીર કથાની બે ડી.વી.ડી. જિજ્ઞાસુઓની ઈચ્છાથી તૈયાર થઈ ગઈ છે.

આ બે ડી.વી.ડી.ના સેટની કિંમત રૂા. ૨૫૦/- છે.

મર્યાદીત સંખ્યામાં આ કેસેટ તૈયાર કરવાની હોય આપનો ઑર્ડર આ જે જ ફોન ૦૨૨-૨૩૮૨૦૨૯૬ ઉપર જણાવો. આપને ઘેર બેઠા આ ડી.વી.ડી. અમે પહોંચાડીશું.

કુટુંબીજનો અને મિત્રોને આ ડી.વી.ડી. ભેટ આપવી એ જૈન શાસનની મહાન સેવા છે. વસ્તુની પ્રભાવના ક્ષણજીવી છે, વિચારની પ્રભાવના ચિરંજીવ છે.

પ્રત્યેક જૈનના ઘરમાં આ ડી.વી.ડી. હોવી જ જોઈએ.

જ્ઞાન પ્રભાવના જ પ્રભાવક પ્રભાવના છે.

સમ્યક્ જ્ઞાન સમ્યક્ દર્શન અને સમ્યક્ ચારિત્રની પ્રાપ્તિ આવા મહાવીર વિચારથી જ થાય છે.

મહાવીર કથાના દૃશ્યને નિહાળો અને વાણીનું શ્રવણ કરી મહાવીરને જાણો, માનો અને પામો.

**પ્રમુખ, શ્રી મું. જૈન યુવક સંઘ**

પ્રિય ધનવંતભાઈ અને
શ્રી મું. જૈન યુવક સંઘના સર્વે કાર્યકર્તાશ્રી

નમસ્કાર. તા. ૨૭ અને ૨૮ માર્ચના અનુક્રમે કે. સી. કૉલેજ અને ભારતીય વિદ્યા ભવનમાં સંઘ દ્વારા આયોજિત 'મહાવીર કથા'નું આયોજન માણ્યું.

ટી.વી.ના પડદા પર હિન્દુ સંતો દ્વારા થતી કથાઓ જોઈએ છીએ ત્યારે અનેક જૈન કથાનકોનું સ્મરણ થાય છે. માણભટ્ટ દ્વારા થતી કથાઓની યાદ આવે છે. આપણી જૈન કથાઓ પણ એટલી જ સમૃદ્ધ અને બોધદાયક છે તેમ છતાં માત્ર ઉપાશ્રયો પૂરતી સીમિત રહેતી આવી કથાઓ આમવર્ગ સુધી પહોંચતી નથી, બૌદ્ધિકોને ગળે ઊતરતી નથી, એ સમયે શ્રી કુમારપાળ દેસાઈ જેવા સમર્થ ચિંતક અને મૂર્ધન્ય વિદ્વાનના મુખે જ્ઞાનપીઠ પરથી વહેતી આવી કથાઓનું શ્રવણ એક મનભર લહાવો બની રહે છે.

માત્ર એક જ વાક્ય 'શત્રુને હણે તે વીર પણ શત્રુને પરમ મિત્ર બનાવે તે મહાવીર' એ શબ્દો દ્વારા જૈન ધર્મનું હાર્દ એમણે સમજાવ્યું હતું. વિચારોમાં અનેકાંત અને વ્યવહારમાં સાપેક્ષતાના કથન સાથે મહાવીર સ્વામીએ પ્રબોધેલા અનેક વિચારો, સિદ્ધાંતો અને જાતે જ આચરણમાં મૂકેલા પ્રયોગોનું દોહન, શ્રી કુમારપાળભાઈએ સરળ ભાષામાં કરી આપ્યું હતું.

મનોરંજનની સાથે જ્ઞાન અને વિજ્ઞાન દ્વારા અહિંસા, સંયમ અને તપ જેવા જૈન ધર્મના મુખ્ય તત્ત્વોને સમજાવતી આવી વધુ કથાઓ, સંઘ અને શ્રી કુમારપાળભાઈ દ્વારા પામી જૈન ધર્મને લોકાભિમુખ બનાવી શકશું. સંઘની વૈચારિક પ્રક્રિયાને ગતિવંત બનાવી શકશું. હૃદયપૂર્વક આનંદ વ્યક્ત કરું છું.

❑ **પન્નાલાલ છેડા, મુંબઈ**
022-2342 3328

x x x

પ્રિય ધનવંતભાઈ,

અદ્ભૂત, અવિસ્મરણીય, શ્રી કુમારપાળભાઈની હૃદયસ્પર્શી વાણીએ ભાવ જગતને ઢંઢોળ્યું અને અંતરમાં જાણે મહાવીર પ્રગટ થયા.

મહાવીરનો જન્મ ના મળ્યો હોત તો.. વિચાર કરતાં પણ ભય લાગે છે. શ્રી મુંબઈ જૈન યુવક સંઘને ધન્યવાદ જેણે 'મહાવીર કથા'નું આવું સુંદર આયોજન કરી લોકોમાં પ્રમોદ ભાવના જન્માવી અને ગુણાનુરાગી બનવા માટેની પ્રેરણા આપી.

ભગવાન મહાવીર તથા જૈન ધર્મ પ્રત્યે કૃતજ્ઞતા અનુભવવાનો મોકો આપવા બદલ શ્રી મુંબઈ જૈન યુવક સંઘનો ફરી ફરી આભાર.

❑ **નીતીન સોનાવાલા**

x x x

હજીરો વર્ષોથી રામકથા તો ભારતભરમાં થતી રહી છે. કૃષ્ણકથા પણ થતી રહી છે. શ્રોતાગણ સાંભળે પણ છે; પરંતુ વાસ્તવિક જીવનને સ્પર્શ કરતી હોય એવું ભાગ્યેજ જોવા મળે છે. શ્રી નારાયણભાઈ દેસાઈએ 'ગાંધી-કથા' દ્વારા આપણા રોજબરોજના જીવનને સ્પર્શતા પ્રશ્નોને શી રીતે ઉકેલી શકાય એ દર્શાવ્યું. એજ રીતે જૈનોના ઉપાશ્રયોમાં મહાવીર કથા પણ થતી જ રહે છે. પરંતુ શ્રી કુમારપાળ દેસાઈએ 'મહાવીર કથા' દ્વારા આજના કલુષિત અને હિંસાથી ત્રસ્ત વાતાવરણમાં, ઉપભોગથી વિનાશ તરફ દોડી રહેલી દુનિયાને, સુખી અને સમૃદ્ધ જીવનને કેમ વિકસાવી શકાય એ બાબત મહાવીરના જીવનને વિસ્તૃત સ્વરૂપે અને સામાન્ય બુદ્ધિને પણ સ્પર્શી જાય એ રીતે રજૂઆત કરીને સમાજની પ્રશંસનીય સેવા કરી છે. આજે જ્યારે શોષણ અને તેમાંથી નીપજતી હિંસાથી સમસ્ત વિશ્વ એક અકથ્ય મુંઝવણ અનુભવી રહેલ છે અને ખુદ સંયુક્ત રાષ્ટ્ર સંઘ પણ એ વાતનો સ્વીકાર કરી ચુકેલ છે કે 'અહિંસા' સિવાય કોઈ ઉપાય નથી ત્યારે આ કથા એક અદ્ભુત રીતે એ વાત સમજાવી જાય છે કે 'અહિંસા, અનેકાંતવાદ અને મર્યાદિત સંગ્રહ (અપરિગ્રહ)' એજ બધા પ્રશ્નોનો ઉકેલ લાવવા સક્ષમ છે. આ વાત ભારતભરમાં હિંદીમાં સર્વજન સુધી પહોંચે એટલું જ નહિ પણ અંગ્રેજી મારફત વિશ્વભરમાં વ્યાપે એજ અભ્યર્થના. શ્રી કુમારપાળભાઈને સાદર વંદન અને અભિનંદન અને શ્રી મુંબઈ જૈન યુવક સંઘે આ પ્રાથમિક પગલું ભર્યું તે પગલે પગલે વિશ્વની યાત્રા કરી સફળ બને એજ પ્રાર્થના.

❑ **કાકુલાલ છ. મહેતા**
(ફોન : 022-28988878)

x x x

શનિવાર ૨૭ માર્ચ, ૨૦૧૦ મારે માટે અને મારા જેવા અનેક માટે એક યાદગાર દિવસ થઈ ગયો.

આમ તો ટી.વી.પર ઘણાં સંતો-વક્તાઓ-જાણકારોના વ્યાખ્યાનો સતત સાંભળું છું. મારો શ્રી કુમારપાળભાઈ સાથેનો પરિચય વર્ષોનો છે. સંતશ્રી આનંદઘનજીના સ્તવનોનું રેકોર્ડીંગ કરવાનું હતું ત્યારે શ્રી કુમારપાળભાઈએ દરેક સ્તવન પછી પદ્યમાં સહેલાઈથી સમજી શકાય એવો સાર આપેલો અને પછી અનેક પ્રસંગોએ તેમની સાથે તેમના વ્યાખ્યાનના લાભ લેવાનો અવસર મળ્યો. પણ શનિવાર ૨૭ માર્ચ ૨૦૧૦ના રોજ કે. સી. કૉલેજના હૉલમાં જે રીતે મહાવીર કથા રજુ થઈ તે સાંભળીને, વર્ષો સુધી મેળવેલું-વાંચેલું-જાણેલું ભગવાન મહાવીર સ્વામી વિષેનું જ્ઞાન કરતાં એક તદ્દન નવો જ સુંદર અભિગમ પ્રાપ્ત થયો.

આ કથાની પ્રશંસામાં અનેક પૃષ્ઠો લખી શકાય પરંતુ આ ટૂંકી નોંધ પૂરી કરતા પહેલાં લખવું જોઈએ કે આવી અનેક કથાઓ થાય, તેના આયોજન જૈન યુવક સંઘ અને બીજી જૈન સંસ્થાઓ

ભારતમાં અને ભારત બહાર કરે અને ભગવાન મહાવીર સ્વામીનો સંદેશ ખૂણે-ખૂણે જૈનો અને જૈનેતરોમાં પ્રસરે તેવું આયોજન થાય.

❑ **નવનીતભાઈ શાહ** (આશાપુરા)
(મો. : 9821072959

x x x

**મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા** પ્રથમ વખત એક અનોખો અને **ચિર:સ્મરણીય** રહે તેવો **તા. ૨૭ માર્ચના** રોજ **કે. સી. કૉલેજના** સભાગૃહમાં, તા. ૨૮ માર્ચના રોજ **ભારતીય વિદ્યાભવન** ખાતે **પ્રભુ મહાવીર જન્મ કલ્યાણકના શુભ અવસરે, મહાવીર કથા ભાગ-૧, ભાગ-૨** નો કાર્યક્રમ સંપન્નથયો હતો. આ કાર્યક્રમ વિશેષ પ્રકારે હતો. સામાન્ય રીતે પ્રભુના જન્મકલ્યાણક નિમિતે મુંબઈની અનેક નામાંકિત, અગ્રગણ્ય સંસ્થાઓ, જૈન સમાજના ચારે ફિરકાઓ વિવિધ પ્રકારે આયોજન કરે છે. નવકાર મંત્રના જાપ, ભક્તિ ગીતો, સ્નાત્ર મહોત્સવ વિ. વિ. પણ જૈન યુવક સંઘના **પ્રમુખ શ્રી રસિકભાઈ શાહના** નેતૃત્વ હેઠળ, સંસ્થાના હોદ્દેદારો અને કારોબારી સમિતિના સભ્યોએ ખૂબ જ સુંદર રીતે મહાવીર કથાનું આયોજન કરી, શ્રુતજ્ઞાનના જિજ્ઞાસુ શ્રાવકોને **તત્ત્વચિંતક, લેખક, ડૉ. કુમારપાળભાઈ દેસાઈના** હસ્તે આ કથાનું રસપાન કરાવ્યું તે બદલ તેમને સૌને અભિનંદન આપીએ તેટલા ઓછાં છે.

દરેકે દરેક જૈનોને નાનાં-મોટાં સૌને પ્રભુ મહાવીરના જીવનચરિત્ર વિશે સંપૂર્ણ જાણકારી છે. પર્યુષણમાં 'કલ્પસૂત્ર' સાંભળીને પણ તેના વિશે જ્ઞાન જરૂર મેળવ્યું હશે. પુસ્તકોમાંથી પણ કેટલાંક શ્રાવકોએ વાંચન કરીને જ્ઞાન મેળવ્યું હશે. પણ આ મહાવીર કથા સાંભળવાની, વાત કંઈક જુદા જ પ્રકારે હતી.

**મા સરસ્વતીના પનોતા પુત્ર** એવા **ડૉ. કુમારપાળભાઈએ** ખૂબ જ ઊંડો અભ્યાસ કરી પ્રભુ મહાવીરના જન્મથી લઈને, તેમના કેવળજ્ઞાન સુધીના દરેકે દરેક પ્રસંગોમાંથી જે પ્રકારે તત્ત્વનો નિચોડ કાઢીને પોતાની સરળ અને જ્ઞાન સભર વાણીથી સૌને જ્ઞાનામૃતનું પાન કરાવ્યું હતું. તેની થોડીક ચિંતનીય અને મનનીય મુખ્ય મુખ્ય હાઈલાઈટ્સ નીચે મુજબ છે. **માનદ્ મંત્રી શ્રી ડૉ. ધનવંતભાઈ શાહે** પણ પોતાની પ્રસ્તાવના ભૂમિકામાં જણાવી દીધું હતું કે: **'આ મહાવીર કથા એ હૃદયમંજન છે. એકવાર મહાવીરને તમે જાણો-માનો-માણો અને પછી તેને પામો તો પરમપદ સુધી પહોંચી શકાય. ગુણોની વૃદ્ધિ કરવાની છે. ભીતરમાંથી જાગૃતિ રાખવાની છે.**

**ભ. મહાવીરે** આ વિશ્વને એક વાક્ય આપ્યું; **'એકો હું માણસ જાઈ.'** જેનો અર્થ સમજાવ્યો હતો કે **'હે, માનવો તમે બધાં એક થાઓ.** જૈન ધર્મ એ વીરોનો ધર્મ છે.

**આપણે ધર્મથી બહુ દૂર થતાં જઈએ છીએ** તે વાત સાચી છે. **મોક્ષ ક્રાંતિ, જીવનક્રાંતિ, આત્મક્રાંતિ** કરવાના માર્ગે આગળ વધી શક્યા નથી.

**'હું ભિક્ષુ છું'** ભગવાન મહાવીરે કેવી સરસ રીતે પોતાની ઓળખાણ આપી અને આપણે સામેની વ્યક્તિને કેટલો લાંબો લાંબો પરિચય આપીને મોટાઈ પ્રદર્શિત કરીએ છીએ.

**સ્ત્રીને સમાન અધિકાર, સ્ત્રીને સ્વતંત્ર વ્યક્તિત્વ આપનાર પ્રભુ મહાવીર જ** હતા. પત્ની યશોદા, પોતાની પુત્રી પ્રિયદર્શનાની પણ સંયમ મારગે જતાં પહેલાં ક્ષમા માંગી. પ્રભુ મહાવીરનું આ વિશિષ્ટ **મહાભિનિષ્ક્રમણ** કહેવાયું.

જેમ **આંબાની ગોટલીની અંદર જ આંબાનું વૃક્ષ સમાયું** છે તેમ **આપણાં સૌની ભીતરમાં જ ઈશ્વર છે. આત્માને ઓળખો. આત્માના હિતનું લક્ષ રાખો. આત્મા દ્વારા આત્માને ઓળખી પરમાત્મા બનવાનું છે. કાયાનું મૌન, ચક્ષુ મૌન ચિત્તનું મૌન-કાઉસગ્ગ, ધ્યાન, સાધનાની પદ્ધતિ** જાણવા-સમજવા મળી. માતા ત્રિશલાને આવેલાં **૧૪ સ્વપ્નાંઓ** પણ વિશેષ પ્રકારે અર્થ બતાવે છે. માત્ર પર્યુષણમાં સ્વપ્ના ઝુલાવી લેવાથી જીવનમાં કોઈ અર્થ સરતો નથી.

**સાદાણ પુત્રના** દૃષ્ટાંત પરથી આખા જગતને મોટો **કર્મવાદ** મળ્યો.

જૈન દર્શને એક વિરલ વાત કરી છે. ભગવાન મહાવીર એમ કહેતા નથી કે; **'તું મારે શરણે આવ, તે કહે છે કે તું ધર્મના શરણે જા, તો તારી મુક્તિ છે.'** ધર્મના ક્ષેત્રે માનવી માત્રએ **સ્વાવલંબી** બનવાનું છે.

**'અહિંસા, સંયમ અને તપ' એ બહારના તપ નથી. ભીતરના તપ છે. Art of Living –જીવન જીવવાની શ્રાવકની એક કળા બતાવી છે. વહેવાર બતાવ્યો છે. દુકાન અને દેરાસરનો** ભેદ જાણીને જૈનોએ આગળ વધવાનું છે. ચાર પ્રકારના શ્રમણોપાસક છે. તે જાણવા મળ્યું. **દર્પણ જેવા, ધ્વજા જેવા, સ્થાનુ જેવા (કદાગ્રહી) અને તીક્ષ્ણ કાંટા જેવા.**

**જો જૈન ધર્મ આપણને ન મળ્યો હોત તો આપણે કેવા હોત?**

**જૈન દર્શન આપણને ન મળ્યું હોત તો આપણે કેવા હોત?**

**પ્રભુ મહાવીર આપણને ન મળ્યા હોત તો આપણે કેવા હોત?**

**સત્ય, અહિંસા, અનેકાંતવાદ, અપરિગ્રહના સિદ્ધાંતો જો ન મળ્યા હોત તો આપણું જીવન કેવું હોત? અને જૈન યુવક સંઘે જો આવી મહાવીર કથાનું આયોજન ના કર્યું હોત તો આવો શ્રેષ્ઠ લાભ જ્ઞાન મેળવવા માટેનો આપણને ક્યાંથી મળત?**

**જૈન યુવક સંઘને ખાસ વિનંતી છે કે ફરી ફરી વર્ષમાં બે કે ત્રણ વાર આવી સુંદર વિષયોની માવજત સાથે કથાઓનું આયોજન કરતા રહો. જે સાંભળીને અનેક આત્માઓ બોધ પામી જશે ને આત્મ કલ્યાણના માર્ગે વિહરી રહેશે.**આભાર.

❑ **ભારતી બી. શાહ**
M : 9324115575

x x x

સંગીતની સુરાવલી સાથે સુમધુર વાતાવરણમાં પ્રભુ મહાવીરની કથાનો નવતર પ્રયોગ પ્રભુના જન્મદિને પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ દ્વારા પોતાની આગવી શૈલી અને લઢણથી રજૂ થયો. આ કથાની વિશિષ્ટતા એ હતી કે પ્રભુ મહાવીરના જીવન પ્રસંગોનું ચિંતન આજના સંદર્ભ પ્રમાણે ડૉ. દેસાઈએ રજૂ કર્યું.

અનાર્ય દેશમાં ફરતા મહાવીર પ્રભુ અને નોઆખલીમાં ફાટી નીકળેલ કોમી તોફાનોને રોકવા દોડી ગયેલા મહાત્મા ગાંધી બાપુ, આ બંને મહાપુરુષોમાં એક જ સામ્ય હતું અને તે એ કે તેઓ જનમાનસમાં ઘર કરી ગયેલ હિંસાને કાયમી રીતે દૂર કરવા માંગતા હતા. એ માટે તેમણે અહિંસા અને નિર્ભયતાનું વાતાવરણ ઊભું કર્યું અને તે દ્વારા તેઓ હિંસક લોકોના માનસપટ પર અહિંસા અને અભયના બીજ રોપવામાં સક્ષમ નીવડ્યા.

ડૉ. દેસાઈએ જૈનોને મહાવીર સ્વામી જેવા વીર થવા અને કર્તવ્યપાલનનો બોધ આપ્યો. તેમણે આજની યુવા પેઢીને વિજ્ઞાનની ગતિ અપનાવી વિશ્વમાં જૈનદર્શનનો પ્રચાર કરવાનું આહ્વાન કર્યું. પ્રભુ મહાવીરે કરેલ જાતિવાદનો વિરોધ અને નારીશક્તિના ઉદાહરણોને ડૉ. દેસાઈએ ઘણાં જ ધારદાર રીતે રજૂ કર્યા.

કથાને અનુરૂપ વ્યાસપીઠ જેને ડૉ. ધનવંતભાઈ શાહે જ્ઞાનપીઠ કહીને સંબોધી હતી એ નામ પણ ઘણું સાર્થક નીવડ્યું. જ્ઞાનપીઠની પશ્ચાદ્ ભીંત પર પ્રદર્શિત કરાયેલ દુર્લભ ચિત્રો ઘણાં જ ચિત્તાકર્ષક લાગતા હતા.

આ કથાના વ્યાખ્યાતા ડૉ. કુમારપાળ દેસાઈ અને આયોજન શ્રી જૈન યુવક સંઘને ઘણાં ઘણાં ધન્યવાદ.

❑ રેણુકા પોરવાલ

x x x

ભાઈશ્રી ધનવંતભાઈ,

આજે ભારતીય વિદ્યા ભવનમાં ભાઈશ્રી કુમારપાળનું વક્તવ્ય સાંભળી અમે સૌ મહાવીરમય થઈ ગયા. એમનું અધ્યયન, મનન અને સ્મરણને વિષયને દર્શાવવાની એક આગવી કળા છે. ૨૬૦૦ વર્ષના ગાળામાં આપણને મહાવીરે કેટલું જીવન દર્શન આપ્યું તે અલગ અલગ દૃષ્ટિકોણથી જૈન તત્ત્વને ખાસ કરીને અનેકાન્તવાદ અને સત્ય ઉપર ભાર મૂકીને અનેક ધર્મો સાથે સરખાવી ગ્લોબલાઈઝેશનનો આજનો અભિગમ અને આઈન્સ્ટાઈનની વાતો આપણને ભગવાન મહાવીરે વર્ષો પહેલાં કહેલી તે ભાઈશ્રી કુમારપાળએ એમની વક્તવ્યકળાથી સમજાવ્યું. ગહન વિષયને પણ સહેલો અને આનન્દમય બનાવ્યો.

આશરે ત્રણ કલાક સુધી વાણીનો વિલાસ સાંભળ્યા પછી હર્ષોલ્લાસથી બહાર નીકળીએ ત્યારે આપણે કેટલું મેળવ્યું તેના લેખા જોખા થાય અને હવે સ્મરણ અને આચરણની કસોટી થશે.

ધનવંતભાઈ આપનું એડમિસ્ટ્રેશન, Infrastructure (મારું ગુજરાતી કાચું છે) અને વ્યવહારકુશળતા અભિનંદનને પાત્ર છે. શ્રી મુંબઈ જૈન યુવક સંઘ સાથે હું પરમાનંદભાઈના વખતથી જોડાયેલી છું. સંવત્સરીના અને બીજા બધા વ્યાખ્યાનો મેં સાંભળ્યા છે. હું મને નસીબદાર ગણું છું. આટલું વૈવિધ્ય વાંચન અને મનન દર વર્ષે સાંભળવા મળે છે. આપના જેવા સુકાની મળવાથી ઉત્તરોત્તર એની પ્રગતિ થશે તેની ખાત્રી છે. આપને ધન્યવાદ.

❑ પુષ્પા ભણશાળી

પ્રબુદ્ધ જીવનની પ્રસંશક

✷ ✷ ✷


**શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર સંચાલિત**

## જ્ઞાનતીર્થ

**આચાર્યશ્રી કૈલાસસાગરસૂરિ જ્ઞાનમંદિર, કોબા**

**આપે છે સપનાઓની કારકીર્દી માટે ઉજ્જવળ તક...**

જૈનધર્મ, ભારતીય સંસ્કૃતિ, વૈદિક ધર્મ, પ્રાચ્યવિદ્યા અને સાહિત્યની બે લાખ જેટલી હસ્તપ્રતો અને દોઢ લાખ મુદ્રિત પુસ્તકો-પ્રતો સહિતનો વિશાળ સંગ્રહ ધરાવતો વિશ્વનો સૌથી વિશાળ અને અદ્યતન જૈન જ્ઞાનભંડાર પૂ. સાધુ-સાધ્વી ભગવંતો તેમજ સંશોધકોને આગમ, ન્યાય, દર્શન, યોગ, સાહિત્ય, વ્યાકરણ, જ્યોતિષ, આયુર્વેદ, ભારતીય પ્રાચીન સભ્યતા-સંસ્કૃતિના સંબંધિત સાહિત્ય ઉપલબ્ધ કરાવવામાં અગ્રણી છે અને આ સાહિત્યને ભવિષ્યની પેઢીઓ માટે સંરક્ષિત કરવાનું કાર્ય કરે છે.

આ જ્ઞાનમંદિર જૈન ધર્મ અને સંસ્કૃતિના પ્રસાર-પ્રચારનું કાર્ય કરે છે. જે જૈન સંઘો માટે ખૂબ જ મહત્ત્વ ધરાવે છે. તેમજ પ. પૂ. સાધુ-સાધ્વી ભગવંતો અને વિદ્વાનો માટે ખૂબ જ અગત્યની સેવાઓ આપવાનું કાર્ય સતત બજાવે છે.

**હસ્તપ્રતસૂચિ કાર્યો માટે**–ગુજરાતી, હિન્દી, સંસ્કૃત, પ્રાકૃત ભાષા તથા જૈન ધર્મ, જૈન સાહિત્યનું પાયાનું જ્ઞાન, પ્રાચીન લિપિ, અંગ્રેજી તથા કૉમ્પ્યુટરની જાણકારી આવકાર્ય.

**ગ્રંથાલયના વિવિધ કાર્યો માટે સહાયકો:**–પ્રાકૃત, સંસ્કૃત, ગુજરાતી, અંગ્રેજી, હિંદી ભાષા તેમજ કૉમ્પ્યુટરની જાણકારી, જૈન ધર્મ તથા સાહિત્યનું પાયાનું જ્ઞાન, જૈનેતર ધર્મ/સાહિત્યની જાણકારી આવકાર્ય.

ગુજરાતી, હિંદી અને અંગ્રેજી ભાષાના સારા પ્રૂફ રીડરો.

વેતન :– આ ક્ષેત્રમાં આકર્ષક કહી શકાય તેવું માનદેય વેતન તો ખરું જ.

ઉજ્જવળ કારકીર્દી માટે જોડાવાનું સંસ્થા નિમંત્રણ પાઠવે છે.

સંપર્ક : કનુભાઈ શાહ નિયામક,
આચાર્યશ્રી કૈલાસસાગરસૂરિ જ્ઞાનમંદિર,
કોબા, ગાંધીનગર-382007
ફોન-(079) 23276252

# જયભિખ્ખુ જીવનધારા : ૧૭

□ ડૉ. કુમારપાળ દેસાઈ

*[માનવતા., મૂલ્યનિષ્ઠા અને રાષ્ટ્રપ્રેમનું સત્ત્વશીલ સાહિત્ય સર્જનાર 'જયભિખ્ખુ'ના કુમારાવસ્થાના આ પ્રસંગોમાં એમના વ્યક્તિત્વના બદલાતા રંગો દૃષ્ટિગોચર થાય છે. ગભરુ અને કાયર બાળક સંજોગોથી ઘડાઈને કઈ રીતે સાહસિક અને જવાંમર્દ બને છે એનો આલેખ આ પ્રસંગમાં જોવા મળે છે. આજથી એકસો વર્ષ પૂર્વેના ગામડાના સામાજિક પરિવેશમાં બનેલી આ ઘટનાઓ વાચકને સર્વથી ભિન્ન સૃષ્ટિનો અનુભવ કરાવશે. 'જયભિખ્ખુ' જીવનમાં જવાંમર્દીનાં રંગો પૂરનારી ઘટના જોઈએ આ સત્તરમા પ્રકરણમાં.]*

## મૃત્યુ સામે મર્દાનગી

ઉત્તર ગુજરાતના રળિયામણા વરસોડા ગામ અને નજીક વહેતી સાબરમતી નદી વચ્ચે દોઢેક ગાઉનું અંતર હતું, પરંતુ વહેતી નદી અને વસેલા ગામની વચ્ચે નિર્જન અને ભેંકાર વાંઘાં-કોતર આવ્યાં હતાં. આ ઊંડાં કોતરોની વચ્ચેથી પસાર થતી નાનકડી કેડી કે અત્યંત સાંકડા રસ્તા પર ચાલતી વખતે ભલભલાની હિંમત ધ્રૂજવા લાગતી હતી. વળી આ ઊંચા કોતરોની બખોલમાંથી બહારવટિયાઓ કે જંગલી પશુઓ ક્યારે, ક્યાંથી અને કઈ રીતે ધસી આવશે તેની પળેપળ દહેશત રહેતી હતી અને તેથી સાંજ પછી ત્યાંથી નીકળવાની કોઈ હામ ભીડતું નહીં. વળી આ કોતરોમાં આવેલા નપાણિયા, અવાવરુ કૂવાઓ વિશેની ભૂત-પ્રેતની પ્રચલિત કથાઓ આ ભેંકાર વાતાવરણની શૂન્યતામાં વિશેષ ભયાનકતાનું ઉમેરણ કરતા હતા.

સાબરમતી નદી પર નહાવા ગયેલા ભીખાલાલે ('જયભિખ્ખુ'નું હુલામણું નામ) નદીમાં ધબાકા મારતી વખતે વડીલ પાસેથી માંગીને લીધેલી વિદેશી ઘડિયાળ નદી કિનારે આવેલા પીપળાના થડની બખોલમાં મૂકી હતી અને અંધારું થતાં ઝટ પાછા વળવાની ઉતાવળમાં ભૂલી ગયા. એમના મિત્ર જગત સાથે ભીખો રાતના ઘેરા અંધકારમાં હાથમાં કડીયાળી ડાંગ સાથે નદીકિનારે વૃક્ષ નીચે મૂકેલી ઘડિયાળ લેવા વાંઘાંઓમાંથી પસાર થતો હતો.

મધરાતનો સુસવાટાભર્યો અવાજ કરતો ઠંડો પવન વાતો હતો. માનવીનાં પગલાંના અવાજથી શિયાળવાં અને ઘોરખોદિયાં રસ્તાની બાજુમાં લપાઈ-છૂપાઈને ચાલતાં હતાં.

બન્ને મિત્રો સાબરમતીના રેતાળ પટ પર આવી પહોંચ્યા, ત્યાં અચાનક એક મોટો છીંકોટો (છીંકનો અવાજ) સંભળાયો અને ડરી ગયેલો ભીખો જગતનું કાંડું પકડીને ઊભો રહી ગયો. સાબરમતી નદીની રેતીના પટના પ્રારંભ અને કોતરના છેલ્લા ખૂણાના અંતના સંધિસ્થળે બે ગોઠિયા એકાએક ઊભા રહી ગયા. અંધકારમાં ધીમા પગલે, સહેજ ડોલતા સામે આવતા એ કાળા પડછાયાને જોઈને ભીખાને તો થયું કે નક્કી આ ભૂત જ છે, પરંતુ ખેડૂતના દીકરા જગતે પારખી લીધું કે આ તો કાળમુખું રીંછ છે. એણે કહ્યું,

'ભીખા, આ ભૂત નહીં, પણ રીંછ છે. મહુડાની આ ઋતુ છે અને રીંછને મહુડાં ખૂબ ભાવે. એ મળે એટલે અકરાંતિયાની જેમ ખાવા લાગી જાય. ખાતાં ખાતાં ભાન ભૂલી જાય અને પછી મહુડાંના ઘેનમાં એ ડોલવા લાગે. વળી રીંછને મહુડાંનું ઘેન ચડ્યું હોય, ત્યારે છંછેડવું સારું નહીં.'

ખેડૂતના દીકરાએ સ્વાનુભવની રજૂઆત કરી અને બંને એ આકારને સામે આવતો જોઈ રહ્યા. રીંછ પોતાની સામે આવતું હતું એટલે જગતે ભીખાને કહ્યું, 'જો, અત્યારે સામા પગલે જવામાં સાર નથી. સાપના રાફડામાં હાથ ઘાલીને કાળવિષ નાગને ડોકથી પકડાય નહીં. માટે ચાલ, ધીરેથી પેલા વૃક્ષ પર ચડી જઈએ. એ અહીંથી વિદાય પામે, તેની રાહ જોઈએ.'

કોતરના છેડે ઊગેલા વૃક્ષ પર બન્ને મિત્રો ચડી ગયા. ઊપલી ડાળે ભીખો બેઠો હતો અને નીચેની ડાળે જગત. બન્ને રાહ જોતા હતા કે ક્યારે દિવસ દરમ્યાન કોતરોમાં આરામ કરીને સાંજના સમયે ખોરાકની શોધમાં નીકળેલું રીંછ અહીંથી પસાર થઈ જાય અને હેમખેમ નીચે ઊતરીએ. ગળા અને ખભા પર લાંબા કેશ ધરાવતું બરછટ વાળવાળું રીંછ ધીરે ધીરે આ વૃક્ષની નજીક પહોંચ્યું અને એની નીચે બેસીને એ બે પગ ઊંચા કરી ઝીણા અને લાંબા નહોરથી મોઢું ખંજવાળવા લાગ્યું. ભીખો મૂંઝાયો. હવે રીંછ કરશે શું ? મનમાં થયું પણ ખરું કે એના જેવો મૂર્ખ અને બેસમજ બીજો કોઈ નહીં હોય. અંધારી રાતે ભેંકાર કોતરમાં બહાર નીકળનારે સફેદ કપડાં પહેરવાં જોઈએ નહીં, કારણ કે અંધારી કાળી રાતમાં સફેદ કપડાં પહેરનાર અંધકારમાં જુદો તરી આવે છે. ભીખાએ નવી કડકડતી સફેદ બંડી પહેરી હતી અને બપોરે જ ખૂબ ધોઈ-ધોઈને ચોખ્ખો-ચણાક કરેલો પાયજામો પહોર્યો હતો.

ભયભીત ભીખાના મનમાં વળી વિચાર ઝબક્યો કે આજે સવારે કોનું મોઢું જોઈને ઊઠ્યો હોઈશ કે જેને કારણે આજે જ્યાં જુઓ ત્યાં આફત જ આવે છે!

વૃક્ષની નીચે બેઠેલું રીંછ સહેજ આગળ વધ્યું ખરું, પણ ન જાણે શું થયું કે એણે વળી પાછાં પગલાં ભર્યાં અને ફરી ઝાડ નીચે અડિંગો જમાવી દીધો. આગળના બે પગ ઊંચા કરી પોતાનું મોં ખંજવાળવા લાગ્યું. ભીખાને થયું કે રીંછ શા માટે વારંવાર એના બેડોળ મુખને આ રીતે ખંજવાળતું હશે ? એ પછી રીંછ ધીરે ધીરે ઝાડ પર ચડવાનો

પ્રયત્ન કરવા લાગ્યું. ભીખા અને જગતની નજર રીંછની એકેએક ચેષ્ટા પર નોંધાયેલી હતી. રીંછ ઝાડ નીચે નિરાંતે બેસે, તો બંનેના જીવ ઊંચા થઈ જાય. સહેજ આઘુંપાછું થાય, તો થોડી નિરાંત વળે.

ભીખા અને જગતે જોયું તો આફત ધીરે ધીરે ડોલતી એમની સામે આવતી હતી. નીચેની ડાળીએ રહેલો જગત એકદમ સાવધાન થયો અને કડિયાળી ડાંગ હાથમાં તોળી લીધી. નીચેની ડાળીએ હોવાથી ખુંખાર રીંછનો પહેલો મુકાબલો એણે કરવાનો હતો અને એ માટે એ પૂરો સુસજ્જ હતો. વૃક્ષનું થડ ચડીને ઉપર આવેલા રીંછે પહેલાં જગતને જોયો અને એની આંખોમાં ઝનૂન ઊભરાયું. એણે જોરથી વાતાવરણની સ્તબ્ધતાને ભાંગતો ભલભલાને ધ્રુજાવનારો છીંકોટો કર્યો, પણ જગત સાવધ હતો. લચીલા હોઠ, ચીકણી જીભ અને તીણા દાંતવાળું રીંછ જગત તરફ ધસ્યું કે એની સામે જગતે કડિયાળી ડાંગ ઉગામીને એના કેશાચ્છાદિત કપાળ પર ફટકારી. રીંછ ઝાડ પરથી લપસીને મોટા અવાજ સાથે જમીન પર પડ્યું.

એવામાં વળી એક બીજો અવાજ સંભળાયો અને તે એ કે રીંછના કપાળમાં જોરથી કડિયાળી ડાંગ મારવા જતાં જે ડાળ પર જગત બેઠો હતો, તે ડાળ કડેડાટ અવાજ સાથે તૂટી પડી અને જગત જમીન પર પછડાયો. ભીખાના ચિત્તમાં વિચાર ઝબકી ગયો કે આ તો 'હવેલી લેતાં ગુજરાત ખોઈ' જેવું થશે. એક ઘડિયાળને માટે જગતના જીવનું સાટું!

ભીખાને પોતાની મૂર્ખતા માટે પારાવાર પસ્તાવો થયો. અંધારી રાતમાં એકાએક આ વિચાર ભીખાના મનમાં ઝબક્યો. પણ ત્યાં તો ફરીવાર જમીન પર પછડાયેલા રીંછનો છીંકોટો સંભળાયો અને એ પોતાના દુશ્મનને મારી નાખવા માટે ચાર પગે તૈયાર થઈ ગયું હતું. સળગતા નાના અંગારા જેવી એની આંખોમાં ખૂની આતશ જલતો હતો. શિકારનો નાશ કરી નાખવાના મનસુબાને કારણે એના પંજાના નહોર થનગની રહ્યા હતા. જગત પર એ હુમલો કરવાની તૈયારી કરતું હતું અને ઉશ્કેરાયેલું, નશાબાજ, જીવ-તરસ્યું રીંછ એનો પંજો ઉગામીને ત્રાટકવાની તૈયારી કરતું હતું.

ભારે કટોકટીની ક્ષણ આવી હતી. ગુસ્સામાં રીંછ એના ઝીણા દાંત કચડતું હતું અને ભયંકર છીંકોટા સાથે એણે પોતાના શિકાર પર હુમલો કર્યો. કોતરોએ સામસામે એ છીંકોટાનો પડઘો પાડ્યો. રાક્ષસી દાંતો અને તીણા નહોર ક્ષણવારમાં જગતની ભરાવદાર ગરદનને છૂંદી નાંખે તેમ હતા.

વૃક્ષ પર બેઠેલો ભીખો સહીસલામત હતો. રીંછ ફરી ઝાડ પર ચડવાનો વિચાર કરે એ શકય નહોતું. જંગલી પ્રાણીની એ ખાસિયત હોય છે કે એક વાર જ્યાં ઠગાયું કે ઘવાયું હોય ત્યાં ફરી પાછું ન આવે. ભીખાના જીવને નિરાંત હતી. પરંતુ જગતનો એને ભારે ઉચાટ હતો. એ વિચારતો હતો કે ગમે તે થાય, પણ પોતાના સુખદુ:ખના સાથી જગતને બચાવવો જોઈએ. રીંછ એને ફાડી ખાશે તો હું જગતને શું મોં બતાવીશ. બીજી બાજુ એમ પણ લાગતું હતું કે પોતે જગત જેવો જોરાવર નથી એટલે રીંછ સાથે બાથ ભીડી શકે તેમ નથી, આથી મોત નિશ્ચિત જણાતું હતું. પણ મિત્રની પડખોપડખ મોતને ભેટવાની મજા માણવા ભીખો તૈયાર થયો!

આ કપરી ક્ષણે ભીખાના ચિત્તમાં કેટલાય સંકલ્પ-વિકલ્પો જાગ્યા. એના મનમાં ચાલતા વિચારના વેગની ગતિ કલ્પવી મુશ્કેલ હતી. આખરે એણે ઘડિયાળ શોધવા મદદે આવેલા મિત્રને તમામ સાથ આપવાનું નક્કી કર્યું. જગત પર હુમલો કરવા તત્પર રીંછ પર એણે બજરંગબલિનું સ્મરણ કરીને નીચે કૂદકો માર્યો. મોત તો સામે હતું જ, પણ મર્દાનગી માણીને શા માટે ન મરવું?

આ જવાંમર્દીના વિચારોએ ભીખામાં નવા જોશ અને હિંમત જગાવ્યાં. એની ભયભરેલી ભીરુ સૃષ્ટિમાં નવો ચમત્કાર સર્જાયો. એના શરીરમાં જાણે એક નવી શક્તિ પેદા થઈ. એ રીંછ પર બરાબર કૂદી ન શક્યો, પણ એની બાજુએ પડ્યો. છતાં એનો એટલો હેતુ સફળ થયો કે જગત તરફ પોતાની ઝીણી આંખ ટેકવીને હુમલો કરવા જતા રીંછને એ નવા શિકાર તરફ વાળી શક્યો. રીંછ જગતને બદલે ભીખા તરફ ધસ્યું અને ભીખાએ બીજી જ ક્ષણે ટટ્ટાર થઈને રીંછ પર કડિયાળી લાકડીનો સપાટો બોલાવ્યો. રીંછ જમીન પર પડ્યું. ભીખાએ ધાર્યું કે હવે તો એ રામશરણ થઈ ગયું છે. જખ્મી જગત માથા પર થયેલી ઈજાઓને કારણે બાજુમાં બેભાન થઈને પડ્યો હતો. ભીખો પોતાના મિત્રની સંભાળ લેવા માટે એની પાસે ગયો. એના અજાગ્રત દેહ પર હાથ ફેરવે, ત્યાં તો પાછળથી કોઈ એને બાઝી પડ્યું હોય એમ લાગ્યું.

ભીખો શું વિચારે! એણે વિચાર્યું કે નક્કી કોઈ ભૂત વાંઘાંમાંથી આવીને એને પાછળથી વળગી પડ્યું છે. અવાવરું કૂવામાંથી અપમૃત્યુ પામેલી કોઈ ચૂડેલ રાતના રૂમઝૂમ કરતી ફરવા નીકળી હશે અને એણે તેને પકડી લીધો છે. ભૂતના વિચારે આ ભડવીર બનેલા ભીખામાં ભયની કંપારી જગાવી. છેક બાળપણથી ભૂતની વાતો એના મનમાં ઘર કરી ગઈ હતી. એ મનના તળમાં રહેલો ભય બહાર આવી ગયો. ભીખો હજી આ ભયની કમકમાટી અનુભવે કે બીજી જ પળે એનું નાક મહુડાની ગંધથી ગૂંગળામણ અનુભવવા લાગ્યું.

'અરે! આ તો શેતાન રીંછ!' ભીખાથી બૂમ પડાઈ ગઈ.

કડિયાળી ડાંગ તો રીંછના માથા પર ફટકાર્યા પછી દૂર પડી હતી. આથી હવે મરણિયા થઈને હાથે-પગે એનો સામનો કરવા સિવાય બીજો કોઈ ઉપાય નહોતો. રીંછ પણ ઝનૂને ભરાયું હતું અને એ લાગ મળે ભીખાના શરીર પર બચકું ભરવા મથતું હતું. ખૂબ મથ્યા પછી ભીખો માંડ માંડ રીંછના ગળાની આસપાસ હાથનો ભરડો લગાવી શક્યો, પરંતુ રીંછના ગળાને પકડવા જતાં એના પગ છૂટા થઈ ગયા અને એણે ભીખાની કમર પર નહોર ભેરવ્યા.

ભારે બાથંબાથી ચાલી. એક તરફ ભીખો જોરથી રીંછનું ગળું

દાબતો હતો, તો બીજી બાજુ રીંછ પણ ભીખાની કમરમાં નહોર ભોંકતું જતું હતું. મોતને સામે જોઈને ભીખામાં નવું જોશ પ્રગટ્યું. બાળપણમાં ઘુવડ અને ચીબરીથી ડરનાર ભીખો હવે રીંછનો જીવસટોસટનો સામનો કરતો હતો. ભીખાએ પહેલી વાર બીક બાજુએ મૂકી અને હિંમતભર્યા સાહસનો સાથ લીધો.

એવામાં થોડો સ્વસ્થ થયેલો જગત ઊઠ્યો, હાથમાં કડિયાળી ડાંગ લીધી અને રીંછના પાછલા પગે જોરથી ફટકારી. રીંછ નીચે પડી ગયું અને એની સાથોસાથ એના ગળા પર ભીખાએ લગાવેલી ભીંસ પણ છૂટી ગઈ.

જગતની કડિયાળી ડાંગ બીજા ઘા કરવા માટે તૈયાર હતી. એણે ડાંગ ઊંચી કરીને જોરથી પ્રહાર કર્યો. ભીખાએ દોડીને પોતાની કડિયાળી ડાંગ લીધી અને પછી બંનેએ રીંછ પર કડિયાળી ડાંગનો મુશળધાર વરસાદ વરસાવ્યો.

રીંછે એનો આખરી દાવ અજમાવવા માડ્યું અને અતિ ઘાયલ થયેલું રીંછ મરી ગયું હોમ તેમ ધરતી પર ઢળી પડ્યું. આ ખંધું પ્રાણી હંમેશને માટે તરફડીને શાંત ન થાય, ત્યાં સુધી બંને મિત્રો સાવધાનીથી કડિયાળી ડાંગ સાથે ઊભા રહ્યા. બંને થાકીને લોથપોથ થઈ ગયા હતા. એકબીજાના હાથ પકડીને જમીન પર બેઠા અને અંધારિયાની દશમનો નાનકડો ચંદ્ર દૂર દૂર આકાશમાં ઊગતો જોઈ બંને ગોઠિયાઓએ અનુમાન કર્યું કે લગભગ રાતના ત્રણ વાગી ચૂક્યા છે.

ભીખાએ પોતાના ગોઠિયાને કહ્યું, 'જગત, ચાલ, ધીરે ધીરે ઘર ભેગા થઈ જઈએ.'

'અને ઘડિયાળ? જેને માટે મોતનો મુકાબલો કર્યો એનું શું?' જગતે વળતો પ્રશ્ન કર્યો. **(ક્રમશઃ)**

૧૩/બી, ચંદ્રનગર સોસાયટી, જયભિખ્ખુ માર્ગ, પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭.
ટેલિફોન : ૦૭૯-૨૬૬૦૨૬૭૫.
મોબાઈલ : ૦૯૮૨૪૦૧૯૯૨૫

'પ્રબુદ્ધ જીવન'ના વાંચકોને આ પ્રશ્ન પત્ર 'હા-ના'માં ભરીને, પાનાં ૩ ઉપર નીચે દર્શાવેલ આ સંસ્થાના સરનામે પોષ્ટ કરવા વિનંતિ. આશા છે કે સહકાર આપી આપ વાચકધર્મ પાળશો.

## પ્રશ્નપત્ર

રેપર ઉપરનો નંબર ____________

વાચકનું નામ : ____________

પાકું સરનામું : ____________

____________

____________

ટેલિફોન નંબર ઑફિસ :-

ટેલિફોન નંબર ઘર :-

મોબાઈલ નં. :-

ઈ. મેઇલ ID :-

(૧) 'પ્રબુદ્ધ જીવન' આપને નિયમિત મળે છે?......................................હા / ના

(૨) પ્રબુદ્ધ જીવન આપના ઘરમાં વંચાય છે?..........................................હા / ના

(૩) આપના પરિવારમાં વર્તમાન પેઢી અંગ્રેજી માધ્યમમાં ભણતી હોઈ, ગુજરાતી ભાષી 'પ્રબુદ્ધ જીવન' વાંચે છે?......................................હા / ના

(૪) આપ ઈચ્છો છો કે નવી પેઢી માટે 'પ્રબુદ્ધ જીવન' અંગ્રેજીમાં પ્રકાશિત થવું જોઈએ (થોડા લેખો)................................હા / ના

(૫) જે સરનામે આપને 'પ્રબુદ્ધ જીવન' મળે છે તેમાં ફેરફાર છે? હોય તો નવું સરનામું જણાવશો. ................................હા / ના

(૬) વર્તમાન પરિસ્થિતિને કારણે 'પ્રબુદ્ધ જીવન' આપના પરિવારમાં ન જ વંચાતું હોય તો એ આપને મોકલવાનું બંધ કરીએ ?....હા / ના

(૭) ભૂલથી 'પ્રબુદ્ધ જીવન' ની બે નકલ મળે છે? ..................................હા / ના
મળતી હોય તો બંનેના રેપર મોકલવા કેન્સલ માટે ભલામણ કરવી.

(૮) કેટલાંક જિજ્ઞાસુ સજ્જનો સાથે ચર્ચા કરતા જાણવા મળ્યું કે વર્તમાન વયસ્કોની એક પૂરી પેઢીએ વરસોથી નિયમિત 'પ્રબુદ્ધ જીવન'નું વાંચન કર્યું છે. પરંતુ કાળના ક્રમે આ વાચકવર્ગ વિદાય થતો જાય છે, એટલે દશેક વર્ષ પછી આવા સામયિકનું ભવિષ્ય શું? શ્રદ્ધા રાખીને 'પ્રબુદ્ધ જીવન'નું પ્રકાશન કરતા જ રહેવું? .....................................હા / ના

(૯) આપના અન્ય અમુલ્ય સૂચનો જણાવશો.

૧. ____________

____________

૨. ____________

____________

# શ્રી જૈન મહાવીર ગીતા-એક દર્શન: ૧૮

❑ પ. પૂ. આચાર્યશ્રી વાત્સલ્યદીપસૂરિજી

### અષ્ટાદશ પ્રકરણ

યોગનિષ્ઠ આચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરીશ્વરજી રચિત્ 'શ્રી જૈન મહાવીર ગીતા'માં સોળ અધ્યાય પૂરા થયા પછી જે છ સ્વતંત્ર પ્રકરણ છે તેમાં પ્રથમ 'મંત્રયોગ' છે અને પછી દ્વિતિય 'ગૌતમસ્તુતિ' છે.

શ્રમણ ભગવાન મહાવીર પ્રત્યે અદ્‌ભુત ભક્તિભાવ ધરાવતા અને સંપૂર્ણ ભક્તિભાવ ધરાવતા અનંત લબ્ધિનિધાન શ્રી ગૌતમસ્વામીજી પ્રત્યેક જૈનના હૃદયમાં વસેલા છે. સમર્પિત શિષ્યત્વ કોને કહેવાય એ જાણવાની જિજ્ઞાસા રાખનારે શ્રી ગૌતમસ્વામીજીના જીવનથી પરિચિત થઈ જવું જોઈએ. અણધાર્યા સંજોગોમાં શ્રી ઈન્દ્રભૂતિ ગૌતમે જાણ્યું કે ભગવાન મહાવીર નામની એક વ્યક્તિ પાવાપુરીમાં છે અને સૌ તેમને સર્વજ્ઞ તરીકે જાણે છે તે ક્ષણે શ્રી ઈન્દ્રભૂતિ ગૌતમનું અભિમાન છંછેડાયું અને એમાંથી તેમને ભગવાન મહાવીરનો ભેટો થયો. અભિમાનના ડંખને કારણે શ્રી ઈન્દ્રભૂતિ ગૌતમને ભગવાન મહાવીર મળ્યા એ જગપ્રસિદ્ધ ઘટના છે પણ એ ક્ષણે આપણને સૌને જ્ઞાન ભંડાર, ગુણના ભંડાર, અનંતલબ્ધિના ભંડાર એવા શ્રી ગૌતમસ્વામી મહારાજની પ્રાપ્તિ થઈ તે કેવી મહાન ઘટના છે!

આગમસૂત્રમાં વર્ણવ્યા મુજબ વિનય અને વિવેકથી ભરેલા શ્રી ગૌતમસ્વામી ૫૦ હજાર શિષ્યોના સદ્‌ગુરુ હોવા થતાં પોતે તો આજીવન પ્રભુના વિનમ્ર શિષ્ય જ રહ્યા હતા. કેવળ સત્ય જાણવાની જિજ્ઞાસાથી પ્રભુને તેઓ સતત પ્રશ્ન કરતા અને જે પ્રત્યુત્તર મળતો તેમાંથી સકળ સંઘને અલૌકિક તત્ત્વ પામ્યાની તૃપ્તિ થતી. સકળ લોકની જિજ્ઞાસા સંતુષ્ટ કરવા માટેના એક માત્ર પ્રતિનિધિ શ્રી ગૌતમસ્વામી હતા. શ્રી ગૌતમ સ્વામીની પ્રશ્નધારામાંથી વિદ્યમાન તત્ત્વજ્ઞાનનું મહતિ ક્ષેત્ર ખેડાયેલું છે. વિદ્યમાન આગમભંડાર આ પ્રશ્ન અને પ્રત્યુત્તરમાંથી સાંપડેલા જ્ઞાનરાશિથી શોભે છે. શ્રી ગૌતમસ્વામી જેમ વિનમ્ર શિષ્ય છે તેમ અભિમાનમુક્ત જીવન જીવનાર વ્યક્તિત્વ ધરાવે છે. જ્યારે એમણે જાણ્યું કે આનંદશ્રાવક સાચા છે અને પોતે જે કહે છે તેમાં ભૂલ છે તે જ ક્ષણે કોઈપણ ખચકાટ વિના તેઓ આનંદશ્રાવકને મિચ્છામિ દુક્કડં દેવા જાય છે. આ નિરાભિમાનીપણું તેમને માટે સાવ સહજ હતું. શ્રી ગૌતમસ્વામી ભગવાન મહાવીરના પ્રથમ પટ્ટધર અને અગિયાર ગણધરોમાં સૌથી વડેરા અને જીવંત લબ્ધિનિધાન હોવા છતાં તેમની ભક્તિ પોતાના ગુરુ ભગવાન મહાવીર પ્રત્યે અખંડ વહેતી સરિતાની જેમ ઘૂઘવતી હતી. શ્રી ગૌતમસ્વામી એક પળ માટે પણ જુદા થવાનું પસંદ કરતા ન હતા. જીવનની પ્રત્યેક ક્ષણ પ્રભુના શરણમાં વિતાવીને પ્રભુનું અપૂર્વ ગુણવૈભવ પામવા અને સમજવા તેઓ સતત મથ્યા કરતા. દીક્ષાના પ્રથમ દિવસથી નિયમિત અને અખંડપણે પ્રભુ માટે ગોચરી લેવા તેઓ જ જતા. કોઈ બીજું જાય તો તેઓ નાના બાળકની જેમ પોતાનો આ હક કોઈ લઈ લે છે તેમ માનીને રડી પડતા. દીક્ષાના પ્રથમ દિવસે એમણે પ્રભુ પાસે પ્રતિજ્ઞા ગ્રહણ કરી હતી કે જ્યાં સુધી મને કેવળજ્ઞાન નહીં થાય ત્યાં સુધી પોતે છઠ (બે ઉપવાસ)ના પારણે એકાસણું કરીને છઠની તપશ્ચર્યા કરશે. એમણે સળંગ ત્રીસ વર્ષ સુધી છઠની તપશ્ચર્યા કરી હતી. કેવળજ્ઞાનની પ્રાપ્તિ માટે શ્રી ગૌતમસ્વામીનું તડપન તીવ્ર હતું. તેઓ જેમને દીક્ષા આપીને આવતાં તેમાંથી મોટા ભાગના મુનિજનો કેવળજ્ઞાન પામી જતાં. એ ક્ષણે શ્રી ગૌતમસ્વામી તરફડી ઉઠતા. એમને થતું કે પોતાને કેવળજ્ઞાન પ્રાપ્ત થતું કેમ નથી? એ માટે તેઓ સતત ભગવાનને પૂછતા પણ ખરા. એકવાર પ્રભુની આજ્ઞાથી પોતાની લબ્ધિના બળે તેઓ શ્રી અષ્ટાપદ તીર્થની યાત્રા પણ કરી આવ્યા. અને પાછા વળતા હતા ત્યારે પંદરસો તાપસોને શિષ્ય પણ બનાવતા આવ્યા. એ તાપસ શિષ્યો પ્રભુના શરણમાં પહોંચ્યા ત્યારે કેવળજ્ઞાન પામી ગયા હતા! એ ક્ષણે શ્રી ગૌતમ સ્વામીની પીડા અસીમ બની ગઈ : મને કેવળજ્ઞાન ક્યારે થશે? કિન્તુ શ્રી ગૌતમસ્વામી હંમેશા એમ માનતા હતા કે ભગવાનની કૃપા મને જરૂર તારશે. શ્રી ગૌતમસ્વામી અજોડ પ્રવચનકાર હતા. ભગવાનનું તત્ત્વ તેઓ સૂત્રરૂપે ગૂંથીને શિષ્યોને તથા સંઘને શીખવતા. એમણે જે એ વખતે સૌને શીખવ્યું તે જ છે આજની આપણી મહામૂલી આગમસંપત્તિ!

શ્રી ગૌતમસ્વામીના ગુણકીર્તન સમયે સમયે જ્ઞાનીજનો કરતા જ રહ્યા છે અને સર્વ સમયે તેઓને હંમેશાં એમ થયું છે કે પોતે કરેલી ગુણસ્તુતિ હજુ સાવ નાની છે! શ્રી ગૌતમસ્વામીના ગુણ ગાઈએ તેટલા ઓછા છે!

શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરીશ્વરજી 'શ્રી જૈન મહાવીર ગીતા'માં શ્રી ગૌતમસ્વામીએ પ્રભુ વીરની કરેલી સ્તુતિ રચે છે.

શ્રી ગૌતમસ્વામીના હૃદયમાં પ્રભુનું સ્થાન શું છે તે આ સ્તુતિ વાંચતા આપણને સમજાય છે અને તે સ્તુતિનું ગાન આપણને ભક્તિભાવથી ભીંજવે છે. ગૌતમસ્તુતિનો પ્રારંભ આમ થાય છે.

**केवलज्ञानगम्भीर:, सर्वातिशयभूषित: ।**
**शासनाधिपतिर्विश्वोद्धारक: सुरसेवित:।। १**
**महिम्न: स्तवनात् स्तुत्य, आधार: सर्वदेहिनाम् ।**
**रम्योपदेशदायी त्वं, सर्वशक्तिधरो भवान् ।। २।।**
**जगद्‌गुरुर्महाजन्मा, त्वच्छिक्षा कार्यसिद्धिदा ।**
**त्वत्तुल्यो नास्ति मे स्वामी, जगदीशमहामणि ।।३।।**
**अनन्तास्त्वद्‌गुणा: सन्ति, त्वदन्यो नैव तारक: ।**
**धर्मोद्धारविधाता त्वं, साकारो लोकनायक: ।।४।।**

(શ્રી જૈન મહાવીર ગીતા, ગાથા, ૧, ૨, ૩, ૪)

'તમો કેવળજ્ઞાનથી ગંભીર, સર્વાતિશય શોભિત, શાસનાધિપતિ, વિશ્વોદ્ધારક, દેવો વડે સેવિત છો.'

'મહિમ્ન સ્તવનથી સ્તુતિ યોગ્ય, સર્વદેહિઓનો આધાર, સુંદર ઉપદેશ આપનાર, સર્વશક્તિ ધારણ કરનાર છો.'

'જગદ્ગુરુ મહાજન્મા છો. તમારું શિક્ષાકાર્ય સિદ્ધિ આપે છે. તમારા જેવો મારો સ્વામી નથી. તમે જગદીશ, મહામણિ રૂપ છો.'

'તમારા ગુણો અનંત છે. તારા સિવાય કોઈ તારક નથી. તું ધર્મનો ઉદ્ધારક, વિધાતા, સાકાર લોકનાયક છો.'

શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરીશ્વરજી ગૌતમસ્તુતિમાં જે ભાવમય વર્ણન કરે છે તે અત્યંત સુંદર છે. ગૌતમસ્તુતિ માત્ર શબ્દ રચના નથી, તે હૃદયનો ભાવોદ્ગાર છે. શ્રી ગૌતમસ્વામીના હૃદયમાં પ્રભુ પ્રત્યે બિરાજિત ભક્તિભાવનું શ્રેષ્ઠ આલેખન છે. ઉપર મૂકેલા ચાર શ્લોકોનું સ્વરૂપ પુનઃ પુનઃ સમજવા કોશિશ કરીએ ત્યારે એ સમજાય છે કે શ્રી ગૌતમસ્વામી પ્રભુ વીરને કેવી ઉચ્ચ ભક્તિભાવનાથી ભજે છે. ભક્તને તારનાર ભક્તિ જ હોય છે. 'શક્તિથી અધિક તુજ ભક્તિ મુજ મન વસી'–એવું પૂર્વસૂરિઓનું વિધાન અત્યંત રહસ્યમય છે. સાચો ભક્ત ભગવાનના ગુણગાન કરે છે ત્યારે એ શક્તિ નહીં ભક્તિ માંગે છે. અને ભક્તિની માંગણી કરતી વખતે ભક્તના ચિત્તમાં ભગવાનનું અખિલ સ્વરૂપ હોય છે. જે અહીં ગૌતમસ્વામીએ કરેલી સ્તુતિમાં ધબકી રહ્યું છે. ભગવાનમાં એકાકાર ભક્ત ભગવાન સિવાય ક્યારેય કંઈ જુએ નહીં. એને માત્ર ભગવાન દેખાય. જેમ અર્જુનને પંખીની આંખ દેખાય છે. આવું થાય તો ભગવાનના હૃદયમાં આપણો વાસ થાય અને તે ક્ષણે જે સ્થિતિનું નિર્માણ થાય તે કંઈક આવી હોયઃ

*'મીરાં હૃદયમાં હરિ બિરાજે, હરિ હૃદયમાં મીરાં,*
*એક બાજઠ પર જાણે બેઠાં, મોરપીંછ મંજીરાં.'*

શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરીશ્વરજી ભગવાન મહાવીર વિશે જ્યારે પણ લખે છે ત્યારે તેમની કલમમાંથી ભક્તિ સહજ પણે ગંગાવતરણની જેમ પ્રસ્તુત થાય છે. શ્રી ગૌતમસ્વામી ભગવાનની સ્તુતિ કરતાં કરતાં પ્રભુનો પ્રભાવ પણ પ્રત્યક્ષ કરે છે તે તરફ દૃષ્ટિ કરવા જેવી છે.

'શક્તિનો સ્વામી, જગતમાં વ્યાપ્ય અને વ્યાપક, વિભુ, યોગ્ય અને અયોગ્ય કર્મોમાં સત્યધર્મના બતાવનાર છે.'

'હે બ્રહ્મન, વીર, સર્વલોકનાપતિ, સર્વજગતના મણિ, તમારા ઉપદેશથી લોકો ભવસાગર પાર કરે છે.'

'તું નિરંજન, નિરાકાર, નિત્ય, જગતનો આશ્રય એમ સર્વત્ર તારું નામ કાર્યસિદ્ધિ આપે છે.'

'જ્ઞાન, ભક્તિ કે કર્મયોગની ઉપાસના કરનારમાં રત એવા લોકોના ચિત્રમાં આત્મા, પરમાત્માની એકતા થાય છે અને જન્મનું દુઃખ થતું નથી.'

'કાળ અને સ્વભાવ, નિયતિ વગેરે પાંચ હેતુઓ છે. તારી સેવા અને ભક્તિમાં લીન થયેલાને વિવિધ તર્કથી શો ફાયદો છે?'

('શ્રી જૈન મહાવીર ગીતા' ગાથા ૫, ૬, ૭, ૮, ૯).

અનંત લબ્ધિનિધાન શ્રી ગૌતમસ્વામીની અનન્ય શ્રદ્ધા પરમાત્મા મહાવીર ઉપર જે છે તે નીચેના શબ્દોમાં વ્યક્ત થાય છે :

'તારા નામથી પાપનો નાશ થાય છે. મન ઈચ્છિત ફળ મેળવે છે. તેં રચેલ બધા વેદો તારા વચનમાં રહે છે.'

(શ્રી જૈન મહાવીર ગીતા ગાથા:૧૫)

આંતરિક શ્રદ્ધા માત્ર શબ્દમાં નહીં પણ વર્તનમાં વિકાસ પામવી એ ઘટનાનું મૂલ્ય ઘણું મોટું છે. શ્રી ગૌતમસ્વામીમાં જે શ્રદ્ધા બિરાજમાન છે તે તેમના જીવનમાં પ્રત્યેક પ્રસંગે પ્રગટ થતી જોવા મળે છે. એમ લાગે છે કે વિદ્યમાન જૈન સંઘમાં શ્રી અરિહંત પરમાત્મા પ્રત્યેના પ્રગાઢ શ્રદ્ધાભાવના સંસ્કાર જોવા મળે છે તે શ્રી ગૌતમસ્વામી મહારાજનું પ્રદાન છે. આજથી પચ્ચીસસો વર્ષ પહેલાનો વિષમ સમયકાળ ઐતિહાસિક દૃષ્ટિથી જોઈએ તો સુખ ભરપૂર પણ નથી. એવા સમયમાં શ્રી ગૌતમસ્વામીની અનન્ય શ્રદ્ધા આ વિશ્વની મહાન ઘટના ગણાવી જોઈએ.

શ્રી ગૌતમસ્વામી પ્રભુભક્ત છે. પ્રભુના તત્ત્વના ઉપદેશક છે. પ્રભુના ધર્મના પ્રસારક પણ છે. એમણે હજારો લોકોને ધર્મોપદેશ આપીને દુનિયાને ભગવાન મહાવીરનું તત્ત્વ તો સમજાવ્યું જ, સાથોસાથ પ્રભુ પર સ્થિર શ્રદ્ધા રાખવાથી આત્મકલ્યાણ અવશ્ય થાય છે એ પણ અસરકારક શબ્દોમાં કહ્યું. વાંચોઃ

'ત્રણે જગતમાં તારો મહિમા સર્વથી અધિક છે. તારી આજ્ઞા પ્રમાણે રહેનાર ભક્તોની મુક્તિ ચોક્કસ થાય છે.'

(શ્રી જૈન મહાવીર ગીતા ગાથાઃ ૧૯)

શ્રમણ ભગવાન મહાવીર માત્ર જૈનોના નહીં, સકળ વિશ્વના છે. ભગવાન મહાવીરના પ્રથમ અગિયાર ગણધર બ્રાહ્મણ છે. અનેક ક્ષત્રિય રાજાઓ પ્રભુ પાસે દીક્ષિત થયા છે. અન્ય પણ અનેક મુમુક્ષુઓ નાત-જાતના ભેદ વિના દીક્ષિત થયા છે. આવું જ સ્ત્રીઓનું પણ છે. નાત-જાતના ભેદ વિના અને શ્રીમંત-ગરીબના ભેદ વિના અસંખ્ય સ્ત્રીઓ ભગવાનના સંઘમાં દીક્ષિત થઈને જોડાઈ. ભગવાન મહાવીર તે સમયની લોકભાષા અર્ધમાગધીમાં પ્રવચન કરતા હતા. એ જેમ જાણીતું છે તેમ એ પણ જાણી લેવું જોઈએ કે એમના શિષ્ય શ્રી ગૌતમસ્વામીએ રચેલા સૂત્રો એ જ લોકભાષામાં છે. તે સમયના વિદ્વાનો અને વિચારકો કોઈ પણ ચિંતન કરે તે પૂર્વે ભગવાન મહાવીરની દેશનામાં એ સત્ય વહેતું થાય છે અને જગત આશ્ચર્યમાં ડૂબે છે. આ અપૂર્વ ઘટનામાં સાંકળરૂપે શ્રી ગૌતમસ્વામી સર્વત્ર અને અખંડપણે નિહાળવા મળે છે. તે સમયમાં જ્યારે વિચાર કરીએ છીએ ત્યારે શ્રી ગૌતમસ્વામી પ્રત્યે આપણું મસ્તક અહોભાવથી નમી જાય છે. પરંતુ તેઓ તો માત્ર વિનમ્ર શિષ્યની જ ભૂમિકામાં સર્વત્ર જોવા મળે છે.

થોડાંક શ્લોકાર્થ જોઈએઃ

'હંમેશાં તારા નામથી લોકો ઈચ્છિત વસ્તુઓ મેળવે છે. તારા સિવાય આ પૃથ્વી ઉપર બીજું કશું ઈચ્છિત નથી.'

'દરેક શરીરમાં રહેલ આત્મામાં ગુણો આવિર્ભાવ પામે છે તેને સનાતન તત્ત્વરૂપ મહાવીર જાણવા જોઈએ.'

'સત્તાથી બધા જીવો મહાવીરો છે. મહાવીરની ભક્તિથી બધા મહાવીર થાય છે.'

'બધા જીવો તિરોભાવથી અવ્યક્ત એવા વીરરૂપવાળા છે. આવિર્ભાવથી તે જીવો વીરરૂપે જન્મે છે.'

'તારા વચનો સત્ય છે. તેમાં બધું સમાઈ જાય છે. મારા હૃદયમાં સનાતન તું છે. એમ માનીને તને નમસ્કાર કરું છું.'

'જગતમાં એક જ એવો મહાવીર નિરંજન છે. લોકો જ્ઞાન અને ભક્તિના બળથી તારા જેવા થાય છે.'

'દેવ અસુર વગેરેને પૂજ્ય જિષ્ણુ, વિષ્ણુ, મહાપ્રભુ એવા હે મહાવીર, તારી શક્તિથી મારા હૃદયમાં તું વ્યક્ત થા.'

'સર્વાધાર, મહાવીર, રૂપાતીત, શિવંકર, તારા સ્વરૂપમય એવા લોકો વડે હે પરબ્રહ્મ તું પ્રાપ્ત થાય છે.'

'હે જીનેશ, આર્યાવર્ત ઉપર ઉપકાર કરવા માટે તારો આવિર્ભાવ થયો છે. હે સર્વજ્ઞ, સર્વદેવેશ, બૃહસ્પતિ, તને નમસ્કાર.'

'હે દેવ, દેવોથી સેવીત, અમે તારા દાસાનુદાસ છીએ. હે મહાદેવ, યજ્ઞહિંસા દૂર કરનાર તને નમસ્કાર.'

'તું સર્વમંગલ દાતા છે. વિશ્વોદ્ધારક, યોગિરાજ, વિશ્વભાસ્કર ભાસ્કર, પૂર્ણપ્રેમથી તને નમસ્કાર.'

'વ્યાસ વગેરે મહર્ષીઓને જ્ઞાન આપનાર તને નમસ્કાર. માયાદેવીના પુત્ર બુદ્ધ તને પ્રેમભાવથી સ્તુતિ કરે છે.'

'અંતે તને ગોશાલક સાંખ્ય અનુયાયીઓ સ્તુતિ કરે છે. આર્યદેશના લોકોના ભગવાન તરીકે તું જન્મેલ છે.'

'તેમજ અનાર્ય દેશમાં પણ તારા પાદસેવકો જન્મેલા છે. હે સર્વજ્ઞ, પુરુષોત્તમ તું જ મારું શરણ થાઓ.'

(શ્રી જૈન મહાવીર ગીતા, ગૌતમસ્તુતિ ગાથા ૨૮ થી ૪૧)

શ્રી ગૌતમસ્વામીની આ અનન્ય સ્તુતિ શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરીશ્વરજી ભક્તિભાવપૂર્વક આલેખે છે. એ ભાવના આપણામાં પ્રગટ થાય એવું ઈચ્છીએ. (ક્રમશઃ)

---

# ધર્મમય વિજ્ઞાન

❑ **નેમીચન્દ જૈન** ❑ અનુવાદક : **પુષ્પા પરીખ**

જેઓ ઈમાનદાર વૈજ્ઞાનિક છે તેઓ જ ખરેખર ઈમાનદાર, સાચા અર્થમાં ધાર્મિક છે. અને તેવી જ રીતે જેઓ સંપૂર્ણ નિષ્ઠાપૂર્વક ધાર્મિક છે તેઓ જ પૂરી ઈમાનદારી સહિત સાચા અર્થમાં વૈજ્ઞાનિક છે. ધર્મ અને વિજ્ઞાન બે વિરોધી છેડાઓ નથી; એક જ છે. હા, બંનેમાં એક મૂળભૂત અંતર જરૂર છે. વિજ્ઞાન 'છે' છે અને ધર્મ 'જોઈએ છે' છે. 'જોઈએ છે'નો દરવાજો 'છે'ની ચાવીથી નથી ખુલતો અને 'છે' નો દરવાજો 'જોઈએ છે'ની ચાવીથી નથી ખુલતો. એ ઘણી આશ્ચર્યની વાત છે કે વસ્તુનિષ્ઠ જ્ઞાનની ચાવીથી ધર્મનો દરવાજો ફક્ત ખોલી નથી શકતા પરંતુ સાથે ખુલ્લા દરવાજામાંથી આપણી ભીતર એક અજાયબ પ્રકાશને પણ દાખલ કરી શકીએ છીએ. ધર્મ અને વિજ્ઞાન એ કાંઈ શત્રુઓ નથી, એમની વચ્ચે કોઈ સંવાદ કે વિવાદ નથી. આ બંનેની મિત્રતા સમજીએ તો માનવ મંગલનો પાયો આપણે નાંખી શકીએ.

ધર્મ અને વિજ્ઞાન બંને તર્કની અનુપસ્થિતિમાં એક ડગલું પણ ભરવા શક્તિમાન નથી. બંને માટે તર્કની એક સુસંગત ભૂમિકા જોઈએ. વિજ્ઞાનના માધ્યમથી જ આપણે જીવન અને જગતના બુનિયાદી સિદ્ધાંતો સમજીએ છીએ અથવા સમજી શકીએ છીએ અને ધર્મની ભાવનાશીલતાને લીધે જ એ સિદ્ધાંતોને આપણા જીવનમાં સુદૃઢ કરી શકીએ છીએ. વિજ્ઞાન અને ધર્મની જુદી જુદી અસરને આપણે જ્યાં સુધી પુરી ન સમજી શકીએ ત્યાં સુધી જીવનમાં–જન જીવનમાં–ઉપયુક્ત અભિવ્યક્તિ નહીં આપી શકીએ.

મૂળ વસ્તુની શોધનું બિન્દુ એ જ છે જ્યાં પહોંચીને વિજ્ઞાન અને ધર્મ બે એકાકાર થઈ જાય છે. વાસ્તવમાં ધર્મ અને વિજ્ઞાને જ આપણને જે જરૂરી છે તે ઉપલબ્ધ કરવામાં મદદ કરી છે. હવે એ આપણી જવાબદારી છે કે જે મળ્યું છે એને ચરિત્રની ભાષામાં અનુવાદિત કરી દુનિયામાં એને પ્રગટ કરીએ. આજે એક જ ખોડ છે. આપણે બોલીએ છીએ અતિશય પરંતુ એનો બહુ જ થોડો ભાગ પણ આચરણમાં નથી મૂકતા. એનો અર્થ સીધો છે કે જ્યાં સુધી શબ્દ-યાને-ભાષાની સાથે ચારિત્રને નહિ જોડીએ ત્યાં સુધી ધર્મ અને વિજ્ઞાનની એકતા નહીં દેખાય. જ્યારે મનુષ્ય ધર્મ અને વિજ્ઞાન બંનેને કોઈપણ પૂર્વગ્રહ વગર સમજીને જીવવાનો પ્રયત્ન કરશે ત્યારે જ ધર્મ અને વિજ્ઞાન વચ્ચેની એકતા સમજાશે.

આ સાથે દરેકના મનમાં એક સવાલ જરૂર ઊભો થાય. ધાર્મિક કોણ છે અથવા કોણ થઈ શકે? વૈજ્ઞાનિક કોણ છે અથવા કોણ થઈ શકે? જેણે પોતાની જાતને સ્વાર્થ અને અંધવિશ્વાસથી મુક્ત કર્યા હોય અને અજ્ઞાનરૂપી બેડીનો છેદ કર્યો હોય તે. આથી એ સ્પષ્ટ જણાય છે કે અજ્ઞાનની સાથે હિંસા અને અસત્ય જોડાયેલા છે જ્યારે જ્ઞાન સાથે અહિંસા અને સત્ય. ભ્રાન્તિઓ અને અંધ-વિશ્વાસને દૂર કરી કાર્યકારણના સંબંધના ઔચિત્યની સ્થાપના કરવી એજ ધર્મ અને વિજ્ઞાનનું ઉત્તરદાયિત્વ

✱ ✱ ✱

૬/બી, ૧લે માળે, કૅનવે હાઉસ, વાડીલાલ પટેલ માર્ગ, મુંબઈ–૪૦૦ ૦૦૪.
ટે.નં.: ૨૩૮૭૩૬૧૧;
મો.:૯૮૨૦૫૩૦૪૧૫

# જૈન પારિભાષિક શબ્દકોશ

❑ ડૉ. જિતેન્દ્ર બી. શાહ

**(માર્ચ ૨૦૧૦ના અંકથી આગળ)**

૬૧૩. નરકાવાસ : સાતે ભૂમિઓની જેટજેટલી જાડાઈ છે તેની ઉપર તથા નીચેના એક-એક હજાર યોજન છોડી દઈને બાકીના મધ્ય ભાગમાં નરકાવાસ છે.

सातों भूमियों की जितनी-जितनी मोटाई है उसके ऊपर तथा नीचे के एक-एक हजार योजन को छोडकर शेष मध्यभाग में नरकावास है।

In each of the seven grounds barring an uppermost strip and a lower most strip of 1000 yojanas each the entire remaining thickness has hellish residing places. (i.e.Narakavas)

૬૧૪. નવનવમિકા (તપ): નવનવમિકા એ પ્રતિમા રૂપ તપ છે.

नवनवमिका ये प्रतिमा रूप तप है।

One of the type of penance practised in form of Pratimas.

૬૧૫. નાગકુમાર (દેવ) : નાગકુમાર ભવનવાસિનિકાય.

नागकुमार भवनवासिनिकाय है।

One of the sub type of Bhavanpati nikaya God.

૬૧૬. નામ (નિક્ષેપ) : જે અર્થ વ્યુત્પત્તિસિદ્ધ નથી પણ ફક્ત માત-પિતા અથવા બીજા લોકોના સંકેતબળથી જાણી શકાય છે, તેને નામ (નિક્ષેપ) કહેવાય છે.

जो अर्थ व्युत्पत्ति सिद्ध नहीं है, मात्र माता-पिता या अन्य लोगों के संकेत से जाना जाता है, वह नाम (निक्षेप) है।

The meaning that is not derived etymologically but is gathered on the basis of the convention set up by the father, mother or some other people is meaning of the type called Nama (niksepa).

૬૧૭. નામકર્મ : જેનાથી વિશિષ્ટ ગતિ, જાતિ આદિ પ્રાપ્ત થાય, તે નામકર્મ.

जिसमें विशिष्ट गति, जाति आदि प्राप्त होती है वो नामकर्म है।

On account of which specific gati, jati etc. are attained that is called Namakarma.

૬૧૮. નારક : નરકમાં જન્મ ગ્રહણ કરનાર જીવ નારક.

नरक में जन्म ग्रहण करनेवाले जीव नारक कहलाते है।

The souls which resides in Naraka (hell) are called Naraka (hellish beings)

૬૧૯. નારકાનુપૂર્વી : જીવને નરકગતિમાં લઈ જનારું કર્મ નરકાનુપૂર્વી કહેવાય છે.

जीव को नरकगति में गमन करानेवाला कर्म नरकानुपूर्वी है।

The Karma which causes motion for a jiva to proceed towards narakgati.

૬૨૦. નારક આયુષ્ય : જે કર્મના ઉદયથી નરક ગતિ મળે છે તેને નરક આયુષ્ય કહે છે.

जो कर्म के उदय से नरक गति मिलती है उसे नरकायुष्य कहते है।

The Karma whose manifestation compels a being to lead the life of a hellish being.

૬૨૧. નારદ : ગાન્ધર્વ નામના વ્યંતર દેવનો અવાંતર પ્રકાર.

गान्धर्व नामक व्यंतर देव का अवांतर प्रकार।

One of the subtype of a Vyantaras Dev named Gandharvas.

૨૦, સુદર્શન સોસાયટી, ૨, નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩.

**(વધુ આવતા અંકે)**

# સર્જન-સ્વાગત

❑ ડૉ. કલા શાહ

પુસ્તકનું નામ : **જિનશાસનની અહિંસા**
પ્રવચનદાતા : **આચાર્યદેવ શ્રીમદ્ વિજય યોગતિલકસૂરિશ્વરજી મહારાજા**
પ્રકાશક : **સંયમ સુવાર**
પ્રાપ્તિ સ્થાન : રમેશભાઈ એચ. મુજપુરા, ૩૦૩, શુક્ર એપા. ગોશાળા લેન, મલાડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૯૭.
મો. : ૯૮૨૧૨ ૪૬૪૨૪
મૂલ્યઃ અમૂલ્ય, પાના ૨૬૦,આવૃત્તિ વિ. સં. ૨૦૬૪

જૈન ધર્મ તેના અહિંસા, અનેકાન્ત ને અપરિગ્રહના સિદ્ધાંતો માટે સમગ્ર વિશ્વમાં જાણીતો છે. આ પુસ્તકમાં પૂ. ગુરુદેવે જિનશાસનની અહિંસાના વિષય પર આપેલ વ્યાખ્યાનો પ્રકાશિત કરવામાં આવ્યા છે, જેમાં ૨૨ વ્યાખ્યાનોમાં જૈન ધર્મની દૃષ્ટિએ અહિંસાની-સૂક્ષ્મ અહિંસાની આલોચના કરવામાં આવી છે. આ બાવીસ વ્યાખ્યાનોમાં દ્રવ્યહિંસા, ભાષાહિંસા, દાન અને દાનના પ્રકારો, જીવદયા, સામયિક, શીલ, રાત્રિભોજન, ત્યાગ, પરોપકાર, સાતક્ષેત્ર, મો૭, જિનપૂજા, જિનભક્તિ શ્રાવક, સાધર્મિક તથા મિથ્યાત્વ જેવા વિષયોને સામાન્ય માનવીને સમજાય તે રીતે વાર્તાઓના ઉદાહરણ દ્વારા આલેખ્યા છે. વ્યવહારુ દૃષ્ટિકોણને ધ્યાનમાં રાખીને આચાર્યશ્રીએ અહિંસાની વાતો સરળ ભાષામાં પ્રશ્નોત્તર શૈલીમાં વાચક સમક્ષ મૂકી છે.

વ્યવહારુ દૃષ્ટિકોણને ધ્યાનમાં રાખીને આચાર્યશ્રીએ અહિંસાની વાતો સરળ ભાષામાં પ્રશ્નોત્તર શૈલીમાં વાચક સમક્ષ મૂકી છે.

જૈન ધર્મ વિશેની સાચી અને સારી સમજ આ પુસ્તકના વાંચન દ્વારા થઈ શકે એમ છે. ફક્ત વાંચવા જેવું નહિ પણ આચરવા જેવું આ પુસ્તક છે.

X X X

પુસ્તકનું નામ : **જૈન સજ્ઝાય અને મર્મ**
સંપાદક-વિવેચક : **આચાર્યશ્રી મુનિવાત્સલ્યદીપ**
પ્રકાશક : **ગુર્જર ગ્રંથરત્ન**
ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય,
રતનપોળની સામે, અમદાવાદ-૩૮૦૦૦૧.
ફોન નં. : ૦૨૨-૨૬૬૨૦૪૭૨
મૂલ્યઃ રૂ. ૭૦/-, પાના ૧૬૪,આવૃત્તિ ત્રીજી

જૈન સાહિત્યમાં કાવ્યક્ષેત્રે વિપુલ ખેડાણ થયું છે. જેમાં પૂજા, ચોવીશી, રાસા, ફાગુ, ચૈત્યવંદન જેવી વિશિષ્ટ રચનાઓ અસંખ્ય પ્રમાણમાં પ્રાપ્ત થાય છે. આ સર્વમાં સજ્ઝાય એક વિશિષ્ટ જ્ઞાનયાગી કાવ્ય પ્રકાર છે, સજ્ઝાયનું મૂળ છે સ્વાધ્યાય. આ વિરલ કાવ્યપ્રકાર ગેય છે. સાયંકાલિન પ્રતિક્રમણમાં સાધુ-સાધ્વી મધુર કંઠે ગાય છે. સજ્ઝાયના બે ઉપદેશ છે. તત્ત્વની પ્રરૂપણા અને ઉપદેશ. જૈન સાહિત્યમાં જ્ઞાની સાધુ કવિઓએ પાંચથી કડીથી દસ-ઢાળ સુધીની દીર્ઘ સજ્ઝાયો રચેલી છે. સજ્ઝાય સરળ ભાષામાં મધુર શબ્દોમાં મીઠા શબ્દો દ્વારા સન્માર્ગે જવાનો ઉપદેસ આપે છે.

આ નાનકડા પુસ્તકની ત્રીજી આવૃત્તિ થઈ છે. તેના પરથી સમજાય છે કે સજ્ઝાય લોકપ્રિય કાવ્ય પ્રકાર છે. અહીં પસંદ કરેલી ૫૦ સજ્ઝાયો દ્વારા આચાર્યશ્રીએ એક બાજુ ભાવકને આત્મોપદેશ આપે છે તો બીજી તરફ ધાર્મિક દંભો પર તીખો પ્રહર પણ કરે છે. આચાર્યશ્રીએ વિપુલ સજ્ઝાય સાહિત્યમાંથી પસંદ કરેલ સજ્ઝાયો મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના પ્રતિનિધિ કવિઓની સજ્ઝાયો છે. જેમાં આત્મકલ્યાણો કર્મક્ષય, મોક્ષપ્રાપ્તિ, ભક્તિનો તરવરાટ ભારોભાર ભર્યા છે. જે ગાતાં કે સાંભળતા અલૌકિક આનંદની અનુભૂતિ થાય છે. આ નાનકડા પુસ્તમકાં જૈન તત્ત્વનો અર્ક સમાયેલ છે.

X X X

પુસ્તકનું નામ : **જૈન જ્ઞાન સરિતા**
લેખક : **ડૉ. ઉત્પલા કાંતિલાલ મોદી**
પ્રકાશક : **અર્હમ્ સ્પિરિચ્યુઅલ સેન્ટર સંચાલિત સૌરાષ્ટ્ર કેસરી**
પ્રાણગુરુ જૈન ફિલોસોફિકલ એન્ડ લિટરરી રીસર્ચ સેન્ટર, ઘાટકોપર-મુંબઈ.
એ-૨૩૧, શાસ્ત્રીનગર, પંતનગર, બુદ્ધ મંદિરની સામે, મુંબઈ-૪૦૦૦૭૫. ફોન : ૨૫૦૧૦૬૫૮.
મૂલ્યઃ –, પાના ૧૨૮,આવૃત્તિ પ્રથમ, સપ્ટેમ્બર-૨૦૦૯.

ડૉ. ઉત્પલા મોદીએ વિવિધ સમારોહમાં રજૂ કરેલ પોતાના આ બાર લેખોમાં જૈન ધર્મ, તત્ત્વદર્શન અને સાહિત્યના તેમના ઊંડા અભ્યાસની પ્રતીતિ કરાવી છે. આ પુસ્તકના બાર લેખો વાંચતા સૌ પ્રથમ ઊડીને આંખે વળગે છે. તેમણે કરેલ વિષયની પસંદગી અને વિષય. 'વૈવિધ્ય ઈશ્વર અને જૈનદર્શન' લેખમાં વિવિધ ધર્મોમાં ઈશ્વર અને જૈન ધર્મમાં ઈશ્વર વિષયક માન્યતાને સુંદર રીતે સ્પષ્ટ કરી છે તો ધર્મ અને જીવન લેખમાં ધર્મની પરિભાષા સમજાવી વર્તમાન યુગમાં ધર્મની મહત્તાનું આલેખન કર્યું છે. જૈન ધર્મના તાત્ત્વિકવિષયમાં 'ષટ્દ્રવ્ય', 'બાર ભાવના', 'પ્રતિક્રમણ', 'કરમનો કોયડો', 'સંલેખના' વગેરેમાં તત્ત્વદર્શનની ગહનતા સરલ શૈલીમાં આલેખી છે. કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્યે રચેલ 'વીતરાગ સ્તોત્ર'નો કાવ્યાત્મક પરિચય તેમણે કરાવ્યો છે. આ લેખોની નોંધપાત્ર વિશેષતા એ છે કે તેમણે આપેલ અનેક તત્ત્વજ્ઞાનીઓ, અનેક ગ્રંથોના સંદર્ભો, દષ્ટાંતો અને કાવ્યામય પંક્તિઓ લેખોના વિષયને ઉપકારક બને છે.

જૈન તત્ત્વદર્શન વિષયમાં ડૉ. ઉત્પલા મોદીનું આ પ્રદાન નોંધપાત્ર છે.

X X X

પુસ્તકનું નામ : **યોગદૃષ્ટિથી જીવનદૃષ્ટિ બદલીએ**
લેખક : **મુનિ સંયમકીર્તિ વિજય**
પ્રકાશક : **હરસુખભાઈ ભાયચંદ મહેતા પરિવાર**
૨૦૩, વાલકેશ્વર રોડ, પેનેરમા, ૫ઠ્ઠે માળે, મુંબઈ-૪૦૦ ૦૦૬. ફોનઃ ૦૨૨-૨૬૯૦૬૦૩, ૨૬૯૦૬૦૮.
મૂલ્યઃ –, ચિંતન મનન, પાના-૧૨૮, આવૃત્તિ બીજી, વિ. સં. ૨૦૬૫.

વર્તમાન યુગનો માનવી ભટકી રહ્યો છે તે સાચા સુખની શોધમાં છે પણ તે એને મળતું નથી. આવા માર્ગ ભૂલેલા પથિકને મુનિશ્રી આ પુસ્તક દ્વારા-યોગદૃષ્ટિ દ્વારા જીવન જીવવાનો માર્ગ બતાવે છે. આત્માને દુઃખદ ભવભ્રમણમાંથી મુક્ત કરી સાચા સુખની પ્રાપ્તિ માટે વિભાવદશા, સ્વભાવદશા, સકામનિર્જરા વગેરેનું સ્વરૂપ આ પુસ્તકમાં આલેખ્યું છે.

આત્મિક સુખની પ્રાપ્તિ માટે વિભાવદશાનો તયાગ કરી સ્વભાવ દશામાં જવું તથા સ્વભાવ દશામાં આવતાં અવરોધોનો નાશ કેવી રીતે કરવો તે સમજાવ્યું છે. આ બધાં પ્રશ્નોના સમાધાનો યોગ અને અધ્યાત્મગ્રંથોમાં જોવા મળે છે તે ગ્રંથોના આધારે વિવિધ સ્થળોએ મુનિશ્રી આપેલ વ્યાખ્યાનોનો સંગ્રહ કરી આ પુસ્તક પ્રકાશિત કરવામાં આવ્યું છે.

પ્રથમ ભાગમાં ત્રણ યોગદૃષ્ટિ દ્વારા જીવન જીવવાની રીત સરળ ભાષામાં સમજાવી છે.

આવા પુસ્તકોના વાંચન દ્વારા જટિલ જીવન જીવવાનું સરળ બનાવી શકાય છે. ✷✷✷

બી-૪૨, દયાનંદ સોસાયટી,
એ-૧૦૪, ગોકુલ-ધામ, ગોરેગામ (ઈસ્ટ),
મુંબઈ-૪૦૦ ૦૬૩. ફોન નં. : (022) 22923754

Regd. With Registrar of Newspapers for India No. R. N. I. 6067/57
Posted at Patrika Channel sorting office Mumbai-400 001. On 16th of every month • Regd.No.MH/ MR/SOUTH-146/2009-11



## પ્રેમનું તેલ

❑ ગીતા જૈન

૨૬-મે-૨૦૦૯એ મધ્ય પ્રદેશના ગુના નગરે યોગ શિબિર સંચાલનાર્થે જવાની તૈયારી ચાલી રહી હતી, ને વડોદરાથી શ્રી પ્રદીપભાઈ પંડ્યાનો ફોન આવ્યો કે આખરે એમના ૧૬વર્ષના પુત્ર શિવમ્‌નું પેન્ક્રીયાસનું ઑપરેશન કોચીન કરવાનું નક્કી થયું છે. સામાન્ય રિક્ષા ડ્રાઈવરનું અઢી-ત્રણ લાખના ખર્ચ આસપાસનું ગજું તો ન જ હોય, ઉપરાંત કોચીન પહેલીવાર જવાનું હોઈ એની ગભરામણ અને ત્યાં ભાષાનો પણ પ્રશ્ન તો હોય જ!

આશરે બે વર્ષ પૂર્વે વડોદરામાં મોડી રાત્રે પ્રદીપભાઈ અમને અચાનક મદદરૂપ થયા હતા, આથી એમના પુત્રની સમસ્યા વિષે અમે અવારનવાર વાત કરતા, નાની મોટી સહાય પણ કરતા, એમાં વડોદરાના શિબિરાર્થી શ્રી જયંતભાઈ દેઢિયાનો સહયોગ મળતો.

કોચીનમાં ખાસ કોઈ પરિચય નહીં, એટલે મેં કોઈમ્બતુરનાં શ્રી પ્રદીપભાઈ લોડાયા (યોગ શિબિરના આયોજક)નો સંપર્ક કરી, વિગતો જણાવી કે જો કોચીનમાં કોઈ સાથે વાત થાય તો પ્રદીપભાઈ પંડ્યાને રહેવા-જમવાની સગવડ થાય તો સારૂં-ભાષાની સમસ્યાનો ઉકેલ આવે.

પ્રદીપભાઈએ કોચીનમાં શ્રી ધર્મેશભાઈ આર. નાગડાનો સંપર્ક કર્યો. એ દિવસે કોચીનમાં મુશળધાર વરસાદ-ધર્મેશભાઈ કોર્ટના કાર્યમાં રોકાયેલા હતા, વળી હૉસ્પિટલ એમના સ્થાનથી ઘણે દૂર!

સ્વામી વિવેકાનંદે કહ્યું છે, 'કર્તવ્ય ભાગ્યે જ કોમળ હોય છે. પૈડામાં પ્રેમનું તેલ પુરાય ત્યારે જ એ સરળતાથી વહે છે.'

પ્રેમનું તેલ પૂરવા ધર્મેશભાઈએ બધી મુસીબતોને ઓળંગીને હૉસ્પિટલમાં ફોન કર્યો, જાતે મળવા ગયા, કોઈમ્બતુરના પ્રદીપભાઈએ પોતાના વતી રૂા. ૨૫,૦૦૦ આપવા કહ્યું હતું તો ધર્મેશભાઈએ પોતાના તરફથી પણ રૂા. ૨૫,૦૦૦ ઉમેર્યા અને રૂા. ૫૦,૦૦૦ એ જ દિવસે પહોંચતા કર્યા.

તદ્દન અજાણી જગ્યાએ હૉસ્પિટલમાં મુંઝાયેલી હાલતના શિવમ્‌ના માતા-પિતા આવો સહયોગ મેળવી કેટલા ખુશ થયા હશે!

હું મધ્ય પ્રદેશના ગુનામાં હતી, ધર્મેશભાઈએ મારી સાથે ફોન પર સતત સંપર્ક રાખ્યો! મારો એમને કોઈ પરિચય નહીં, છતાં એમણે એક ફોનથી આવડી મોટી રકમ એક અજાણ્યા રિક્ષા-ડ્રાઈવરના પુત્ર માટે ફાળવી. ઘણીવાર માણસ પૈસા આપીને છૂટી જાય-અહીં તો એમણે ખડે પગે સેવા કરી, ડૉક્ટરને મળ્યા, આખી વાત સમજી, મને જણાવી, શિવમ્‌ના માતા-પિતાને માનસિક ટેકો આપ્યો, આર્થિક સહયોગ આપ્યો. મેં એમને આર્થિક મદદ કરવાનું કહ્યું પણ ન હતું. બંને ભાઈઓએ સ્વેચ્છાએ હાથ લંબાવ્યો.

હૉસ્પિટલમાંથી રજા મળતાં જ, હૉસ્પિટલની સામે જ આવેલી હૉટલમાં રહેવા સૂચના આપી. જેથી ઈમરજન્સીમાં તરત તબીબી મદદ મળી શકે. અઠવાડિયા પછી ડૉક્ટરે વડોદરા જવાની રજા આપી ત્યારે સ્ટેશન પર જઈ ત્રણ-ચાર દિવસ ચાલે એટલું ભાથું પણ આપ્યું. એક મહિના પછી ફરી ચેક-અપ માટે કોચીન આવવાનું થશે ત્યારે પણ વિના સંકોચે જણાવજો. એવું કહીને ભાવભરી વિદાય આપી.

તદ્દન અજાણ્યા બાળક માટે, મારા એક માત્ર ફોનથી પડખે ઊભા રહેનારા પ્રદીપભાઈ લોડાયા અને ધર્મેશભાઈ નાગડાએ જ્ઞાતિબંધુની ઉમદા લાગણી વહાવી મને અજબગજબની હૂંફ પૂરી પાડી છે!

વડોદરા પહોંચેલા પ્રદીપભાઈ પંડ્યાનો ફોન પર હાશકારો સાંભળીને ખરેખર હું ઝૂકી જ ગઈ!

✻ ✻ ✻

૧૨, હીરા ભુવન, કુણાલ જૈન ચોક,
વી. પી. રોડ, મુલુંડ (પ.), મુંબઈ-૪૦૦ ૦૮૦.

## પંથે પંથે પાથેય...

### સાધ્વી ભક્તિશીલાજીએ પીએચ.ડી.ની ડૉ. ડીગ્રી પ્રાપ્ત કરી

શ્રવણસંઘના પૂ. ડૉ. ધર્મશીલાજી મ.સ.ના સુશિષ્યા સાધ્વી ભક્તિશીલાજીએ 'જૈન ધર્મમાં કર્મ સિદ્ધાંત'ના વિષય ઉપર પીએચ.ડી. ડીગ્રી માટે પુના યુનિવર્સિટીના ડૉ. કાંચન માંડેના માર્ગદર્શન હેઠળ મહાનિબંધ લખેલ જેનો સ્વીકાર કરવામાં આવેલ છે.

પૂ. ભક્તિશીલાજીએ આ ડીગ્રીનો યશ તેમના ગોરાણી ડૉ. ધર્મશીલાજીની પ્રેરણા અને ડૉ. ચારીત્રશીલાજીના માર્ગદર્શનને આભારી છે.

### સાહિત્ય સંગીત રત્ન પ્રૉ. પ્રતાપકુમાર ટોલિયા દ્વારા મહાવીર કથા

વિલેપાર્લે સ્થિત 'ચિંતન' સંસ્થા દ્વારા એપ્રિલ ૨૪ના સાંજે સાડાસાત, તા. ૨૫ સવારે સાડા નવ અને તા. ૨૬ના સાંજે સાડા સાતે, શ્રી ઘેલાભાઈ કરમચંદ ટ્રસ્ટ, શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન દેરાસરના ઉપાશ્રય-વિલેપાર્લે (વેસ્ટ), સ્ટેશન ફાટક પાસે પ્રૉ. પ્રતાપકુમાર ટોલિયા ધ્યાન સંગીત સાથે મહાવીરના જીવન પ્રસંગો વર્ણવતાં મહાવીર કથા પ્રસ્તુત કરશે.

સર્વે જિજ્ઞાસુઓને આમંત્રણ છે.

**મેનેજર**

Printed & Published by Niroobahen Subodhbhai Shah on behalf of Shri Mumbai Jain Yuvak Sangh and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industrial Estate, Dadaji Konddev Cross Rd, Byculla, Mumbai-400 027. And Published at 385, SVP Rd., Mumbai-400004. Temparary Add. : 33, Mohamadi Minar, 14th Khetwadi. Mumbai-400004. Tel.: 23820296. Editor: Dhanwant T. Shah.